Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકના બે બોલ.

"પ્રિય બાળકો! આ ચોપડી તમારા માટે લખવામાં આવી છે. પરોપકાર કરતાં કેટલાંક છોકરાંએ કેટલું બધું દુઃખ વેઠ્યું છે; પોતાનાં માબાપ તથા ભાઈબહેન તરફ પ્રેમ દેખાડતાં તેમણે કેટલી બધી વિપત્તિ ભોગવી છે; તેમજ સત્યને માટે તથા પ્રમાણિકપણાને માટે ઘણાંક છોકરાંએ કેવી સારી ચાલ ચલાવી છે; તેના ખરા બનેલા દાખલા આ ચોપડીમાં તમે વાંચશો. જો એ પ્રમાણે ચાલવાનો તમે પણ ખરા મનથી યત્ન કરશો તો જરૂર તે પાર પડશે અને કોઈ વેળાએ તમે પણ તેમના જેવા પ્રખ્યાત બનીને ઇશ્વર તેમજ જગત બંનેના પ્રીતિ પાત્ર થશો, એમાં સંદેહ નથી. તા૦ ૧-૧૨-૦૩."

સ્વ૦ સાધુપુરુષ નારાયણ હેમચંદ્ર, જેઓ નાનાં મોટાં સેંકડો પુસ્તકોનાં ભાષાંતર લખીને તથા છપાવીને તેમના સમયમાં ગુજરાતી વાંચકવર્ગની બહોળી સેવા બજાવી ગયા છે; તેમણે વાંચનાર બાળકો પ્રત્યે સુચનારૂપે ઉપલો સુંદર ફકરો લખેલો છે. એમણે "સદ્વર્તન-શાળી બાળકો" "છોકરાંનાં સારાં કામ" અને "બાળબોધક વાર્તાઓ" એ ત્રણ નાનાં પુસ્તકોમાં બાળકોની ઉમદા વર્તણુકના જે ખરા બનેલા અને અસરકારક દાખલાઓ આપેલા હતા; તેમાંના ઘણા ખરા દાખલા બાળકોને માટે ખાસ બોધપ્રદ જણાવાથી તેના સંગ્રહરૂપે ભાષા વગેરેમાં યથાશકય સુધારો કરીને આ પુસ્તક "સદ્ગુણી બાળકો" એ નામથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પાંચમી આવૃત્તિ વખતે પણ ભાષા વગેરેમાં બનતું સંશોધન થવા ઉપરાંત કેટલાક એક બીજાને મળતા આવે તેવા દાખલાઓ કમી કરવામાં આવ્યા છે. દાખલાઓમાં આવતાં અટપટાં વિદેશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામો આ દેશનાં બાળકોને માટે વાંચવા તથા યાદ રહેવામાં અઘરાં પડે એમ લાગવાથી, આ આવૃત્તિમાં બન્યું ત્યાં ત્યાં નામો વિનાજ ચલાવી લીધું છે; અને કોઈ કોઈ દાખલાઓમાં દેશી નામો પણ યોજવામાં આવ્યાં છે. કોમળ બાળકોના હિતને અંગે આશા છે કે આ ફેરફાર યોગ્યજ ગણાશે. આ પુસ્તકની આગલી આવૃત્તિ વખતે તેનું મૂલ્ય મોઘારતને લીધે વધવા ન પામે તે બદલ સહેજે સહેજે જે આર્થિક સહાય આવી મળેલી; તેવા સુયોગના અભાવે આ આવૃત્તિની કિંમતમાં (પુસ્તકનું કદ કેટલુંક ઘટવા છતાં પણ) એક આનાનો વધારો થવા પામ્યો છે. લડાઈ પૂર્વના સમય કરતાં હજી દરેક જાતના ખર્ચ અઢીથી ત્રણ ગણા રહ્યા છે, તે જોતાં એ વધારો નજીવોજ ગણાશે.

આ સંસ્થાએ પ્રકટ કરેલાં બાલોપયોગી ત્રણે પુસ્તકો મુંબઈ અને વડોદરાનાં કેળવણી ખાતાંઓ તરફથી તો ઈનામ અને લાઇબ્રેરી માટે મંજૂર થએલાંજ છે. ઉપરાંત સુરત રાષ્ટ્રીય કેળવણી મંડળ તરફથી પણ પહેલા, બીજા તથા ત્રીજા ધોરણનાં પાઠ્ય પુસ્તકો તરીકે **બાળસદ્બોધ, બાળકોની વાતો** તથા **સદ્ગુણી બાળકો** પસંદ કરવાથી તેની જે માગણી વધી પડી; તેથીજ આ આવૃત્તિ સત્વર પ્રસિદ્ધ થવા પામી છે.

સ્વ૰ નારાયણ હેમચંદ્રનાં તમામ પુસ્તકો આવી રીતે સસ્તી કિંમતે બહાર પાડવાની પરવાનગી તેમના ભત્રીજા રા. વનમાળી વિઠ્ઠલ હેમચંદ્ર તરફથી નિષ્કામભાવે મળવા બદલ આ પ્રસંગે પણ તેમના આભારને યાદ કરી ૐ **તત્ સત્.**

ગોકુળ અષ્ટમી–સં. ૧૯૭૮.

ભિક્ષુ–અખંડાનંદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા.

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
૧	પરમ શ્રદ્ધાળુ અને દૃઢ સત્યાગ્રહી ભક્તરાજ પ્રહ્‌લાદ ...	૧
૨	ઈશ્વરનો પરમ ભક્ત ધ્રુવ.	૪
૩	માબાપની સેવા ઉઠાવનાર શ્રવણ.	૬
૪	પિતાની કઠણ પ્રતિજ્ઞા પાળનાર શ્રીરામચંદ્ર.	૮
૫	મોટાભાઈ પ્રત્યે અસાધારણ ભક્તિ બતાવનાર ભરતજી.	૧૦
૬	ઉપરના જેવોજ શ્રીલક્ષ્મણજીનો દાખલો.	૧૧
૭	પિતૃભક્ત ભીષ્મદેવ.	૧૨
૮	મહા દુઃખે ગુરૂનું નુકસાન અટકાવનાર આરૂણિ.... ...	૧૬
૯	સ્વદેશને માટે પ્રાણ આપનાર વીર બાળક પુત્ત. ...	૧૭
૧૦	એક બંગાળી બાળકની પ્રમાણિકતા....	૧૯
૧૧	દયાળુ રાજપુત્ર મૂળરાજ....	૨૦
૧૨	ઉડીસાનો માતૃભક્ત બાળક....	૨૨
૧૩	આફત વેળા કિંમતી વસ્તુઓને બદલે માબાપને લઇ નાઠેલા પુત્રો....	૨૪
૧૪	પિતાને બચાવવા પ્રાણ આપનાર છોકરો.... ...	૨૫
૧૫	માની દવા કરાવવા સારૂ ભીખ માગનાર છોકરો.... ...	૨૮
૧૬	માતાને માટે કપડાં વેચનાર બાળકી....	૩૧
૧૭	કાકાની મરણક્રિયા માટે દુઃખ વેઠનાર ભત્રિજી.... ...	૩૪
૧૮	માબાપના ભલા માટે દુઃખ વેઠનારી છોકરી.... ...	૩૬
૧૯	માબાપને ખાતર પોતાના દાંત વેચનાર છોકરી.... ...	૩૯
૨૦	પિતાને બદલે ફાંસીએ ચડવા તૈયાર થએલો છોકરો....	૪૦
૨૧	ભારે મહેનત કરી બાપનું કરજ ભરનારી છોકરી....	૪૦
૨૨	મોટા ભાઇને બદલે દરિયામાં પડનાર નાનો ભાઈ.... ...	૪૧
૨૩	ભાઈને માટે દુઃખ વેઠનાર છોકરો.	૪૪
૨૪	નાનાં ભાઇબહેનને માટે જીવ આપનાર બાળકી.	૪૬
૨૫	બહેનને હડકાયા કૂતરાથી બચાવનાર છોકરો....	૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬ બે મિત્રો વચ્ચેનો ઉત્તમ પ્રેમ.... ... ... ૪૮
૨૭ મહેતાજી ઉપર એક છોકરાનો પ્રેમ.... ... ... ૫૨
૨૮ ભુંડું કરનારનું ભલું કરનાર છોકરો.... ... ... ૫૪
૨૯ એક સાચા બોલો છોકરો.... ... ... ૫૫
૩૦ પ્રમાણિકપણાથી પ્રખ્યાતિ મેળવનાર છોકરો. ૫૬
૩૧ એક વીશીવાળા છોકરોની ઇમાનદારી. ૫૭
૩૨ ગરીબ છોકરાનું પ્રમાણિકપણું...... ... ... ૫૮
૩૩ વિશ્વાસ રાખવા લાયક છોકરો.... ... ... ૫૯
૩૪ સાચા બોલો વ્યાપારી છોકરો. ૬૧
૩૫ લાલચથી દૂર રહેનાર છોકરો.... ... ... ૬૨
૩૬ પોતાનો ગુન્હો કબૂલ કરનાર છોકરો.... ... ... ૬૪
૩૭ નુકસાન ભરી આપનાર છોકરો. ૬૫
૩૮ જુઠું બોલવા કરતાં મરવાનું કબૂલ કરનાર છોકરો. ... ૬૬
૩૯ નેપોલિયનની સાચવટ.... ... ... ૬૮
૪૦ ચોરી ન કરતાં માગીને લેનાર છોકરો. ૭૦
૪૧ જ્યોર્જ વૉશિંગ્ટનની બચપણમાં સાચવટ. ૭૧
૪૨ જડેલી વસ્તુ ધણીને પાછી સોંપનાર છોકરો. ૭૨
૪૩ લાલચમાં ન પડવાથી ધનવાન થયેલો છોકરો. ૭૪
૪૪ પોતાનું વચન પાળનારો ભરવાડનો છોકરો.... ... ... ૭૭
૪૫ ત્રણ માણસોને આગમાંથી ઉગારનાર છોકરો. ૮૦
૪૬ આગગાડીને બચાવતાં જીવ આપનાર છોકરો. ૮૧
૪૭ દુઃખ વેઠીને રેલગાડી બચાવનારી છોકરી.... ... ... ૮૨
૪૮ સંકટમાં ફસેલાઓને બચાવનાર દયાળુ છોકરો. ૮૪
૪૯ ગરીબ ખેડુતને માટે બંદીખાનામાં જનાર છોકરો.... ... ૮૬
૫૦ રોગીઓની સેવા કરનાર મેલીડન સાઉન.... ... ... ૮૭
૫૧ ગામને તણાતું બચાવનાર છોકરો.... ... ... ૮૯
૫૨ અશક્ત છોકરાને બદલે કામ કરનાર છોકરો.... ... ૯૧
૫૩ દુકાળમાં મદદ કરવાને ખાંડ છોડનાર છોકરો.... ... ૯૧
૫૪ એક ડોસાને મદદ કરનારી બાળકી.... ... ... ૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૫ અપરાધીને સુધારનાર બાળકી.... ... ... ૯૩
૫૬ એક ગરીબ લંગડા છોકરાનો પરોપકાર.... ... ... ૯૫
૫૭ ગાડાવાળાને મદદ કરનાર છોકરો.... ... ... ૯૬
૫૮ ચોપડી ભેટ આપનાર પરોપકારી છોકરી. ૯૮
૫૯ મફત ઈંટો પહોંચાડી દેવળ તૈયાર કરનાર છોકરો. ... ૧૦૦
૬૦ ગરીબ છોકરીના એક રૂપિયાએ લાખો રૂપિયા
ખેંચી આણ્યા ૧૦૧
૬૧ શેઠના કુટુંબનું પાલન કરનાર ચાકરડી. ૧૦૨
૬૨ દુઃખી મુસાફરની સેવા કરનાર છોકરો. ૧૦૪
૬૩ માણસોને ડૂબતાં બચાવનાર છોકરો. ૧૦૫
૬૪ પોતાનું વચન પાળી બીજાને સુધારનારો છોકરો.... ૧૦૭
૬૫ અનેક વહાણોને બચાવનારી નાની છોકરી. ૧૦૮
૬૬ વહાણમાંનાં માણસોને બચાવનાર છોકરી. ૧૧૦
૬૭ સાચા બોલો ડાહ્યો. ૧૧૧
૬૮ એક પ્રમાણિક ગરીબ છોકરો. ૧૧૩
૬૯ એક છોકરીનો ઇશ્વર ઉપર વિશ્વાસ. ૧૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુ પ્રાર્થનાની ગઝલ.

" કરો રક્ષા વિપદ માંહી " ન એવી પ્રાર્થના મારી;
" વિપદથી ના ડરૂં કો દિ," પ્રભો ! એ પ્રાર્થના મારી.
" ચહું દુઃખ તાપથી શાંતિ " ન એવી પ્રાર્થના મારી;
" સહુ દુઃખો શકું જીતી, " પ્રભો ! એ પ્રાર્થના મારી.
" સહાયે કો ચઢે આવી, " ન એવી પ્રાર્થના મારી;
" તૂટો ના આત્મબળ દોરી," પ્રભો ! એ પ્રાર્થના મારી.
" પ્રભો ! તું પાર ઉતારે, " ન એવી પ્રાર્થના મારી;
" તરી જાવા ચહું શક્તિ," પ્રભો એ પ્રાર્થના મારી.
" તું લે શિરભાર ઉપાડી," ન એવી પ્રાર્થના મારી;
" ઉઠાવી હું શકું સહજે, " પ્રભો એ પ્રાર્થના મારી.
" સુખી દિને સ્મરૂં ભાવે, " દુઃખી અંધાર રાત્રિએ;
" ન શંકા તું વિષે આવે, " પ્રભો એ પ્રાર્થના મારી.

ક. વિ. મ્હેતા.

રવિ બાબુના એક ગીત ઉપરથી.

બીજી ગઝલ.

અમારા બાહુમાં બળ દે, અહોનિશ દેશહિત કરવા;
અમૂલું બુદ્ધિનું બળ દે, અનેરાં દેશહિત કરવા.
અમોને ધૈર્ય ને શાંતિ, સદા દે દુઃખ સહવાને;
દયા દે ઊંડી હૃદયે તું, દીનોનાં દુઃખ દહવાને.
સદા સદ્ગુણ દે અમને જીવનની ઉન્નતિ કરવા;
તજાવી દેહની પરવા, સદા દે દેશની પરવા.
મુસલમાનો અને હિંદુ બધામાં સંપ તું દેજે;
ઉંડો ઉત્સાહને આશા, વળી આસ્થા ભરી દેજે.
ગરીબી યા અમીરીમાં, સદા જનસેવ તું દેજે;
વળી આચાર વાણીને વિચારે ઐક્ય તું દેજે.

મણિલાલ મોતીલાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદ્‌ગુણી બાળકો.

૧. પરમ શ્રદ્ધાળુ અને દૃઢ સત્યાગ્રહી ભક્તરાજ પ્રહ્લાદ.

આગલા વખતમાં આપણા દેશમાં એક હિરણ્યકશ્યપ નામે બહુ જોરાવર રાજા થઈ ગયો. "બધું મારાજ બળથી થાય છે અને ઇશ્વર જેવું કશું છેજ નહિ" એવા નાસ્તિક વિચારનો તે હતો. તેણે પોતાના છોકરા પ્રહલાદને એક હુશિયાર મહેતાજીની પાસે ભણવા મૂક્યો. પ્રહલાદ મૂળથીજ ધાર્મિક સ્વભાવવાળો હતો. મહેતાજીની પાસે ભણવાની સાથે સાથે તે ઇશ્વર સંબંધી અને ધર્મ સંબંધી વાતો પણ પૂછતો. મહેતાજી રાજાના નાસ્તિક મતને જાણતો હોવાથી તે કુંવરને પોતાનો પાઠજ કર્યા કરવાનું કહેતો હતો; પણ પ્રહલાદ પોતાની બાબતને પડી ન મૂકતાં દરરોજ મહેતાજીને ઇશ્વર વિષે પૂછતો રહેતો અને તેનો ખરો જવાબ મહેતાજીને આપવોજ પડતો. આથી ધીરે ધીરે પ્રહલાદને ઇશ્વર ઉપર બહુજ વિશ્વાસ અને ભાવ ઉત્પન્ન થયો.

એક દહાડો પ્રહલાદના પિતાએ તેની પરીક્ષા લેવા માંડતાં પ્રહલાદે ઇશ્વરના મહિમાનું તથા તેની અગાધ દયાનું વર્ણન કર્યું. રાજા આથી ગુસ્સે થઈને કહેવા લાગ્યો કે "જગતમાં હુંજ સર્વ રાજાઓનો રાજા છું. ઇશ્વર જેવી કોઇ ચીજ નથી; ને હોય તો પણ તે મારા કરતાં બળવાન નથી. માટે તું હવે ઇશ્વરનું નામ લેતો નહિ." ઇશ્વરમાં પ્રહલાદનો પાકો વિશ્વાસ બેઠેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી તેણે પોતાના પિતાને ઇશ્વરની કરૂણાનાં અનેક ઉદાહરણ બતાવ્યાં. રાજા તો આથી ઉલટો વધારે ગુસ્સે થયો અને મહેતાજીને બોલાવીને કહ્યું કે "જો હવેથી આ છોકરો પરમેશ્વરનું નામ દેશે તો તમનેજ સજા કરવામાં આવશે. માટે તમે તેને હવે ધર્મ સંબંધી જ્ઞાન આપશો નહિ; પણ ઇશ્વર મારો વૈરી છે તેવો ઉપદેશ આપજો." પ્રહલાદને તો દિવસે દિવસે ઇશ્વર ઉપર અને ધર્મ ઉપર વિશ્વાસ વધ્યાજ કરતો હતો. એક દિવસ રાજાએ ફરીથી પ્રહલાદની પરીક્ષા લેવા માંડી. પણ છોકરાએ તો ઇશ્વરની મહાન દયા અને શક્તિ વગેરેજ કહી બતાવ્યું. રાજા આથી બહુ ગુસ્સે થયો અને તેણે કહ્યું કે "તું ઇશ્વરનું નામ ન લે. ઇશ્વર મારો વૈરી છે." પ્રહલાદે કહ્યું કે "**પ્રભુનીજ શક્તિથી તથા દયાથી હું અને તમે જીવીએ છીએ. માટે તેજ મહાન છે; માણસ મહાન નથી.**" આવું સાંભળી રાજાને બહુજ રીસ ચડી અને તે બોલ્યો કે "ઇશ્વર તો ક્યાંય દેખાતો નથી; અને હું તો પ્રત્યક્ષ જેમ ધારૂં તેમ કરવા શક્તિમાન છું. મારા આગળ તારે ઇશ્વરનું નામ નહિ લેવું." તે છતાં પ્રહલાદે પોતાનો મત છોડયો નહિ. તેથી રાજાએ ક્રોધાયમાન થઈને કહ્યું કે; "ઇશ્વર જો કરૂણામય હોય તો હું તને મારીજ નાખવા માગું છું અને તે કેવોક જીવાડે છે તે જોઉં છું." પછી તેણે પ્રહલાદ ઉપર વાઘ, સાપ વગેરે હિંસક પ્રાણીઓ છોડી મૂકયાં. પણ પ્રહલાદની શ્રદ્ધાના બળને લીધે તે તેને કંઈજ કરી શકયાં નહિ. હિરણ્યકશ્યપને હવે તો બહુજ ગુસ્સો ચડયો. પછી તેને પહાડ ઉપરથી નાખી દઇને મારી નાખવાની નોકરોને આજ્ઞા આપી. પણ ઇશ્વરે તેમાંથીએ તેનો બચાવ કર્યો. આવી રીતે બીજાં પણ ઘણી જાતનાં પ્રહલાદને તેના બાપે કષ્ટ આપ્યાં; પણ ઈશ્વર ઉપરના તેના અડગ વિશ્વાસમાં ફરક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયો નહિ. એવા દુઃખને તે તો સુખજ સમજવા લાગ્યો. **ખરા વિશ્વાસુઓ દુઃખને પણ સુખદાયકજ સમજીને, ઈશ્વર જે કરે છે તે સારા માટેજ કરે છે એવું માને છે.** છેવટે રાજાએ એક લોઢાના મોટા થાંભલાને તપાવી લાલચોળ કરાવ્યો; અને પ્રહલાદને એ થાંભલાને ભેટવાની આજ્ઞા કરીને કહ્યું કે "તારો ભગવાન સર્વવ્યાપક, સર્વશક્તિમાન અને દયાળુજ હશે તો તને બચાવશે; અને કશી પીડા થવા દેશે નહિ." પ્રહલાદ તરતજ ભગવાનનું સ્મરણ કરીને તે ધગધગતા લોહ-સ્તંભને ભેટવા દોડયો. કેમકે "ભગવાન તેને દઝાવા દેશે તોપણ તે તેના ભલાનેજ માટે હશે; અને નહિ દઝાવા દે તો તે પણ ભલાને માટેજ હશે." એવો તેને દૃઢ વિશ્વાસ હતો. વિશ્વાસના આવા દૃઢ બળને લીધે કુદરતી નિયમ પ્રમાણે તરતજ એક મહાન ચમત્કાર બન્યો. તે ધગધગતો લોઢાનો સ્તંભ એકદમ ફાટયો અને તેમાંથી માણસ તથા સિંહ બેઉને મળતો આવે એવો એક આકાર પ્રકટ થયો. ભગવાનના મુખ્ય અવતારોમાંના "નૃસિંહાવતાર" તરીકે હજી પણ એ આકાર આપણા દેશમાં પૂજાય છે.

નૃસિંહ ભગવાને ધગધગતા લોહસ્તંભમાંથી પ્રકટ થઇને તરતજ હિરણ્યકશ્યપને પકડયો અને તેનો નાશ કર્યો. પછી પ્રહલાદે અને બીજા સર્વેએ નૃસિંહ ભગવાનની સાચા ભાવથી સ્તુતિ કરી; અને ભગવાન સર્વને શાંતિ તથા આશિષ આપીને અંતર્ધ્યાન થયા.

પ્રહલાદ એ પછી રાજગાદીએ બેઠો અને સર્વ રૈયતનું રક્ષણ કરવા સાથે લોકોમાં સુખ, સદ્‌ગુણ અને સાચું જ્ઞાન ફેલાય તેમ કરવામાંજ તેણે પોતાનું જીવન ગાળ્યું. આજે પણ ભક્તરાજ પ્રહ્લાદનું નામ આપણા લોકો બહુજ ભાવથી યાદ કરે છે. આપણા દેશના મહાન નાયક **મહાત્મા ગાંધીજી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ પ્રહલાદ ભક્તને પોતાનો આદર્શ ગણીને તેને મળતુંજ સત્યપરાયણ પોતાનું વર્તન રાખતા હોવાથી, તેમનું નામ પણ આજે આપણા દેશમાં ઘરોઘર ગવાઇ રહ્યું છે.

આ દાખલામાંથી વાંચનારે સાર એજ લેવાનો છે કે આપણો ધર્મ અને ઇશ્વર એજ જગતમાં સર્વ કરતાં મોટી બાબતો છે; માટે એમના વિરૂદ્ધમાં વર્તવાનું અથવા અવળે રસ્તે ચાલવાનું કદાચ આપણાં માબાપ અથવા રાજા સુદ્ધાં કહે, તોપણ તે પ્રમાણે નહિ ચાલતાં ધર્મ તથા ઇશ્વરની આજ્ઞા પ્રમાણેજ આપણે વર્તવું એઇજો.

૨. ઇશ્વરનો પરમ ભક્ત ધ્રુવ.

અસલના વખતમાં આપણા દેશમાં ઉત્તાનપાદ નામે રાજા હતો. તેને સુરૂચિ અને સુનીતિ નામની બે રાણીઓ હતી. સુરૂચિને પેટે ઉત્તમ નામનો અને સુનીતિને ધ્રુવ નામનો કુંવર હતો. રાજા સુરૂચિને અને તેના છોકરા ઉત્તમને ખૂબ લાડ લડાવતો; પણ સુનીતિને અને ધ્રુવને તેવાં લાડ લડાવતો નહિ.

એક દિવસ રાજા ગાદી ઉપર બેઠો હતો એવામાં ધ્રુવ ત્યાં આવ્યો અને પિતાના ખોળામાં બેસવાનો તેણે વિચાર કર્યો. રાજાને પણ તે છોકરાને ખોળે બેસાડવાની બહુ ઇચ્છા થઇ; પણ તે વેળાએ સુરૂચિ પાસે ઉભી હતી, તેની બીકે તેમ કરી શક્યો નહિ.

ધ્રુવને ખોળા ઉપર બેસવાને આતુર થએલો જોતાંજ સુરૂચિ ગુસ્સે થઇને બોલી કે, “ તું કાંઈ મારો છોકરો નથી. તું તો અણમાનીતી સુનીતિનો છોકરો છે. મારો છોકરોજ રાજાને ખોળે બેસશે અને રાજગાદી મેળવશે. સુનીતિ તો દાસી જેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેનો છોકરો થઇને તું આવી મોટી ઇચ્છા શેનો કરે છે ? જો તારે રાજાના ખોળામાં બેસવાની ઘણીજ ઇચ્છા હોય, તો હમણાંજ જઇને મરી જા અને મારે પેટે જન્મ લે; નહિ તો અહીંથી ચાલ્યો જા. "

ઓરમન માનાં આવાં ખરાબ વેણ સાંભળીને ધ્રુવના મનમાં બહુજ ખોટું લાગ્યું. તે રોતો રોતો પોતાની માની પાસે ગયો. સુનીતિએ પુત્રને રોતો જોઇને ખોળે લીધો અને તેનાં આંસુ લોહી તથા બોકી દઈને રડવાનું કારણ પૂછ્યું.

આવી રીતે ઘણીવાર પૂછ્યું ત્યારે રાજાની સામે સુરૂચિએ જે કંઈ કડવાં વેણ કહ્યાં હતાં, તે બધાં રોતાં રોતાં તેણે કહી બતાવ્યાં. એ સાંભળીને સુનીતિના દુઃખનો પાર રહ્યો નહિ. તેણે નિઃશ્વાસ નાંખીને રોતાં રોતાં કહ્યું: " બેટા ધ્રુવ ! સુરૂચિએ જે કંઇ કહ્યું છે તે સઘળું ખરૂં છે. એમાં એનો વાંક નથી પણ આપણાં કર્મનોજ વાંક છે. તેણે આગલા ભવમાં પુણ્ય કર્યાં હશે અને મેં પાપ કર્યાં હશે. તું પણ હિણભાગી કે તારે મારે પેટે જન્મ લેવો પડયો. માટે હવે ખેદ નહિ કરતાં પરમેશ્વરે જે કંઈ આપ્યું છે તેમાંજ સંતોષી રહેવું જોઇએ. આવું સાંભળીને ધ્રુવે પૂછ્યું કે આ ને આજ જન્મમાં આગલાં પાપ ધોવાઇ જાય અને પુણ્ય કર્મ વધી જઇ સુખી થઇએ એવો કોઇ ઉપાય નહિ હોય ? માતાએ કહ્યું કે, "હા તેવો ઉપાય પણ છે; અને જો સાચી તાલાવેલી લાગી હોય તથા પ્રભુમાં શ્રદ્ધા હોય તો એ ઉપાય બહુજ આબાદ છે. જો સુખ પામવાની ઇચ્છા હોય તો પાપ કર્મ નહિ કરતાં સર્વદા સારાંજ કામો કરવાં જોઇએ: અને કરૂણાસાગર જગદીશ્વરની પૂજા અને પ્રાર્થનામાં લાગવું જોઇએ. એટલે પ્રભુની દયા થાયજ, અને પછી આ લોકમાં અને પરલોકમાં કંઇ પણ સુખની ખોટ રહે નહિ. "

માનાં આવાં વાકય સાંભળીને ધ્રુવની ઇચ્છા પરમેશ્વરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજન કરવાની થઇ. તેથી તે ઇશ્વરનું ભજન કરવા વાસ્તે માની રજા લઇને સારા મહાત્માઓના જ્યાં આશ્રમ હતા એવા એકાંત જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં તેને નારદ ઋષિએ ઉપદેશ કર્યો તે પ્રમાણે તેણે ખૂબ તપ અને ભગવદ્ ભક્તિ કરી. જેથી છેવટે પ્રભુએ પ્રસન્ન થઇને તેને મોક્ષ રૂપી અવિચળ રાજ્ય આપ્યું. આથી હવે તેને આ જગતના રાજપાટની પરવા રહી નહિ. છતાં રાજાએ તથા સુરૂચિએ તો તેનેજ લાયક ગણ્યો અને વિનંતી કરીને તેનેજ ગાદીએ બેસાડયો.

આ વાતનો સાર એ છે કે સુખ અને દુઃખનું મૂળ કારણ આપણાંજ સારાં નરસાં કર્મ છે. પરોપકાર અને પ્રભુભક્તિ રૂપી સારાં કર્મ કરવાથી માણસનાં સર્વ પાપ ટળી જઈ તેને મોટા રાજ્ય કરતાં પણ ચઢી જાય એવું અવિચળ મોક્ષનું રાજ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે.

૩. માબાપની સેવા ઉઠાવનાર શ્રવણ.

અયોધ્યામાં દશરથ રાજાના રાજ્યમાં એક જંગલમાં એક મુનિ પોતાની સ્ત્રી અને છોકરાને લઈને રહેતા હતા. મુનિ અને તેની સ્ત્રી વૃદ્ધ થયાથી આંખે જોઇ શકતાં નહોતાં; તેથી તેઓ પોતાની ઝુંપડીમાંજ બેસી રહીને તપશ્ચર્યા કરતાં હતાં. તેમનો છોકરો શ્રવણ પોતાનાં વૃદ્ધ અને આંધળાં માબાપની સારી રીતે સેવા કરતો અને કોઇ વેળા પણ તેમનું વચન ઉથાપતો નહોતો.

માબાપની ઇચ્છા તીર્થયાત્રા કરવાની જોઇને શ્રવણે એક કાવડ બનાવી; અને તેમાં તેમને બેસાડીને તે કાવડ પોતે ખાંધે ઉપાડીને યાત્રા કરવા નીકળ્યો. ફરતો ફરતો તે અયોધ્યાની હદમાં આવી પહોંચ્યો અને રાત્રે એક જગાએ મુકામ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી માબાપને તરસ લાગવાથી તેમને સારૂ પાણી લેવા તે નદી તરફ ગયો. રાજા દશરથ પણ તે વેળાએ તે નદીની પાસે ગયા હતા. રાજાની ઇચ્છા એવી હતી કે "અંધારી રાતે જંગલી હાથી, વાઘ વગેરે હિંસક પ્રાણી નદીમાં પાણી પીવા આવે તેનો શબ્દ સાંભળી તેના ઉપર બાણ ફેંકી તેનો નાશ કરવો." હવે મુનિબાળક શ્રવણ નદીપર આવીને ઘડામાં પાણી ભરવા લાગ્યો. તેનો જે અવાજ થયો તે ઉપરથી દશરથ રાજાએ "કોઈ હાથી અથવા વાઘ નદીપર આવીને પાણી પીએ છે" એમ ધારીને તે તરફ તીર ફેંકયું. તે તીરથી પેલો મુનિકુમાર ઘાયલ થઈને કાંઠાપર દુઃખથી તરફડિયાં મારવા લાગ્યો. પછી દશરથ રાજાએ પાસે આવીને જોયું કે મુનિબાળક પોતાના તીરથી ઘાયલ થઈને મરવાની અણીપર આવી પડયો છે. એ જોઇને રાજા બહુ દિલગીર થવા લાગ્યો અને પોતાને ધિક્કાર આપવા લાગ્યો. રાજાને જોઇને તે મુનિબાળકે મરતાં મરતાં કહ્યું કે "મારાં માબાપ થોડે દૂર ઝુંપડીમાં રહે છે, તેને માટે તમે પાણી લઈ જાઓ અને તેઓને પીવરાવો." આટલું કહી તેણે પ્રાણ છોડયો અને માબાપની રૂડી સેવા કર્યાના પુણ્યથી તેનો જીવ સ્વર્ગમાં ચાલ્યો ગયો.

મહારાજા દશરથ પાણીનો ઘડો ભરીને ઘણા શોકાતુર બની મુનિબાળકનાં માબાપની પાસે ગયા. પોતાનો છોકરો પાણી લઈને આવ્યો છે એવું ધારીને વૃદ્ધ મુનિએ કહ્યું: "બેટા! તને આટલી વાર કેમ થઇ? જલદી પાણી આપ. અમે તારે માટે ઘણાં ચિંતાતુર હતાં. તું અમો આંધળાંઓની આંખો છે અને અવગતિયાની ગતિ છે. અમે કેવળ તારા આધાર ઉપરજ જીવતાં રહ્યાં છીએ. બેટા કેમ બોલતો નથી? જલદી મારા સવાલનો જવાબ આપ. અમે તને કંઇ કડવાં વેણ કહ્યાં હોય તો તે મનમાં ન લાવીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધ તપસ્વીનાં આ વાકય સાંભળી દશરથ રાજાને ઘણોજ ભય અને શોક ઉપજ્યો. નદીને કિનારે જે કાંઇ બન્યું હતું તે બધું બીતે બીતે તેણે તે તપસ્વીને કહ્યું. પુત્રના મરવાના સમાચાર સાંભળીને મુનિએ અને તેની સ્ત્રીએ પાણી ન પીધું અને પ્રાણ છોડયા.

જુઓ, મુનિબાળક કેટલું દુઃખ વેઠીને માબાપની સેવા કરતો હતો! માબાપની ઉત્તમ સેવા કરનાર તરીકે હજારો વરસ જવા છતાં પણ હજુ સુધી આપણા લોકોમાં તેનું નામ ઘેર ઘેર લેવાય છે.

૪. પિતાની કઠણ પ્રતિજ્ઞા પાળનાર શ્રી રામચંદ્ર.

મહારાજ દશરથને ત્રણ રાણીયો હતી અને તેમને ચાર કુંવરો હતા. તેમાં રામચંદ્ર સર્વથી મોટા હતા. તેમનું ચરિત્ર ઘણુંજ પવિત્ર હતું. તે કોઈની નિંદા કરતા નહિ અને સર્વને સરખી રીતે જોતા. પિતા માતા ઉપર પણ તેમનો પ્રેમ ઘણો હતો. કોઈ વેળાએ પણ તેમના મુખમાંથી કડવાં વચન નીકળતાં નહોતાં. કોઈના થોડા ઉપકારને તે વિસરતા નહિ અને ખરાબ કરનારનું પણ સારૂં કરતા હતા. ગરીબોનાં દુઃખ દૂર કરવાને તે ઘણી મહેનત કરતા. પોતાથી મોટી ઉંમરનાં માણસોને માન આપતા અને કોઇ વિષયમાં પોતાનો દોષ જોતા તો તે દોષ દૂર કરવાનો પોતે પ્રયત્ન કરતા હતા.

રામચંદ્ર આવા ગુણવાન હોવાથી વૃદ્ધ રાજા દશરથે ધાર્યું કે, "હવે હું ઘરડો થયો છું તેથી રાજપાટ રામચંદ્રને સોંપીને એકાંતમાં ઇશ્વરનું ભજન પૂજન કરીશ." આ વિચાર તેમણે પ્રધાનોને તથા શહેરના લોકોને કહ્યો. તે સાંભળીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વે ઘણા ખુશી થયા અને રાજ્યાભિષેક કરવાનો દિવસ મુકરર કર્યો.

જે દિવસે રાજ્યાભિષેક થવાનો હતો તે દિવસે સવારે રામચંદ્રના જોવામાં આવ્યું કે દશરથ રાજા જમીન ઉપર બેભાન જેવા પડેલા છે અને ગાંડાની પેઠે કેવળ "રામ! રામ" બોલ્યા કરે છે! કોઇ પણ નોકર તેમની પાસે નથી. ફક્ત રામચંદ્રની ઓરમાન મા કૈકેયી ખુશી થતી બેઠી છે. રામચંદ્ર આ સર્વ જોઈને ઘણા ગભરાયા અને શા વાસ્તે પિતા આવા શોકાતુર થયા છે તે જાણવા માટે કૈકેયીને પૂછયું કે, "માજી! મહારાજાને આવી દશામાં પડેલા જુઓ છો તે છતાં આપ આમ નિરાંતે કેમ બેઠાં છો?"

કૈકેયીએ કહ્યું કે "રામ! એમને બીજું કંઇ દુ:ખ નથી. મનનો વિચાર શરમને લીધે તારી આગળ તે કહી શકતા નથી એજ દુ:ખ છે. તું જો એમનું વચન પાળવા પ્રતિજ્ઞા કરે તો એ વાત હું તને કહું."

કૈકેયાનું કહેવું સાંભળી સરળ હૃદયના રામચંદ્રે તરતજ જવાબ આપ્યો: "માજી! આપ એ શી વાત બોલ્યાં! પિતાજી મને જે કહે તે કરવાને તૈયાર છું. હું એમનો પુત્ર છું, શિષ્ય છું અને ચાકર છું. આપ જાણો છો કે હું કદિ પણ ખોટું બોલતો નથી. પિતાજીનો હુકમ તો શું, પણ આપનો હુકમ પણ હું તોડતો નથી. માટે જે પણ કહેવાનું હોય તે કહો. પિતાજીની આવી દશા જોઇને મારી છાતી ચીરાઇ જાય છે."

આ સાંભળીને કૈકેયીએ જવાબ દીધો: "બેટા રામ! અગાઉ તારા પિતા એક દૈત્યની જોડે લડાઈ કરતા હતા તે વખતે મેં તેમને ઘણી મદદ કરી હતી. તેથી ખુશી થઈને બે વરદાન માગવાનું તેમણે મને કહ્યું હતું. તે વેળાએ મેં કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું કે જ્યારે મારે જરૂર પડશે ત્યારે માગી લઇશ. હમણાં તે બે વરદાન એમની પાસે મેં માગ્યાં છે. એક તો એ કે મારો ભરત રાજગાદીએ બેસે; અને બીજું એ કે તને વનવાસ કાઢે. જો તું ખરેખરો સત્યવાદી તથા ટેકીલો હોય અને બાપની આજ્ઞા પાળતો હોય, તો રાજપાટ છોડીને વનનાં વસ્ત્ર અને જટા ધારણ કરીને ચૌદ વર્ષ સુધી જંગલમાં રહે અને મારો ભરત રાજ્ય ચલાવે. "

ઓરમાન માની આવી દયા વગરની વાત સાંભળીને રામચંદ્ર કહેવા લાગ્યા કે " આને માટેજ પિતાજીને આવા શોકાતુર કર્યા છે ? હું મોટો ભાગ્યશાળી કે મારા વનમાં જવાથી પિતાજી પોતે આપેલા વચનના બંધનથી છૂટશે. હવે હું જરૂર વનમાં જઈશ. આપ પિતાજીને શાંત કરો. " આમ કહીને રામચંદ્ર દશરથ અને કૈકેયીને પ્રણામ કરીને બહાર નીકળ્યા.

---

૫. મોટાભાઇ પ્રત્યે અસાધારણ ભક્તિ બતાવનાર ભરતજી.

ભરતે મોસાળમાંથી અયોધ્યામાં આવીને જોયું કે નગરમાં કોઈ જાતનો ઉત્સવ નથી; નગરવાસીઓના ઘરનાં દ્વાર ઉઘાડાં છે; કોઇ ઘરમાં નથી; માર્ગ તથા બજારમાં પણ લોકો જણાતા નથી અને બધું શૂન્ય જેવું દેખાય છે. આવાં અશુભ ચિન્હો જોઈને ભરત ઘણા વિચારમાં પડયા. પણ ઘરમાં તેમણે પિતાને જોયા નહિ. પછી માતાના ઓરડામાં જઈને માને પગે લાગીને સર્વના કુશળ સમાચાર પૂછ્યા.

રામનો વનવાસ અને પોતાને રાજ્ય મળ્યું એ સાંભળીને ભરત ખુશી થશે, એમ સમજીને કૈકેયીએ તેમની આગળ સઘળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તાંત કહ્યો અને કહ્યું કે "મહારાજે રામના શોકથી દેહ ત્યાગ્યો છે; માટે હવે તું રાજ્યસિંહાસન ઉપર બેસીને પ્રજાનું પાલન કર."

બંધુપ્રેમી સુશીલ ભરતજી પિતાનું મરણ અને રામ, લક્ષ્મણ અને સીતાના વનવાસનો વૃત્તાંત સાંભળીને વિલાપ કરવા લાગ્યા; અને ગેરવ્યાજબી કામને માટે પોતાની માને ઠપકો આપ્યો. ત્યાર પછી પિતાની ઉત્તરક્રિયા કર્યા પછી ભરતે કહ્યું કે "જુઓ! મોટાભાઈએ રાજા થવું એ અમારા કુળનો વ્યવહાર છે; અને રામ અમારા મોટા ભાઇ છે. માટે તેજ રાજા થવા જોઈએ. તેમને બદલે હુંજ જંગલમાં જઈને ચૌદ વર્ષ રહીશ. એ પછી ગામના તથા રાજ્યના માણસોને સાથે લઇને ભરત રામની પાસે વનમાં ગયા અને તેમના ચરણ પકડીને રોતા રોતા બોલ્યા કે, "તમારે રાજ્ય ચલાવવું જોઇએ." પરંતુ રામ પિતાની આજ્ઞા પાળવામાં દૃઢ હતા તેથી તેમણે ભરતનું કહેવું કબૂલ રાખ્યું નહિ. છેવટે ભરતે લાચારીથી રામને કહ્યું: "હે આર્ય! આપ પગની પાવડીઓ આપો. હું એ પાવડીઓને ગાદીપર મૂકીને આપના તરફથી સર્વ કારભાર કરીશ; અને આપની પેઠે જટાજૂટ ધારણ કરીને તથા ફળમૂળ ખાઇને ચૌદ વર્ષ નગરની બહાર આપની વાટ જોતો રહીશ." પછી ભરત મોટાભાઈની પાવડીઓ લઇ નન્દિગ્રામમાં જઇને રહ્યા અને બધું રાજ્યકાર્ય નોકર તરીકે યથારીતિ બજાવવા લાગ્યા. વનવાસ ભોગવીને રામ પાછા આવ્યા પછીજ તેમણે જટાજૂટ ઉતરાવીને ગામમાં પ્રવેશ કર્યો હતો.

૬. ઉપરના જેવોજ શ્રી લક્ષ્મણજીનો દાખલો.

બંધુપ્રેમ વિષે બીજું એક લક્ષ્મણજીનું દૃષ્ટાંત છે. લક્ષ્મણ મોટાભાઇની સેવા કરવા માટે પિતા, માતા તથા સ્ત્રીને છોડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૌદ વર્ષ તપસ્વીના વેશમાં વનમાં ફર્યાં હતા. રામ અને સીતાની સેવા માટે તે કષ્ટને કષ્ટ સમજતા નહોતા. ભાઇ અને ભોજાઇને ખાવા માટે તેઓ ઘાડા જંગલમાંથી ફળમૂળ એકત્ર કરી લાવતા હતા. પીવાને માટે શીતળ પાણી લાવી આપતા હતા અને રાત્રિને વખતે ધનુષ્ય બાણ હાથમાં ધારણ કરી ઝુંપડીના આંગણામાં સાચવણીનું–રક્ષણનું કામ પણ કરતા હતા. ભ્રાતૃ-વત્સલ લક્ષ્મણે આવી રીતે નાના પ્રકારની સેવા કરીને તથા રાવણ સાથેની લડાઈમાં પોતાનો પ્રાણ સુદ્ધાં જોખમમાં અનેક-વાર નાખીને ભાઇપરના પ્રેમની અવધી બતાવી હતી.

૭. પિતૃભક્ત ભીષ્મદેવ.

કુરૂવંશી મહારાજ શાન્તનુની પહેલી સ્ત્રીને દેવવ્રત નામે એક પુત્ર હતો. એ દેવવ્રત નાના પ્રકારના શાસ્ત્રમાં અને કળામાં ઘણોજ કુશળ થયો હતો. તેની વિદ્યા, બુદ્ધિ, સત્ય-વાદીપણું, જિતેન્દ્રિયતા વગેરે ગુણોથી સઘળા મનુષ્યો તેને ઘણોજ ચાહતા હતા. આ દેવવ્રત સિવાય રાજાને બીજો કોઈ પુત્ર નહોતો, તેથી જો ન કરે નારાયણ અને તેને કંઇ થાય તો રાજાનો વંશ રહે નહિ; એમ સમજીને બીજા એક બે પુત્રની ઇચ્છા રાજાને ઘણા દિવસથી થઇ હતી. એટલામાં એક દિવસ જયારે તે મૃગયા રમવા ગયો ત્યારે દાસરાજની કન્યા સત્યવતીને જોઇ તેની જોડે વિવાહ કરવાનો તેણે વિચાર કર્યો; પરંતુ દેવવ્રતના જેવો સર્વ ગુણસંપન્ન પુત્ર હોવા છતાં ફરી વિવાહ કરવો એ ઠીક નહિ એમ ધારીને તે ઈચ્છા મનમાં દબાવી દીધી; અને પછી ઘરમાં આવીને દીલગીરીમાં રહેવા લાગ્યો. તેના વિશ્વાસપાત્ર મુખ્ય મંત્રી સિવાય બીજું કોઇ પણ તેના મનનો એ વિચાર જાણવા પામ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવવ્રત પિતાને દિલગીર થએલા જોઇને તેનું કારણ પૂછ્યું; પણ તેનો ઠીક જવાબ મળ્યો નહિ અને વધારે ને વધારે દિલગીર જોવા લાગ્યો. તે ઘણો બુદ્ધિમાન હતો; તેથી મુખ્ય મંત્રીની પાસે જઇને પૂછ્યું કે "શા માટે રાજાજી દુઃખનું કારણ કહેતા નથી ? હું તેમનો પુત્ર, ભક્ત અને દાસ છું; માટે તેઓ મને કહેવા ન ઇચ્છતા હોય તો તમે અનુ-ગ્રહ કરીને મને કહો. જો મારાથી મારા પિતાનો શોક દૂર કરી શકાય તેમ હશે તો તેઓ મને જે કંઇ કહેશે તે કર-વાને હું તૈયાર છું."

આ સાંભળીને મંત્રીએ કહ્યું કે "કુમાર ! તમારા જેવા બુદ્ધિમાનની પાસે મહારાજ પોતાના દુઃખનું કારણ કહેતાં શરમાય છે. તમારા જેવા સદ્‌ગુણી પુત્રરત્ન પામવાનું સર્વના ભાગ્યમાં હોતું નથી. મહારાજ આપના જેવા પુત્ર પામીને પોતાને ઘણાજ ભાગ્યશાળી સમજે છે; પરંતુ તમે તેમના એકના એક પુત્ર છો. જેવી રીતે એક આંખ આંખમાં નથી, તેમ તેમનો એવો વિચાર છે કે એક પુત્ર પુત્રમાં ગણાતો નથી. આ વાસ્તે તેઓને ફરી લગ્ન કરવું છે; પરંતુ તમે દુઃખી થાઓ એમ સમજીને તેઓ પોતાની ઇચ્છા સંપૂર્ણ કરી શકતા નથી અને માનસિક કલેશ પામે છે."

મંત્રીનાં વચન સાંભળીને દેવવ્રત બોલ્યો: "મહાશય ! એ કામથી હું અસંતુષ્ટ થઇશ એવું પિતાએ ધાર્યું એજ મારૂં કમનશીબ કહેવાય. હું શુદ્ધ અંતઃકરણથી તમને વિનંતી કરૂં છું કે જેમ બને તેમ જલદીથી એ શુભ કામ કરો." દેવવ્રતનાં આવાં સરળ અને ઉદાર વચનો સાંભળીને મંત્રી ઘણોજ ખુશી થયો અને દેવવ્રત સમક્ષ દાસરાજને બોલાવીને તેને સર્વ વાત જણાવી. દાસરાજ થોડીકવાર મૂંગો રહીને દેવવ્રત તરફ જોઈ બોલ્યો: "રાજકુમાર ! મારો અપરાધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષમા કરજો. મહારાજને કન્યા આપવાથી તે કન્યા આપની ઓરમાન મા થશે અને મેં ઘણેક ઠેકાણે જોયું છે કે જે ઘરમાં ઓરમાન મા અને સાવકાં છોકરાં રહે છે તે ઘરમાં કુશળતા હોતી નથી. ઓરમાન મા સાવકાં છોકરાંનાં અને સાવકાં છોકરાં ઓરમાન માનાં સર્વદા છિદ્ર શોધ્યા કરે છે અને એક બીજાની ખરાબી કરવાનો યત્ન કરે છે. વિશેષે કરીને સાવકાં છોકરાં પ્રબળ હોય તો ઓરમાન માને સર્વદા ચિંતામાં બળવું પડે છે. માટે મારી કોમળ કન્યાને આપના જેવા પ્રબળ સાવકા છોકરાની ઓરમાન મા બનાવવાની મારી હિંમત થતી નથી."

આ સાંભળીને દેવવ્રત મૂંગો બેઠો. મંત્રીએ જવાબ દીધો, "દાસરાજ, તમે જેવું જોતા આવ્યા છો તેવું કહો છો; પરંતુ મારી પણ વૃદ્ધ ઉમ્મર થઇ છે. મેં પણ ઘણું જોયું છે. હું જાણું છું કે એવાં ઘણાંક કુટુંબો છે કે જ્યાં સાવકી મા અને છોકરાંને લીધે કોઇને પણ કલેશ ભોગવવો પડતો નથી. ઓરમાન મા નીચ પ્રકૃતિની હોય અને સાવકો છોકરો ક્રૂર સ્વભાવનો હોય તોજ તેઓમાં કલહ થાય છે. ઓરમાન મા જો બુદ્ધિમતી અને ઉદાર હોય, તેનામાં ધર્મજ્ઞાન, સારાસાર-વિચાર તથા પતિભક્તિ હોય અને જો સાવકો છોકરો પણ બુદ્ધિમાન, ધાર્મિક તથા પિતૃપરાયણ હોય તો ઓરમાન મા અને સાવકાં છોકરાંઓમાં કદિ પણ લડાઇ ટંટો થાય નહિ. દેવવ્રતનો સ્વભાવ અલૌકિક છે અને તમારી કન્યા પણ દેવીના જેવી છે; માટે કોઈ પણ દુ:ખી થશે નહિ." ત્યાર-પછી દેવવ્રતે કહ્યું કે; "મારી બડાઇ કરવા હું ઇચ્છતો નથી; તોપણ હું ટુંકામાં એવી પ્રતિજ્ઞા લઉં છું કે આપની કન્યાને મારા તરફથી કોઇ પણ કારણથી કષ્ટ પડશે નહિ. આપ જાણજો કે દેવવ્રત કદિ પણ તેનું વચન ટાળશે નહિ."

આ સાંભળીને દાસરાજ બોલ્યો: "રાજકુમાર! ધર્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રમાં કહ્યું છે કે आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत. માટે મનનો વિચાર છુપાવવો એ હું સમજતો નથી. જો મહારાજ મારી કન્યા ગ્રહણ કરશે તો તેનો છોકરો તમારો દાસજ બનવાનો. કેમકે આપના જેવો મહાવીર મોટો પુત્ર હોવાથી તેને રાજગાદી મળવાની હું કંઈ આશા રાખતો નથી. માટે એના કરતાં તો મારી કન્યા ગરીબને પરણે તેજ સારૂં. કેમકે પોતાના પતિદેવનું ગમે એટલું ઓછું ધન હોય તોપણ તે સર્વ તે પોતાના પુત્રનેજ મળેલું જોશે." આ વાત સાંભળીને તરતજ દેવવ્રત કહેવા લાગ્યો: "દાસરાજ! પિતાની આકાંક્ષા પૂરી કરવા માટે હું પ્રાણ સુદ્ધાં અર્પણ કરવા તૈયાર છું; તો રાજ્યની શી વાત! પ્રતિજ્ઞા કરૂં છું કે હું કદિ પણ રાજ્યગાદી ગ્રહણ કરીશ નહિ. તમારા દૌહિત્રોજ આખા રાજ્યના માલિક થશે અને મારાથી જેમ બનશે તેમ તેઓને મદદ કરવામાં હું પાછી પાની કરીશ નહિ."

દેવવ્રતની આ પ્રતિજ્ઞા સાંભળીને સર્વ ચકિત થયા. દાસરાજ પણ ઘણોજ ખુશ થયો; પરંતુ થોડીવાર વિચાર કરીને પાછો તે બોલ્યો કે, "રાજકુમાર! આપની આ પ્રતિજ્ઞા સાંભળીને હું ઘણોજ આશ્ચર્ય પામ્યો છું. આપ પિતૃભક્ત છો અને અલૌકિક ઉદારતાથી રાજ્યત્યાગ કરવા ચાહો છો; તથાપિ આપના પુત્ર થશે તેઓ શા માટે ત્યાગ કરશે? તેઓ મોટા પુત્રના છોકરા તરીકેનો દાવો કરીને રાજ્યાધિકાર માગશે અને પ્રજા પણ તેને ન્યાયી વાત સમજીને તેમનો પક્ષ લેશે. માટે આવી શંકાશીલ જગ્યાએ મારી દેવ જેવી કન્યાને ઉમ્મરે પહોંચેલા વરને આપવાનું મને ઠીક જણાતું નથી. વાસ્તે આપ મને ક્ષમા કરશો."

આવાં વાક્ય સાંભળીને દેવવ્રત થોડાક વિચાર કર્યા પછી મોટે અવાજે બોલ્યો: "દાસરાજ! હું જે કારણથી રાજ્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાગ કરવાને તૈયાર થયો છું, તેજ કારણથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ પણ અંગીકાર કરૂં છું. હું લગ્ન કરીશ નહિ. આજથી જીવનના અંત સુધી બ્રહ્મચર્ય પાળીને રહીશ. હું પ્રતિજ્ઞા લઉં છું કે પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉદય થશે તોપણ એમાં ફરક પડનાર નથી."

દેવવ્રતની આવી મહાન પ્રતિજ્ઞા સાંભળીને ત્યાં બેઠેલા સર્વ મનુષ્યો વિસ્મય પામી ગદ્‌ગદ્‌ સ્વરથી કહેવા લાગ્યા: "ધન્ય! ધન્ય! આવી પિતૃભક્તિ અમે જોઇ નથી! આવી ઉદારતા અને નિઃસ્પૃહતા પણ અમે સાંભળી નથી!" ત્યાર પછી મુખ્ય મંત્રીએ સર્વને કહ્યું: "સેંકડો રાજપુત્ર પિતાને અને કાકા વગેરેને ખરાબ કરીને તેમનું રાજ્ય લઇ લેવા મથે છે; પણ અમારા આ રાજકુમારે તો ઉલટું પિતાનો વિચાર બર લાવવા માટે રાજ્યને તૃણવત્‌ ગણી ત્યાગ કર્યું છે. બીજું આ જુવાનીના સમયમાં આખા જીવનને માટે લગ્નના સુખથી વંચિત થવાની પ્રતિજ્ઞા લીધી છે. આવી ભીષણ પ્રતિજ્ઞા કોઇએ કદિ પણ સાંભળી નથી; તેથી મારા વિચારમાં એવું આવે છે કે એમનું નામ હવેથી ભીષ્મ રાખવું."

ખરેખર તેમજ થયું. ત્યારથી તેમને સઘળાઓ "ભીષ્મ" કહીને બોલાવવા લાગ્યા. તેમણે છેવટ સુધી કુંવારા અને અકલંકિત રહીને પોતાની એ પ્રતિજ્ઞા પાળી હતી. અદ્યાપિ સત્યવાદી, ધાર્મિક, દૃઢપ્રતિજ્ઞ અને જિતેન્દ્રિય મનુષ્યોનાં દૃષ્ટાંત આપતાં લોકો ભીષ્મદેવનું નામ બહુજ પ્રેમથી દે છે.

---

૯. મહા દુઃખે ગુરૂનું નુકસાન અટકાવનાર આરૂણિ.

અસલના વખતમાં આપણા દેશમાં અયોદધૌમ્ય નામે એક ઋષિ હતા. તે ઘણા દયાળુ હતા; પરંતુ પોતાના શિષ્યોનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરબળ તથા સહનશકિત વધે તેટલા માટે તેઓ તેમની પાસે કેટલાંક મહેનતનાં કામ પણ કરાવતા હતા. એક દહાડો તેમણે પોતાના એક આરૂણિ નામના શિષ્યને ખેતરની પાળ બાંધવાનું કહ્યું. આરૂણિ તરતજ ખેતરમાં જઈને પાળ બાંધવા લાગ્યો; પણ ઘણો યત્ન કરવા છતાં બાંધી શકયો નહિ. તેણે વિચાર કર્યો કે "પાળ નહિ બંધાય તો બધું પાણી ખેતરમાંથી નીકળી જશે અને ધાન્ય સારૂં પાકશે નહિ." આરૂણિએ તે પછી પોતે જાતેજ તે જગાએ સુઇ જઇને પાણીનો માર્ગ બંધ કર્યો. આરૂણિ કેટલીક વાર થવા છતાં પાછો નહિ આવવાથી ઋષિ બીજા શિષ્યોને સાથે લઇને ખેતરમાં ગયા. આરૂણિની શોધ કરતાં તે પાણી વહેવાની જગાએ સુતેલો જણાયો. પછી તેને તે જગાએથી ઉઠાડી લઇને સૌએ મળી માટીની પાળ બાંધી લીધી. આરૂણિની આવી ગુરૂભકિત જોઇને ઋષિએ તેને આશીષ આપી કે "વત્સ ! બહુ દુઃખ ખમીને તેં મારી આજ્ઞા પાળી છે. પ્રભુ તારૂં કલ્યાણ કરો. સર્વ વેદ તથા ધર્મશાસ્ત્ર તને પ્રાપ્ત થાઓ. આજથી તું 'ઉદ્દાલક' નામથી પ્રસિદ્ધ થઇશ."

---

૯. સ્વદેશને માટે પ્રાણ આપનાર વીર બાળક પુત્ત.

જ્યારે મુસલમાન બાદશાહો દિલ્હીમાં રાજ્ય કરતા હતા ત્યારે રાજસ્થાનમાં આવેલાં ચિત્તોડ, જોધપુર વગેરે સ્થળોમાં બહાદૂર રજપૂત લોકોનાં જુદાં જુદાં રાજ્ય હતાં.

રજપૂત લોકો ઘણાજ હિંમતવાન અને બહાદૂર હોય છે. આગલા જમાનામાં ઘણાક રજપૂતોએ પોતાના દેશ માટે તથા ધર્મને માટે પ્રાણ આપ્યા છે. તેમાં પણ ચિત્તોડના રજપૂતો ઘણાજ બહાદૂર હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખતે દિલ્હીનો મુગલ બાદશાહ અકબરશાહ ઘણું લશ્કર લઈને ચિત્તોડ જીતવા આવ્યો. ચિત્તોડનો રાજા ઉદયસિંહ એ જોઇને બીકનો માર્યો ચિત્તોડ છોડીને બીજી જગ્યાએ જઇ ભરાયો અને તેથી તેનો સેનાપતિ જયમલ્લ શહેરની સંભાળ રાખવા લાગ્યો. પણ એક વખતે રાત્રે દૂરથી અકબરશાહે તેને ગોળી મારીને મારી નાંખ્યો. ચિત્તોડના રહેવાસીઓ હવે ગભરાયા; પરંતુ એવામાં ચિત્તોડનો એક બહાદૂર છોકરો સ્વદેશરક્ષા કરવાને માટે લડાઇમાં ઉતર્યો.

તે વીર બાળકનું નામ પુત્ત હતું. તેની ઉમ્મર ફક્ત સોળ વર્ષની હતી. પુત્ત હતો તો બાળક; પણ મોટા મોટા બહાદૂર માણસોના જેવોજ તે પણ હિંમતવાન અને જોરાવર હતો. તેની માતા, બહેન અને સ્ત્રીએ યુદ્ધમાં જવાની તેને ખુશીથી રજા આપી. તેની મા, સ્ત્રી અને બહેન પણ તે વખતે ઘરમાં નહિ બેસી રહેતાં હથિઆર સજીને પોતાના દેશની રક્ષા કરવા માટે ઉત્સાહની સાથે યુદ્ધ કરવા નીકળી પડયાં.

અકબરનું લશ્કર બે ભાગમાં વહેંચાયેલું હતું. એક ભાગ પુત્તની જોડે લડતો હતો અને બીજો ભાગ બીજી તરફથી પુત્તને રોકવા માટે આવતો હતો. એ બીજા ભાગના લશ્કરને પુત્તની મા, સ્ત્રી અને બહેનનું પરાક્રમ જોઇને ઘણી અજાયબી ઉપજી. બપોરે બે વાગે પુત્ત તેમની પાસે આવીને જુએ છે તો બહેને લડાઇમાં પ્રાણ છોડયો છે; અને માતા તથા સ્ત્રી બંદૂકની ગોળીઓ વાગવાથી તરફડતાં જમીન ઉપર પડયાં છે. પુત્ત પાસે આવતાં માતાએ તેને કહ્યું: " બેટા, અમે સ્વર્ગમાં જઇએ છીએ. તું પાછો લડાઇ કરવા જા. જન્મભૂમિને લડાઇ કરીને છોડવજે અથવા તો મરીને અમને સ્વર્ગમાં આવી મળજે. " આટલું બોલતાં બોલતાં પુત્તની માએ પ્રાણ છોડી દીધો. પુત્તની સ્ત્રીએ પણ સ્વામીની તરફ ધીર ભાવથી એકીટસે જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણ ત્યાગ કર્યો. પુત્ત હવે વિશેષ ઉત્સાહમાં અને વીરતાથી ફરીથી શત્રુસેનામાં જઈને લડાઇ કરવા લાગ્યો. માના મરતી વખતના કહેવા પ્રમાણે વર્તવામાં તેણે જરા પણ પાછી પાની કરી નહિ અને જન્મભૂમિને માટે લડતાં લડતાં પ્રાણ છોડયો. આ પ્રમાણે આ એકજ ઘરનાં ચાર માણસ સ્વર્ગમાં ગયાં છે અને તેઓની કીર્તિ સદાને માટે આ સંસારમાં કાયમ રહી ગઇ છે.

૧૦. એક બંગાળી બાળકની પ્રમાણિકતા.

બંગાળામાં આવેલા 'બાંદા' શહેરની બહારના મોટા બગીચામાં એક વખતે એક તેર ચૌદ વર્ષનો બંગાળી છોકરો ફરતો હતો; તેટલામાં બસિરમહમદખાં નામનો એક કાબુલી વટેમાર્ગુ પણ પોતાના સરસામાન સાથે ત્યાં આવી પહોંચ્યો. તેણે થોડો વખત ત્યાં વિશ્રામ કર્યો અને જતી વેળાએ રૂપીઆની એક કોથળી ત્યાંની ત્યાંજ ભૂલી ગયો. એ કોથળીમાં પાંચ હજાર રૂપીઆ હતા. પેલા ચૌદ વરસના બંગાળી છોકરાએ તે કોથળી જોતાંજ લઇ લીધી; અને તેમાં ઘણા રૂપીઆ છે એમ જાણવા છતાં પ્રમાણિકપણાને વળગી રહીને તેણે તે પૈસા તેના ખરા માલિકને આપવાનો નિશ્ચય કર્યો.

પેલી તરફ બસિરમહમદને થોડેક દૂર જઇને રૂપીઆની કોથળી યાદ આવવાથી તે ઘણો ગાભરો બનીને બગીચાની તરફ પાછો ફર્યો. બાળકે તેને ચિંતાતુર જોઈને પૂછ્યું: " તમે શું કાંઇ ગુમાવ્યું છે ? " વ્યાપારીએ કહ્યું: " મારી રૂપીઆની કોથળી ખોવાઇ છે. " બાળકે તને કોથળી દેખાડી કહ્યું: " આ તમારા રૂપીઆ લ્યો. " બસિરમહમદે કોથળી ઉઘાડીને તપાસી જોયું તો તેમાંથી એક પણ રૂપીઓ ઓછો થયો નહોતો. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે બાળકને પૂછયું: "તું આટલા રૂપીઆની લાલચ કેમ રોકી શકયો ?" બાળકે નમ્રતાપૂર્વક કહ્યું:—"હું નાનપણથીજ એવું શિખ્યો છું કે પારકા ધનને માટીના ઢેફા પ્રમાણે તુચ્છ ગણી કદિ પણ ચોરી કરવી નહિ." બાળકની વાતથી તે વ્યાપારી આશ્ચર્ય પામ્યો અને તેને ખુશીથી પાંચ રૂપીઆનું ઇનામ આપવા લાગ્યો. પણ છોકરાએ કહ્યું:-"મેં તમારા રૂપીઆ તમને પાછા આપ્યા એ તો મારો ધર્મજ હતો." તે બાળકની આવી ભલમનસાઇ જોઇને બસિરમહમદ તેને બહુજ શાબાશી આપવા લાગ્યો, અને તેના આ ભલા કામની વાત વર્તમાનપત્રમાં પ્રકટ કરાવી. તે બાળકની સાધુતાની કહાણીની છેવટે બસિરમહમદે એમાં કહ્યું છે કે:—"એ રૂપીઆ મારા શેઠના હતા. જો બાળક તે રૂપીઆ ખાઇ ગયો હોત તો મારા શેઠનો ભરોંસો મારાપરથી ઉઠી જાત અને મારે કેદખાનામાં જવું પડત. માટે એ બાળકે મારાપર કેટલો બધો ઉપકાર કર્યો છે, તેનું હું વર્ણન કરી શકતો નથી. હું કદિ પણ એ છોકરાને ભૂલી શકીશ નહિ, અને પ્રભુ તેને લાંબી ઉમ્મર અને સુખ આપે એવી ઇશ્વરની આગળ દરરોજ પ્રાર્થના કરીશ. એ બાળકનું નામ વીરેશ્વર મુખોપાધ્યાય હતું. સાધુતાના ગુણથી હરકોઈ માણસ આવી રીતે લોકપ્રિય અને આશીર્વાદને પાત્ર થઇ શકે છે."

૧૧. દયાળુ રાજપુત્ર મૂળરાજ.

અગિયારમા સૈકામાં ગુજરાતના પહેલા ભીમદેવને મૂળરાજ નામે બાળક હતો. એક વર્ષે ગુજરાતમાં વરસાદ નહિ પડવાથી ઠંડઇ અને વિશોપાક ગામના લોકો રાજાને ઉપજનો ભાગ આપવાને શક્તિમાન નહોતા. રાજાના તલાટીએ તો લોકોની પાસે જે કંઇ મિલકત દીઠી, તે જપ્ત કરી લાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ભીમદેવ આગળ રજુ કરી અને ખેડુતોને પણ હાજર કર્યાં. તેજ દિવસે સવારમાં કુંવર મૂળરાજ કે જે સત્યવક્તા અને વચનપાલક હતો તે એ જગ્યાની પાસે રમતો હતો. કુંવરે આ સર્વ ખેડુતોને માંહોમાંહે વાતો કરતા જોઇને પોતાનો ચાકર તેમની પાસે મોકલ્યો અને સર્વ વાત જાણી લીધી. ખેડુત લોકોનું દુઃખ સાંભળીને તેની આંખમાં આંસુ આવી ગયાં. પછી તે વાતનો ઇલાજ કરવા સારૂ તરતજ તેણે પોતાની ઘોડા ઉપર બેસવાની કળાથી રાજાને પ્રસન્ન કર્યો. રાજાએ કાંઇક માગવાનું કહ્યું, તેના બદલામાં એ કુંવરે માગી લીધું કે:– " પેલા માણસોની જપ્ત કરેલી વસ્તુઓ પાછી આપો. " આ સાંભળતાંજ રાજાની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં અને તેણે કુંવરના કહેવા પ્રમાણે કર્યું. એ પછી આગ્રહ કરી કુંવરને કહ્યું કે:– " તું તારે પોતાને માટે પણ કંઇક માગી લે. " મૂળરાજે કહ્યું કે:– " હવે પછી જ્યારે પણ ખેતીવાડી પાકે નહિ ત્યારે રાજ્યનો વેરો ઉઘરાવાય નહિ એવો નિયમ કૃપા કરીને સ્થાપન કરો; એટલે મારા જીવને મોટું સુખ થશે. " રાજાએ ઉદારતાથી તેવો નિયમ ચાલુ કર્યો. ખેડુત લોકોને કેદમાંથી છોડી મૂક્યા એટલે તેઓ મૂળરાજને નમસ્કાર કરવાને આવ્યા અને તેમાંના કેટલાક તો તેનીજ ચાકરીમાં રહ્યા.

આ ઉદાર મૂળરાજ તે પછી થોડેજ દિવસે મરણ પામ્યો. રાજા અને તેનો દરબાર, તેમજ જે લોકોનો તેણે વચ્ચે પડીને છુટકારો કર્યો હતો, તે સર્વે તેના મરણથી બહુજ દુઃખી થયા.

બીજે વર્ષે પુષ્કળ વરસાદ થવાથી બધી જાતનું અનાજ સારી રીતે પાક્યું; એટલે ખેડુતો ગયા વર્ષનો અને ચાલતા વર્ષનો ભાગ રાજાને આપવા આવ્યા. ગયા વર્ષનો ભાગ લેવાને રાજા ભીમદેવે ના કહી; પણ ખેડુતોએ પ્રાર્થના કરવાથી છેવટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો ઠરાવ થયો કે, ગયા વર્ષની ઉપજનો ભાગ રાજકુંવરના પુણ્યને અર્થે દેવાલય બંધાવવાના કામમાં વાપરવો.

૧૨. ઉડીસાનો માતૃભક્ત બાળક.

ઉડીસામાં ઈ. સ. ૧૮૮૦ માં મોટો દુકાળ પડયો હતો. તે વેળાએ ૧૦–૧૨ વર્ષની ઉમ્મરનો એક છોકરો કોઈ ગામમાં અનાજ માગવા ગયો. તે વેળાએ એ ગામમાં અનાજની બહુ અછત હતી અને ભિખારીઓ બહુજ આવતા; તેથી આ છોકરો બહુ જગાએ ફર્યો તો પણ તેને કશુંજ મળ્યું નહિ. આખરે તે થાકીને તથા નિરાશ થઇને એક બ્રાહ્મણના ઘરના ઓટલા ઉપર બેઠો. એ ઘરવાળા બ્રાહ્મણને તેની દુર્બળ અવસ્થા જોઇને દયા ઉપજી અને બોલ્યો: “ તને કંઇ અન્ન આપું છું તે તું અહીં બેસીને ખા. ” બાળક આંખોમાં પાણી લાવીને બોલ્યો: “ હું અહીં ખાઈ શકીશ નહિ. જો મને ભાત આપો તો હું મારે ઘેર જઇને ખાઇશ. ” ગૃહસ્થે તેના ઉત્તરમાં કહ્યું: “ ઘેર લઇ જવા જેટલો ભાત છે નહિ, માટે અહીંજ બેસીને ખા. ” બાળકે જવાબ દીધો: “ ગમે એટલો થોડો મળશે તોપણ હું તે ઘેરજ લઇ જઇશ. હું કદાપિ ખાધા વિના મરી જાઉં તો ભલે; પણ અહીં એકલો બેસીને ખાઇશ નહિ. ” બાળકનું આવું કથન સાંભળી તે ગૃહસ્થ આશ્ચર્ય પામ્યો અને વિચાર કરવા લાગ્યો કે, આવા ભયંકર દુકાળમાં હજારો માતાએ પોતાનાં છોકરાંને પડતાં મૂક્યાં છે, ઘણાક પુત્રોએ પિતામાતાને છોડી દીધાં છે અને હજારો પતિએ પત્નીના હાથમાંથી અન્ન છીનવી લઇને પોતે ખાધું છે. સ્નેહ કે ભક્તિ વગેરેનું તો નામ પણ રહ્યું નથી. જે જેના હાથમાં આવે તે તરત ખાઇને પોતાનું પેટ ભરે છે. આ બાળકને જો હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવાનું નહિ મળે તો તે જરૂર મરી જશે, એવી તેની હાલત છે; તો પણ તે અહીં બેસીને ખાવાનું કબૂલ કરતો નથી એનું શું કારણ હશે? પછી તેણે તે છોકરાને એ વિષે પૂછ્યું. ત્યારે તે બાળક એક લાંબો નિઃશ્વાસ નાખીને રોઇ પડયો અને પછી થોડીક વારે ધીરજ ધરીને કહેવા લાગ્યો: " આ દુકાળને લીધે મારો બાપ અમને મૂકીને જતો રહ્યો છે. મારી માએ વાસણકુસણ વગેરે ઘરની સર્વ વસ્તુઓ વેચીને અમને બે ભાઈને ખવરાવ્યું. પછી જ્યારે કંઇ પણ રહ્યું નહિ ત્યારે અમને સાથે લઇને તેણે ભીખ માગવા માંડી. તે રીતે જે કંઇ થોડું મળતું તેમાંથી પ્રથમ અમને ખવરાવીને પછી જો કંઇ બાકી રહેતું તો મા ખાતી; અને કોઈ કોઈ દિવસ તો તે કંઇ પણ ખાતી નહોતી.

આવી રીતે કેટલાક દિવસ ગયા. પણ પછી મારી મા માંદી પડી તેથી હું એકલોજ ભીખ માગવા જતો હતો; પણ તેમાંથી ત્રણ જણનું પૂરૂં થતું નહોતું. હું ભિક્ષાને માટે બહાર જતો ત્યારે મારા નાના ભાઈની સંભાળ લેનારૂં કોઇ પણ નહોતું. મારી મા પીડાથી ઘણીખરી બેભાન રહેતી તેથી તે પણ તેની ખબર લઇ શકતી નહોતી. તેથી ભાઇ ભૂખનો માર્યો જ્યાં ત્યાં ફરતો હતો. એક દિવસે હું ભિક્ષા માગીને ઘરમાં આવીને જોઉં છું તો તે મળ્યો નહિ. હું રોતો રોતો લોકોને મારા ભાઈની ખબર પૂછવા લાગ્યો તો જણાયું કે તે મરી ગયો છે. મારી મા આગળ આ વાત ન કરતાં તેને મેં કહ્યું કે, તેને એક માણસે દયા કરીને રાખ્યો છે માટે તું તેને માટે ફિકર કરીશ નહિ. જો મેં મારા ભાઇના મરવાના સમાચાર મારી માને કહ્યા હોત તો તે મરી જાત. તેણે મારી વાત ખરી માની. હું તે દિવસે જે કંઇ ભિક્ષા લાવ્યો હતો તેમાંથી તેને બળજોરીથી ખવરાવ્યું. તેથી તે કંઇક સારી થઇ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારંવાર મારૂં મુખચુમ્બન કરીને રોતી રોતી કહેવા લાગી કે;– "બેટા ! તું મારે માટે કેટલું કષ્ટ સહન કરીશ ? તારા ભાઈને જેણે રાખ્યો છે તે તને પણ દયા કરીને રાખે તો તું ત્યાં જઇને રહે. મારા ભાગ્યમાં જે કંઈ થનાર હશે તે થશે. મારે માટે તું હવે આ દુર્બળ શરીરે ભિક્ષા માગવા જઈશ નહિ." માની આ વાત સાંભળીને જાણે મારી છાતી ચીરાઇ ગઇ હોય એમ મને થયું.

આજે હું ઘણા વખત સુધી ફર્યો, પણ એક મૂઠી પણ ભાત મળ્યો નથી. જો આપ દયા કરીને મને થોડો પણ ભાત આપો તો હું તે ઘેર લઇ જઇને મારી માને ખવરાવું. મેં ગઇ કાલનું ખાધું નથી; પરંતુ મારી મા એવી દુ:ખી છે કે તેને જો આજે ખાવાનું નહિ મળે તો તે નિશ્ચય મરી જશે. એના સિવાય મારૂં બીજું કોઈ નથી."

આટલું બોલતાં બોલતાં તે છોકરાનો ચહેરો ફેરવાઇ ગયો, આંખો ઉપર ચડી ગઇ અને તે તરફડીને જમીન ઉપર પડયો. પેલો ગૃહસ્થ આ બાળકની અદ્‌ભુત માતૃભક્તિની વાત સાંભળીને તથા તેની આવી અવસ્થા જોઇને તરતજ ઘરમાં ખાવાનું લેવાને દોડી ગયો. પણ લઈ આવીને જુએ છે તો તે બાળકનો જીવ તે પરમ કૃપાળુ પ્રભુની હજુરમાં ચાલ્યો ગયેલો જણાયો.

૧૩. આફત વેળા કિંમતી વસ્તુઓને બદલે માબાપને લઈ નાઠેલા પુત્રો.

ઘણાં વર્ષ ઉપર એક જ્વાળામુખી પહાડ ફાટવાથી તેમાંથી ઘણા જોરથી બળતી ધાતુઓ નીકળી અને ચોતરફ પથરા ઉડવા લાગ્યા. એથી કરીને આસપાસનાં ગામોનાં ઘર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ઝાડપાન બળવા લાગ્યાં; અને માણસો પોતપોતાની કિંમતી વસ્તુઓ લઇને નાસવા લાગ્યાં. એ ગામોમાં બે ભાઇઓ બહુ ધાર્મિક હતા. આ બંને ભાઇઓએ જાણ્યું કે આ વખતે પૈસા, ઘરેણું અથવા એવી બીજી માલમીલકત બચાવીએ તેના કરતાં આપણાં માબાપને બચાવવાં એ આપણો સર્વથી મુખ્ય ધર્મ છે. આમ વિચાર કરીને તેઓ બીજા માણસોની પેઠે બીજી કિંમતી વસ્તુઓ તરફ ધ્યાન નહિ આપતાં પોતાનાં વૃદ્ધ માબાપનેજ પોતાની પીઠ ઉપર ઉપાડીને નાઠા. જો તે છોકરાઓએ તેમ ન કર્યું હોત તો તે વૃદ્ધો જીવવા પામત નહિ. આ બે જુવાનોના આવા ઉમદા કામથી લોકો બહુ રાજી થઇને તેઓની તારીફ કરવા લાગ્યા.

ઇશ્વરકૃપાથી એવું બન્યું કે તે છોકરાઓ પોતાનાં માબાપને લઈને જે ઠેકાણે ગયા, ત્યાં પર્વતમાંથી ધાતુઓ અથવા પથરા આવ્યા નહોતા; અને બીજે બધે ઘણાજ પથરા અને ધાતુઓ આવીને પડયાં હતાં. આ ઉપરથી તે જગ્યા "ધર્મક્ષેત્ર"ના નામથી લોકોમાં પ્રસિદ્ધ થઈ.

૧૪. પિતાને બચાવવા પ્રાણ આપનાર છોકરો.

એક માણસ વહાણમાં ખારવાનું કામ કરતો હતો. તેનો છોકરો જ્યારે બાર વરસની ઉમ્મરનો થયો ત્યારે તે પણ પોતાના બાપની સાથે ખારવાનું કામ કરવા લાગ્યો. બાપે પોતાના છોકરાને ઉત્તમ રીતે તરતાં શિખવ્યું હતું. જેવી રીતે માછલાં વગર હરકતે પાણીમાં તરતાં ફરે છે તેવી રીતે ખારવાનો છોકરો તરવામાં હુંશિયાર થયો હતો. તે દરરોજ કામ પૂરૂં થયા પછી વહાણ ઉપરથી ભૂસકો મારીને દરિયામાં પડતો હતો અને વહાણની ચારે બાજુએ તરતો ફરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે તે થાકી જતો ત્યારે દોરડું પકડીને વહાણ પર ચઢી આવતો હતો.

એક દિવસે હવા જોસબંધ ફુંકાયાથી વહાણ ડોલવા લાગ્યું અને વહાણમાંના એક ઉતારૂની નાની છોકરી સમુદ્રમાં પડી ગઇ. તેને પડતી જોઇને બારવો પણ દરિયામાં કૂદી પડયો અને તે છોકરીનાં કપડાં પકડીને તેને છાતી ઉપર રાખીને તરતો તરતો વહાણની પાસે આવવા લાગ્યો. પણ એટલામાંજ તેણે જોયું કે એક મગરમચ્છ તેને પકડવા આવે છે. તે જોતાંજ તે બારવો ભયથી ધ્રુજવા લાગ્યો. વહાણ ઉપરના માણસો બંદૂક લઇને મગરમચ્છને તાકીને ગોળીઓ મારવા લાગ્યા; પરંતુ કોઈ પણ હિંમત કરીને તેને મદદ કરવા માટે પાણીમાં ઉતરી શકયું નહિ.

વહાણ ઉપરથી જેટલી ગોળીઓ મારવામાં આવતી હતી તેમાંની એક પણ મગરમચ્છને લાગતી નહોતી; તેથી હળવે હળવે તે પાસે આવીને બારવાને પકડવાને તૈયાર થયો. બારવાનો છોકરો ઘણોજ પિતૃભક્ત હતો. બાપનો જીવ જવાની તૈયારી જોઇને તે એક ધારદાર તલવાર લઈને સમુદ્રમાં કૂદી પડયો; અને ઝડપથી મગરમચ્છ તરફ ધસી જઇને તેના પેટમાં તરવાર ખોસી દીધી. તેથી મગરમચ્છ ગુસ્સે થઇને તેને પકડવાને તૈયાર થયો; પરંતુ છોકરો કુશળતાથી મગરમચ્છના પંજામાં ન સપડાતાં તેના શરીર ઉપર ઉપરાઉપરી તરવારના ઘા કરવા લાગ્યો.

એટલામાં બારવો પેલી છોકરીને લઇને વહાણની પાસે જઇ પહોંચ્યો અને વહાણપરના માણસોએ તેને તથા તેના હાથમાંની છોકરીને વહાણની અંદર લઇ લીધાં. બારવો વહાણમાં આવ્યા પછી પાછી સર્વની નજર પાણીની અંદર ખેંચાઈ; અને તેમણે જોયું કે મગરમચ્છ અને બારવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાની લડાઈ જેમની તેમ ચાલતીજ છે. તરવારના ઘણા ઘા વાગ્યાથી મગરમચ્છ કંઈક કમજોર થયો હતો; અને તેના શરીરમાંથી એટલું બધું લોહી નીકળતું હતું કે તેની આસપાસનું સમુદ્રનું પાણી લોહી જેવું દેખાતું હતું. બીજી તરફ છોકરો પણ ઘણોજ થાકી ગયો હતો અને ડૂબવાના જેવાં ડબકાં ખાતો હતો. એવામાં મગરમચ્છ કમજોર થયાથી જરા ધીમો પડયો, એટલે તે છોકરો હિમ્મત કરીને જોસભેર તરતો તરતો વહાણ તરફ ધસ્યો અને જેમ તેમ કરીને વહાણની છેક પાસે આવ્યો. વહાણ ઉપરના માણસોએ એક દોરડું તેના તરફ પાણીમાં નાખ્યું; અને દોરડાનો છેડો છોકરાએ પકડયો એટલે ઉપરના માણસોએ દોરડું ખેંચવા માંડયું. પણ એટલામાંજ મગરમચ્છ પાછો જોરથી ધસી આવ્યો અને પાછળથી છોકરાના બંને પગ કમર સુધી ગળી ગયો. પછી તેણે તેને જોરભેર એવું બચકું ભર્યું કે તેના શરીરનો પેટની નીચેનો તમામ ભાગ જે તેણે ગળ્યો હતો તે એકદમ કપાઈને છૂટો પડી ગયો; અને તેટલો ભાગ મોઢામાં લઇને તે પાણીમાં ડૂબકી મારી સમુદ્રને તળીયે જઈ બેઠો. છોકરો એથી કરીને ઘણો શિથિલ થઇ ગયો હતો, તોપણ તેણે પકડેલું દોરડું છોડયું નહિ. તેથી વહાણપરના માણસોએ તેને વહાણની અંદર ઉંચકી લીધો. છોકરાની આવી દુર્દશા જોઇને તેના બાપને મૂર્છા આવી અને તે ચત્તોપાટ વહાણમાં પડી ગયો. થોડીવારમાં પાછો તે સચેત થઇને જુવે છે તો છોકરો તેની પાસે પડયો પડયો એકી નજરે તેના મોઢા સામું જોઇ રહ્યો છે. બાપને હુશિયાર થયેલો જોઇને છોકરો બહુ ખુશી થયો અને પછી તેના ખોળામાં માથું મૂકીને પહેલાંની પેઠે એકી ટસે તેના મોઢા સામું જોવા લાગ્યો. ખારવાની આંખોમાંથી ચોધારાં આંસુ ચાલતાં હતાં અને છાતીએ ડુમો બાઝયો હતો તેથી બોલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાતું નહોતું. તેની આવી અવસ્થા જોઇને છોકરે અચકાતા અવાજે પરંતુ અત્યંત આનંદમય દેખાવથી તેના બાપને કહ્યું:- “ બાપા ! શા માટે તમે આટલા બધા દિલગીર થાઓ છો ? મારૂં ધન્યભાગ્ય સમજું છું કે તમારા પ્રાણ સંકટને સમયે મારાથી તમને કાંઈ પણ મદદ કરી શકાઈ; એટલુંજ નહિ પણ તમારા ખોળામાં માથું રાખીને તથા તમારી સ્નેહથી ઉભરાઇ જતી આંખો તરફ દૃષ્ટિ રાખીને મરવાનો મહા દુર્લભ અવસર મને મળ્યો. મારા મૃત્યુથી તમે જરાએ ખેદ ના કરશો, તેમજ મારી માયાળુ માતાને પણ ખેદ કરવા દેશો નહિ. જે પૂરો ભાગ્યશાળી હોય તેજ મારા જેવા સુખી મોતે મરવા પામે. બાપા! હવે છેલ્લી સલામ! મારો અપરાધ થયો હશે તેની ક્ષમા માગું છું. મારી જીભ અને આંખો ખેંચાઇ જાય છે તેથી હવે મારાથી બોલી શકાતું નથી એકવાર તમારો પ્રેમાળ હસ્ત મારા હૃદયપર ફેરવો જોઇએ!” એટલું બોલતાં બોલતાં તે છોકરાની જીભ ટુંકી થઈ ગઈ અને તેની આંખો હંમેશને માટે મીંચાઇ ગઇ. કેવો ભાગ્યશાળી પિતૃભક્ત છોકરો. પૈસાદાર અને ઉંચી જાતના લોકો કરતાં ગરીબ લોકોમાં બહાદૂરી અને સદ્દગુણ વધારે હોય છે એમાં શક નથી.

૧૫. માની દવા કરાવવા સારૂ ભીખ માગનાર છોકરો.

એક દયાળુ રાજાની એવી રીતિ હતી કે તે સાધારણ માણસનો પોશાક પહેરીને પોતાની રૈયતની સ્થિતિ જાણવા સારૂ એકલો નીકળી પડતો. એકવાર એવી રીતે તે ફરતો હતો તેવામાં એક ગરીબ છોકરો તેનો દયાળુ ચહેરો જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તામાંથી એકદમ તેની પાસે આવ્યો. તે છોકરો તે રાજાને ઓળખતો નહોતો; પણ તે કોઇક ધનવાન માણસ છે એમ ધારીને તેની પાસે જઇ રોતી આંખે બોલ્યો: "સાહેબ! આપ મહેરબાની કરીને મને કંઇ પૈસા આપો." તે છોકરાનો દયામણો ચહેરો જોઇને રાજાનું અંતઃકરણ પીગળ્યું અને તે બોલ્યો: "છોકરા! તારો ચહેરો જોઇને મને લાગે છે કે તેં થોડા દહાડાથીજ ભીખ માગવા માંડી છે."

છોકરાએ કહ્યું: "સાહેબ! મેં કદિ પણ ભીખ માગી નથી. અમારી હાલત ઘણી ખરાબ થઈ છે તેથી આજેજ હું ભીખ માગવા આવ્યો છું. થોડા દહાડા ઉપર મારો બાપ મરી ગયો છે; અમને મદદ કરનાર કોઈ નથી; અને પેટ ભરવાનો બીજો કંઇ પણ ઉપાય રહ્યો નથી. અમે બે ભાઇઓ છીએ તેમાં હું મોટો છું. અમારી મા ઘણી માંદી થવાથી પથારીમાં પડેલી છે." આ સાંભળીને રાજાએ પૃછયું: "તારી માનું ઔષધ કોણ કરે છે?" છોકરે કહ્યું: "સાહેબ! તે ઔષધને માટે પૈસા નથી તેથીજ હું ભીખ માગવા આવ્યો છું."

તે છોકરાની વાત સાભળીને રાજાના હૃદયમાં ઘણીજ દયા આવી. પછી તેણે તે બાળકના ઘરનું ઠેકાણું પૂછી લીધું અને તેના હાથમાં કેટલાક રૂપીઆ મૂકીને કહ્યું: "જલદીથી તારી માને માટે ડૉકટર તેડી જા. જરાએ ખોટી થઇશ નહિ." છોકરો ખુશી થતો વૈદ્યને બોલાવવા માટે દોડી ગયો.

બીજી તરફ રાજા શોધતો શોધતો તે બાળકને ઘેર ગયો; અને જાણી લીધું કે બાળકે કહેવા કરતાં પણ તેઓની હાલત વધારે ખરાબ છે. તેણે જોયું કે તેની મા પથારીમાં સૂતી છે અને તેનો એક નાનો છોકરો ઘણોજ શોકાતુર થઇને તેની પાસે બેસીને રૂવે છે. પછી રાજાએ "હું વૈદ્ય છું" એમ કહીને તે સ્ત્રીના મંદવાડની સર્વ હકીકત પૂછી લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછનારનો દયાળુ સ્વભાવ જોઇને તે સ્ત્રીએ કહ્યું: " સાહેબ ! રોગને બદલે દુર્દશાથીજ હું માંદી થઈ છું. આપને શું કહું ? થોડા દિવસ થયાં મારો ધણી મરી ગયો છે; જે કંઇ થાપણ મૂકેલી તે સર્વ વેપારીએ દેવાળું કાઢવાથી જતી રહી છે; બેઉ છોકરા ઘણાજ નાના છે; તેઓનું ભરણપોષણ કરવાનો હવે કંઈ ઉપાય નથી. હું પોતે મરૂં તેની મને ચિંતા નથી, પણ મારાં બે નિરાધાર બાળકનું શું થશે તે વિચારથી હું ઘણીજ ચિંતાતુર રહું છું. મોટો છોકરો મારા ઉપરના પ્રેમને લીધે મારી દવાને માટે પૈસા મેળવવા ગયો છે. "

આ કુટુંબની આવી ખરાબ હાલત સાંભળીને રાજા આંસુ ભરેલી આંખથી બોલ્યો: " તમે ગભરાશો નહિ. પ્રભુની કૃપાથી તમારો રોગ જલદી દૂર થશે અને પૈસા પણ મળશે. મને કાગળનો એક કકડો આપો એટલે તમારી હાલત પ્રમાણે તમને ઔષધ લખી આપું. " ઘરમાં કાગળ ન હોવાથી તે સ્ત્રીએ છોકરાની ચોપડીનું છેલ્લું પાનું ફાડી આપ્યું. રાજાએ તે પાનું લઇ તે ઉપર કંઇક લખ્યું અને પછી તે પાનું પાછું આપીને કહ્યું: " મેં એમાં જે ઔષધ લખ્યું છે, તેથી તમને સંપૂર્ણ આરોગ્ય થશે. " આટલું કહીને તે ત્યાંથી ચાલ્યો ગયો.

રાજા બહાર ગયા પછી થોડીવારે છોકરો વૈદ્યને લઈ આવ્યો અને ખુશી થતો માને કહેવા લાગ્યો: " મા ! હવે તું ગભરાઇશ નહિ. રૂપીઆ પણ મળ્યા છે અને ડૉકટરને પણ લાવ્યો છું. " પુત્રને ખુશી થતો જોઇને માની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. તેણે છોકરાને બચી કરી અને કહ્યું:- " બેટા ! ભગવાન તને લાંબું આયુષ્ય આપે. હમણાંજ એક ડૉકટર આવીને કાગળના કકડાપર ઔષધ લખી આપી ગયો છે. તે ઘણોજ દયાળુ હતો. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને છોકરાની સાથે આવેલા ડૉકટરે લખી આપેલો કાગળ માગી લઇને વાંચી જોયો; તો તેમાં તેણે રાજાના હાથની સહી જોઇ. તે આશ્ચર્ય પામીને બોલ્યો: " બાઈ! હવે તમારૂં સર્વ દુ:ખ ગયું સમજજો. મારી પહેલાં જે માણસ આવ્યો હતો તે જુદાજ પ્રકારનો ડોકટર હતો. તેણે તમને જે ઔષધ આપવાનું લખ્યું છે તે કરતાં ઉત્તમ ઔષધ આપવાની મારામાં શક્તિ નથી. તે ઔષધથી જેવું તમારૂં ભલું થશે તેવું મારી દવાથી થનાર નથી. જે માણસ તમારે ઘેર આવ્યો હતો તે તો જર્મનીનો બાદશાહ પરમ દયાળુ બીજો જોસફ હતો; અને તે આ કાગળમાં તમને ઘણા રૂપીઆ આપવાનો હુકમ લખી ગયો છે. "

આ સાંભળીને તે સ્ત્રી તથા તેના છોકરાના મનમાં જે આશ્ચર્ય અને ઉપકારની લાગણી થઈ આવી તેનું વર્ણન કરી શકાય તેમ નથી. તેઓ કેટલીક પળ સુધી તો સ્તબ્ધજ થઇ રહ્યાં. પછી ગદ્ગદ્ વાણીથી તેઓ પ્રભુની પાસે તેના અચળ રાજ્ય અને લાંબા આયુષ્યની પ્રાર્થના કરવા લાગ્યાં. રાજાના આવા ઉપકારથી તે બાઇડી જલદીથી સારી થઇ અને સુખમાં દિવસ ગુજારવા લાગી. જુઓ, એ ભલા છોકરાની મા ઉપરની પ્રીતિથી બધાંને કેવું સુખ થયું ?

૧૬. માતાને માટે કપડાં વેચનાર બાળકી.

જર્મનીનો એજ રાજા બીજો જોસફ એકવાર નગર ચર્ચા જોવા માટે એકલો ફરતો હતો; એજ વખતે એક ગરીબ છોકરી તેજ રસ્તા ઉપરથી પોતાનાં કપડાં વેચવા સારૂ ચાલી જતી હતી. રાજાએ તેનો ચિંતાતુર ચહેરો જોઇને સમજી લીધું કે આ છોકરી ઘણીજ દુ:ખી છે; તેથી તેને પોતાની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવીને ધીમેથી પૂછ્યું: "હે છોકરી! તારો ચહેરો કેમ ઉદાસ જેવો લાગે છે?"

આ સાંભળીને તે છોડી ઉભી રહી અને બોલી: "સાહેબ! થોડા દિવસ પર મારો બાપ મરી ગયો છે અને મારી મા બહુ માંદી છે. તેના ખોરાક અને ઔષધ માટે બીજો ઉપાય નહિ હોવાથી આ મારાં કપડાં વેચવા જાઉં છું. આ કપડાં વેચ્યાથી આજ તો જેમ તેમ ચાલશે; પણ કાલે શું કરીશું, અને મારી મા ખોરાક તથા ઔષધ સિવાય મરી જશે, એની મારા મનમાં બહુજ ચિંતા રહે છે."

આટલું બોલતાં બોલતાં તો તે છોકરીની આંખમાંથી ચોધારાં આંસુ નીકળી પડવા લાગ્યાં. થોડીવારે શોક સમાવીને પછી તે કહેવા લાગી: "સાહિબ! આ રાજ્યમાં બહુ અન્યાય છે. તેવું ન હોત તો કદિ અમારી આવી દશા થાત નહિ. મારા બાપે ઘણાં વર્ષ સુધી લશ્કરી નોકરી ઘણાજ યત્ન અને ઉત્સાહની સાથે કરી હતી. બાદશાહ જો ન્યાયી હોત તો તેમને જ્યારે તે ઘડપણમાં કામ કરવાને અશકત થયા ત્યારે કાંઇ પણ ઇનામ અથવા પેન્શન મળ્યું હોત. પણ બાદશાહે તેમની કશીજ ખબર લીધી નહિ અને તેઓ પૈસા વિના ઘડપણમાં ઘણા દુઃખી થઈને મરી ગયા." બાદશાહ આ વાત સાંભળીને ઘણોજ દુઃખી થયો અને બોલ્યો: "બહેન, બાદશાહના ઉપર તમારૂં લેણું છે એ વાત તો તે જાણતા પણ નહિ હોય. હમ્મેશાં તેમને રાજ્યકાર્યમાં ગુંથાઇ રહેવું પડે છે. તારા બાપની માઠી દશા વિષે તેઓને જણાવ્યું હોત તો જરૂર તેઓ વિચાર કરત. હજી પણ તારી હકીકત લખીને તેઓની પાસે મોકલ."

છોકરીએ કહ્યું: "સાહેબ! અમારા જેવા માણસની અરજ રાજાના કાનપર પહોંચવી બહુજ મુશ્કેલ છે." આ સાંભળીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ કહ્યું: “ તું તેને માટે ફિકર કરીશ નહિ. બાદશાહની જોડે મારે ઘણો સારો સંબંધ છે; તેથી હું તને જરૂર મદદ અપાવીશ.”

આમ કહીને રાજાએ તે છોકરીના હાથમાં કેટલાક રૂપીઆ મૂકીને કહ્યું: “ તારે તારાં કપડાં વેચવાની હવે જરૂર નથી. હમણાં તું ઘેર જા અને ત્રીજે દિવસે કચેરીમાં આવીને જરૂર મને મળજે. ” આટલું કહ્યા પછી રાજા તેના બાપનું નામ પૂછી લઈ તેને ધીરજ આપીને ચાલ્યો ગયો.

પોતાની સાથે વાત કરનાર પુરૂષની આવી ભલાઈ જોઇને તે છોકરી બહુજ આશ્ચર્ય પામી; અને તે દેખાતો બંધ થયો ત્યાં સુધી તેના તરફ આંસુ ભરેલી આંખથી જોઈ રહી. પછી ઘેર જઇને તેણે પોતાની માને બધી હકીકત કહી.

કચેરીમાં જઇને તપાસ કરતાં રાજાને માલમ પડયું કે છોડીનું કહેવું સઘળું ખરૂં હતું. રાજાએ તરતજ તે મા દીકરીને કચેરીમાં બોલાવીને તે છોકરીના બાપને જેટલો પગાર મળતો હતો તેટલું પેન્શન દરમાસે આપવાનો હુકમ કર્યો; અને તે મા દીકરીને નમ્રભાવથી કહ્યું કેઃ–“ વખતસર પેન્શન નહિ મળ્યાથી તમને ઘણુંજ દુઃખ વેઠવું પડયું છે; એને માટે હું તમારી પાસે માફી માગું છું. તમે વિચાર કરીને જોશો તો જણાશે કે મેં જાણી જોઇને તમને દુઃખ દીધું નથી. તમારી ઓળખાણના બીજા પણ કોઇ માણસને જો આવું દુઃખ થતું હોય તો તેઓને અરજ કરવાનું કહેજો. ”

આવું કહીને રાજાએ તેઓને જવાની રજા આપી; અને ત્યારથી રાજાએ અઠવાડિયામાં અમુક દિવસે પ્રજાની સાથે મળ-વાનો અને જેને જે કંઇ કહેવું હોય કે ફરીયાદ કરવી હોય તે સાંભળવાનો નિશ્ચય કર્યો. જુઓ, આ છોકરીનો તેની મા ઉપર સાચો પ્રેમ હતો તો ઈશ્વરે પણ તેને કેવી મદદ કરી. તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સારાં કામ કરશો તો તમને પણ એજ પ્રમાણે ઇશ્વર મદદ કરશે એ નક્કી સમજવું.

૧૭–કાકાની મરણક્રિયા માટે દુઃખ વેઠનાર ભત્રિજી.

એક મોટા શહેરમાં એક વૃદ્ધ અને ઘણોજ ગરીબ માણસ રહેતો હતો. તેને સુજી નામે એક જુવાન ભત્રિજી હતી. તે બહુ ભલી હતી અને પોતાના કાકા ઉપર બહુજ હેત રાખતી હતી; પણ ગરીબાઇને લીધે વૃદ્ધ કાકાનું જેવું જોઈએ તેવું ભરણ-પોષણ કરી શકતી નહોતી. તે એક ગૃહસ્થના ઘરમાં ચાકરી કરીને પોતાનો ગુજારો કરતી; અને જે કંઇ થોડા પૈસા મળે તેમાંથી કેટલાક કાકાને આપતી તથા થોડાક પૈસા પોતાનાં કપડાંને માટે રાખતી.

થોડા સમયમાં એ છોકરીનું લગ્ન થવાનો દિવસ નક્કી થયો; પણ લગ્નને બે ત્રણ દિવસ બાકી હતા, એટલામાં તેનો કાકો મરી ગયો. કાકાની મરણક્રિયા કરવા માટે જોઇતા પૈસા ન હોવાથી સુજીએ પોતાના થનારા વરને કહ્યું કે;–“ લગ્નનો પોશાક લેવા માટે જે કંઇ મેં બચાવી રાખ્યું છે, તેમાંથીજ હાલ તો મારા કાકાની ઉત્તરક્રિયા કરીશ. માટે ફરીથી પૈસા એકઠા કરીને પોશાક ખરીદું ત્યાંસુધી આપણે લગ્ન બંધ રાખવું પડશે. ” સુજીની શેઠાણીએ તેની વાત સાંભળીને કહ્યું કે:– “ ઉત્તરક્રિયાને લીધે લગ્ન રોકવાં એ ઠીક નથી. મુકરર કરેલા દિવસેજ લગ્ન થવાં જોઇએ. ” સુજીએ તેને કહ્યું કે;–“ કાકાની ઉત્તરક્રિયા કર્યા વિના હું લગ્ન કરૂં તો મારા જેવી પાપી કોઈ કહેવાય નહિ. ”

આથી શેઠાણીએ ગુસ્સે થઈને સુજીને નોકરીમાંથી કાઢી મૂકી અને વરે પણ લગ્ન કરવાની ના પાડી સુજી તેથી દુઃખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ થતાં તરત કાકાના ઘરમાં ગઈ અને તેના દેહની ઉત્તર-ક્રિયા કરાવી. ક્રિયા થઇ રહ્યા પછી સુજી એકાંતમાં બેસીને કાકાનો શોક કરતી હતી, એટલામાં એક ખુબસુરત અને ભલો જુવાન માણસ ત્યાં આવ્યો. એ સુજીને સેજસાજ ઓળખતો હતો; પણ જે કારણ માટે તેને નોકરીમાંથી કાઢી મૂકી અને તેનું લગ્ન તૂટી ગયું તે સાંભળીને તે તેના ઉપર ઘણોજ રાજી થયો હતો. એ ઘણો પૈસાદાર હતો પણ સદ્‌ગુણી સ્ત્રી મેળવવા માટે તેણે હજી લગ્ન કર્યું નહોતું. સુજીની હકીકત સાંભળ્યા પછી તેની સાથે લગ્ન કરવાનું તેણે નક્કી કર્યું હતું. સુજી તે માણસને બહુજ સારા સ્વભાવના પૈસાદાર તરીકે જાણતી હતી; તેથી તેને એકાએક આવેલો જોતાંજ શોક દબાવીને તે ઉભી થઈ. પછી તે માણસ જરા હસીને બોલ્યો: "સુજી! મેં સાંભળ્યું છે કે તમને નોકરીમાંથી કાઢી મૂક્યાં છે; અને લગ્નનો પણ સંબંધ તૂટી ગયો છે. જો તમને હરકત ન હોય તો હું તમારી જોડે લગ્ન કરવા તૈયાર છું." સુજી આ સાંભળીને બહુ આશ્ચર્ય પામીને બોલી: "સાહેબ! તમે મોટા માણસ છો. આવી શોકની વેળાએ મુજ ગરીબની મશ્કરી કરવી તમને ઘટિત નથી."

આ સાંભળીને તે જુવાને કહ્યું: "હે ભલી છોકરી! ધર્મની સાક્ષીથી કહું છું કે હું મશ્કરી કરતો નથી. તમે જાણો છો કે મારૂં લગ્ન થયું નથી; પણ હવે મેં નક્કી કર્યું છે કે તમારા જેવી ગુણવાન સ્ત્રી મળે તો અવશ્ય લગ્ન કરવું."

આ વાત સાંભળીને સુજીએ કહ્યું: "હવે મને મશ્કરી જણાતી નથી. તમારી સાથે લગ્ન થાય એમાં હું મને ભાગ્યશાળી ગણીશ; પણ મારા જેવી ગરીબ નિરાધારની સાથે લગ્ન કરવાથી સૌ તમારી મશ્કરી કરશે. માટે તમારે મારી સાથે લગ્ન કરવું યોગ્ય નથી." આ સાંભળીને તે જુવાને હસ્તે ચહેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું કે:–"જો કેવળ એજ વાતની અડચણ હોય તો તેને માટે ફિકર કરશો નહિ અને મારી સાથે ચાલો. મારી મા તમારી વાટ જોતી બેઠી છે." સુજીનો કાકો એક બિલાડીને ઘણોજ ચ્હાતો હતો. એ બિલાડી મરી ગયા પછી તેણે એના ચામડાવડે બિલાડીની આકૃતિ ઉભી કરીને પોતાના બિછાના ઉપર રાખી હતી. જતી વખતે સુજીએ કહ્યું: "હું મારા કાકાના સ્મરણને માટે આ બિલાડીની આકૃતિ સાથે લઇ લઉં" એમ કહીને તે ઉપાડવા જાય છે તો તેમાં ઘણો ભાર જણાયો. તે જોઇને સુજી બહુ આશ્ચર્ય પામી. પછી પેલા જુવાન માણસે વજનનું કારણ જાણવા માટે બિલાડીનું ચામડું ઉખેડયું તો તેમાંથી મ્હોરો પડવા લાગી! સુજીનો કાકો ઘણોજ કંજુસ હતો. ખાવા ઓઢવાનું દુઃખ વેઠીને તેણે એક હજાર મ્હોરો એકઠી કરી રાખી હતી. તેનું એકત્ર કરેલું ધન આ પ્રમાણે હવે તેની ભલી ભત્રિજીને પોતાના ઉત્તમ ગુણના ઇનામ રૂપે મળ્યું.

૧૮–માબાપના ભલા માટે ઘણું દુઃખ વેઠનારી છોકરી.

રૂશિયાના એક મોટા શહેરમાં રહેતા લકુલપ નામના એક પ્રતિષ્ઠિત માણસ ઉપર રાજાની ઇતરાજી થવાથી તેને કુટુમ્બની સાથે સાઇબીરિયાના જંગલમાં દેશનિકાલ કર્યો. ત્યાં લોકોને રહેવાની ઘણી થોડી જગ્યા છે; સખત તાપ પડે છે; કામ પણ વધારે કરાવે છે અને ઘાતકી જનાવરો બહુ રહે છે. લકુલપ પોતાનું ધન, જન્મભૂમિ અને સગાં વહાલાંથી વિખૂટો પડીને પોતાની સ્ત્રી અને પ્રાસી નામની એક નાની કન્યાને લઇને એ સ્થાનમાં રહેવા લાગ્યો. આ ઠેકાણે એ કન્યાની ઉમ્મર પંદર વર્ષની થઈ ત્યારે એક દહાડો માબાપને દુઃખી જોઇને તેણે તેનું કારણ પૂછયું. તેની માએ પોતાની આગલી હાલત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાની ઈતરાજી વિષે વાત કહી. તે સાંભળીને પ્રાસી ઘણીજ દુઃખી થઇ અને કેટલોક વિચાર કર્યા પછી માતાને તેણે કહ્યું કે:—" હું બાદશાહની પાસે જઈને તમને છોડાવવા ઈચ્છું છું. મને જવાની રજા આપો." તે માબાપે પહેલાં તો જવાની રજા આપી નહિ; પરંતુ જ્યારે તે બહુ પાછળ લાગી ત્યારે છેવટે તેને રજા આપી. પ્રાસી સારા સ્વભાવની અને ધર્મપરાયણ હતી. પોતાને ઘણે છેટે પૈસા વિના એકલું જવાનું હોવાથી પરમેશ્વરની પ્રાર્થના કરી તેના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને તથા પિતામાતાને પ્રણામ કરીને તે નીકળી પડી. માર્ગમાં તેને જે જે દુઃખ વેઠવાં પડયાં હતાં તેનું વર્ણન લખતાં ફક્ત એકજ પ્રસંગ લખવામાં આવે છે. એક વખતે જંગલમાં રાત્રિ પડી જવાથી તે એક ઝાડ તળે સૂઇ રહી. બીજે દહાડે તે જગા આગળ એક ગાડી જતી હતી, તેમાં બેસનારાઓને દયા આવવાથી ગાડીમાં તેમણે તેને બેસાડી લીધી; પરંતુ ગાડીમાંથી ઉતરતી વેળાએ પ્રાસી કીચડમાં પડી ગઇ. તે બે દિવસની ભૂખી હતી તેથી તે ગામમાં બહુ ફરી, પણ કોઇએ કંઇ આપ્યું નહિ. ઉલટા લોકો તેને ચોર ધારીને હાંકી મૂકવા લાગ્યા અને મારવા લાગ્યા.

છેવટે તે એક દેવળ તરફ ગઈ તો ત્યાં પણ દરવાજો બંધ હતો. હવે શું કરવું ? ક્યાં જવું ? એનો તે વિચાર કરવા લાગી. ભૂખ અને તરસ તો કકડીને લાગી હતી. છેવટે તે બંધ બારણા આગળ બેઠી, પણ ત્યાં પણ બિચારીને ગામના છોકરા આવીને મારવા લાગ્યા અને ચોર ચોર કહીને બૂમો પાડવા લાગ્યા. છોકરી છેકજ નિરૂપાય થઈને સર્વ દુઃખના ટાળનાર પરમેશ્વરની સ્તુતિ કરવા લાગી. અહા! કેવું આશ્ચર્ય! તેજ વેળાએ એક દયાળુ સ્ત્રી તેની પાસે આવી અને તેણે તેને ખાવાનું અને લુગડાં આપ્યાં તથા તેને પોતાને ઘેર લઇ ગઇ. ત્યાર પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા દિવસ વિસામો લઇને પાછી તે પોતાનું કામ કરવાને નીકળી. રસ્તામાં જતાં એક જંગલી કૂતરાંનું ટોળું તેને મળ્યું; પરંતુ એટલામાં પરમેશ્વરની કૃપાથી એક મુસાફર ત્યાં આવી ચડયો તેણે તેને બચાવી. એ પ્રમાણે ઘણાક દિવસ માર્ગમાં તે જાતજાતની વિપત્તિઓ વેઠતી ચાલી. એટલામાં શિયાળાની ઋતુ શરૂ થઇ. ત્યાં શિયાળામાં ઘણીજ ટાઢ પડે છે અને બધી ધરતી બરફથી ઢંકાઇ જાય છે તેની પાસે ગરમ કપડાં નહોતાં તેથી તે ઘણું દુઃખ પામવા લાગી. તે વેળાએ ઇશ્વરની કૃપાથી કેટલાંક માણસો ગાડીમાં બેસીને જતાં હતાં; તેઓએ તેને ગાડીમાં બેસાડીને ચામડાનો કોટ આપ્યો. ત્યાર પછી થોડા દિવસમાં તે માંદી પડી; તે વેળાએ પણ દયાળુ માણસોએ તેની માવજત કરી. ત્યાર બાદ તે ચાલવા લાગી. એક વર્ષે ઘણાં ઘણાં દુઃખો સહન કરીને અન્તે તે રાજધાનીમાં આવી પહોંચી. ત્યાં એક ભલી બાઇએ રાણીને મળવાની તદબીર કરી આપી. રાણીને તેણે પોતાના બાપની બધી હકીકત કહી અને પોતે તેને છોડાવવાને માટે આટલા દૂરથી આવી છે તે કહ્યું. રાણી તેના આવા સદ્ગુણો જોઇને ઘણીજ ખુશી થઈ અને તેને બાદશાહની પાસે લઇ ગઇ. બાદશાહે તેની બધી હકીકત સાંભળી અને તરત તેના બાપને છોડી દેવાનો હુકમ આપ્યો; અને છોકરીને થોડુંક ધન આપી વિદાય કરી. લકુલપને આવવાનો હુકમ મળ્યાથી તે પોતાની સ્ત્રી જોડે પાછો રાજધાનીમાં આવ્યો; પણ પોતાની કન્યાને તે વધારે દિવસ જીવેલી જોવા પામ્યો નહિ. કારણ કે રસ્તાના થાક, આફતો અને ભૂખ તરસ વગેરેનાં દુઃખોથી તે એવી તો માંદી તથા દુર્બળ થઇ ગઈ હતી કે થોડાજ દિવસમાં મરણ પામી.

ધન્ય છે આ છોકરીને ! કે જેણે પોતાના બાપનું દુઃખ દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા પાછળ પોતાનો પ્રાણ આપ્યો. આનુંજ નામ ખરી માબાપ ઉપરની માયા.

૧૯—માબાપને ખાતર પોતાના દાંત વેચનાર છોકરી.

એક વરસે અમેરિકાના એક પ્રગણામાં મોટો દુકાળ પડયો હતો, તેથી ઘણાં માણસો મરણ પામતાં હતાં. તેમાંનાં બે વૃદ્ધ સ્ત્રીપુરૂષ પ્રાણ જવાની તૈયારીમાં આવી પડયાં હતાં. તેઓની એક નાની દીકરી હતી. તે છોકરી મહેનત-મજૂરી કરીને થોડુંક કમાતી હતી અને પોતે દુઃખ વેઠીને તેઓનું ગુજરાન કરતી હતી; પરંતુ ધીરે ધીરે તે પણ દુર્બળ થતી ગઈ. હવે તેનાથી મજૂરી થઈ શકતી નહોતી; એથી અન્ન વગર વૃદ્ધ માબાપના પ્રાણ જવાની તૈયારી થયેલી જોઇને તે મનમાં ઘણીજ દુઃખી બની ગઇ. એટલામાં એક માણસને મોઢે તેણે સાંભળ્યું કે, એક દાંતના ડૉકટરે જાહેર ખબર છપાવી છે કે જે માણસ પોતાના સારામાં સારા દાંત આપશે તેને દરેક દાંતની કિંમત ત્રણ ગીની મળશે અને તે દાંત પોતે ઉખેડી લેશે. ભકિતવાન બાલિકા આ ખબર સાંભળીને તરતજ પોતાના આગલા દાંત વેચવા માટે ડૉકટરની પાસે ગઇ. ડૉકટરે તે નાની છોડીને જોઇને પૂછયું:—“ શા માટે તું આટલું દુઃખ અને જીંદગી-ભરનું નુકશાન ખમવા આવી છે ? ” તેણે પોતાની સર્વ હકીકત કહી સંભળાવી. માબાપના ઉપર છોકરીનો આગાધ પ્રેમ જોઇને ડૉકટરની આંખમાંથી આંસુની ધાર વહેવા માંડી. તેણે તરતજ ૧૦ ગીની આપીને તે છોકરીને જવાની રજા આપી. છોકરી તે ડૉકટરનો ઉપકાર માનીને બહુજ ખુશી થઇ અને વધુ ઉલટથી પોતાનાં માબાપની સેવા કરવા મંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦–પિતાને બદલે ફાંસીએ ચડવા તૈયાર થયેલો છોકરો.

યૂરોપના સ્વીડન દેશમાં એક ગૃહસ્થ ઘણા વર્ષથી એક જોખમદારીની નોકરી કરતો હતો. એક વેળાએ તે કેટલાક મોટા ગુન્હાઓમાં અપરાધી ઠરવાથી તેને ફાંસી દેવાનો હુકમ થયો. તેનો એકનો એક અઢાર વર્ષની ઉમ્મરનો પુત્ર હતો. તેણે એ વાત સાંભળીને તરત ન્યાયાધીશની પાસે જઈને કરગરીને કહ્યું: " મારા પિતાને બદલે મને ફાંસી દો. પિતાનું મરણ થતાં હું જીવી શકીશ નહિ. " છોકરાનું આવું બોલવું સાંભળીને ન્યાયાધીશ ઘણોજ આશ્ચર્ય પામ્યો. પ્રથમ તો તેને એમ પણ લાગ્યું નહિ કે તે છોકરો સાચુંજ કહેતો હશે; પણ જ્યારે તેની એ વિષે ખાત્રી થઇ ત્યારે તેણે સર્વ વૃત્તાન્ત રાજાને લખી જણાવ્યો. રાજાએ સર્વ હકીકત જાણ્યા પછી તે અપરાધી ગૃહસ્થને ક્ષમા કરવાનો હુકમ આપ્યો અને તેના છોકરાને એક સન્માન સૂચક ઇલકાબ આપવાનો હુકમ કર્યો.

૨૧–ભારે મહેનત કરી બાપનું કરજ ભરનારી છોકરી.

એક શહેરમાં આવેલા એક ઘરમાં પિતા અને પુત્રી બે જણ રહેતાં હતાં; અને ઘરનો સર્વ બોજો કન્યાની ઉપર હતો. એક દિવસે પિતાને બહુજ ઉદાસીમાં બેઠેલો જોઈ પુત્રીએ તેનું કારણ પૂછયું. પિતાએ કહ્યું:–" હવે હું ઘરડો થયો છું. મારી દુકાન હતી તે પણ વેચાઈ ગઈ અને ૩–૪ હજારનું દેવું થઇ ગયું છે. લેણદારો મારા ઉપર ફરીયાદ કરશે પણ શું કરૂં ? મારી પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઇ પણ રહ્યું નથી." એ સાંભળી કન્યાએ પિતાને ધીરજ આપી; પરંતુ દેવાની ચિંતામાં તેનો પિતા છેવટે માંદો પડયો અને આખરે મરી ગયો. તેના મરણ વખતે તેની કન્યાએ પ્રતિજ્ઞા કરી કે, "તમારૂં કરજ નહિ ભરૂં ત્યાં સુધી હું પરણીશ નહિ." તે દહાડાથી તે પિતૃભક્ત કન્યાએ એક વર્ષ નહિ, બે વર્ષ નહિ; પરંતુ બાર વર્ષ સુધી કઠોર પરિશ્રમ કરીને પિતાનું સઘળું કરજ ભર્યું. આ પ્રમાણે પ્રતિજ્ઞા પૂર્ણ થતાં તે પિતાની કબર પાસે ગઈ અને તેમનો કરજમાંથી છુટકો થવા બદલ પરમેશ્વરને ધન્યવાદ આપવા લાગી. ત્યાર પછી એક પૈસાદાર અને ગુણવાન માણસના જાણવામાં એ વાત આવવાથી એવી સદ્ગુણી બાઇ સાથે પોતાનું લગ્ન થાય તો પોતે કેવો ભાગ્યશાળી થાય, એમ સમજીને તેણે તેને પોતાની સાથે પરણવા માગણી કરી. બાઇએ ખુશીથી તેની સાથે લગ્ન કર્યું અને પછી બેઉ જણ નાના પ્રકારનાં સારાં કામો કરવામાં જીવન ગાળવા લાગ્યાં. ધન્ય છે એવી કન્યાઓને, કે જે પિતામાતાને મુવા પછી પણ કરજમાંથી મુક્ત કરે છે.

૨૨–મોટા ભાઇને બદલે દરિયામાં પડનાર નાનો ભાઈ.

પંદરમા સૈકાના આરંભમાં પોર્ટુગીઝોનાં વહાણ હિંદુસ્તાનમાં આવતાં હતાં. એક વેળાએ એક વહાણમાં આશરે સો માણસો બેસીને હિંદુસ્તાન તરફ આવતાં હતાં. પહેલાં કેટલાક દિવસ તો વહાણ સારી રીતે ચાલ્યું; પણ તે એક ખરાબા ઉપર અથડાવાથી થોડીજ વારમાં તે ડૂબી જશે એમ સર્વને લાગ્યું.

તે વહાણમાં એક નાની હોડી હતી. તેને આવો પ્રસંગ જોઇને કપ્તાને દરિયામાં ઉતારી અને ખાવાની વસ્તુઓ લઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓગણીસ માણસની જોડે તે તેમાં બેઠો. બીજા પણ ઘણા માણસો હોડીમાં ઉતરવાની કોશીશ કરતા હતા; પરંતુ વધારે માણસો થાય તો હોડી ડૂબી જાય એમ હોવાથી તેઓને તરવારના મારથી રોકવામાં આવ્યા. પછી થોડીવારે વહાણ ડૂબી ગયું.

સમુદ્રમાં હોકાયંત્ર સિવાય રસ્તાનો નિર્ણય થઇ શકતો નથી. આ વહાણમાં એક હોકાયંત્ર હતું; પણ કપ્તાન ગભરાઇ જવાથી તે યંત્ર સાથે લઇ લેવાનું ભૂલી ગયો હતો. હોડીમાંનાં માણસો કઇ તરફ જવું તેનો નિર્ણય કરી શક્યાં નહિ. વળી વહાણમાં પીવાનું મીઠું પાણી હતું, તે લેવાનું પણ સર્વ ભૂલી ગયા હતા. આવી દુર્દશામાં તેઓ હોડી ચલાવવા લાગ્યા.

કપ્તાન પહેલેથીજ રોગી અને દુર્બળ હોવાથી ચાર દિવસમાંજ મરણ પામ્યો. આ બનાવથી હોડીમાં બહુજ અવ્યવસ્થા થઈ પડી. સર્વે એક બીજા ઉપર હુકમ ચલાવવા લાગ્યા અને કોઇ કોઈનું માનતું નહિ. અંતે બધાએ સંપ કરીને એક વૃદ્ધ માણસને સર્વનું ઉપરીપણું સોંપ્યું.

કેટલે દહાડે તેઓને કાંઠો મળશે તેની કોઇને ખબર ન હતી અને ખોરાક પણ થઈ રહેવા આવ્યો હતો; તેથી વધારે દિવસ જીવી શકાય તેમ નહોતું. નવા કપ્તાને કહ્યું કે, આપણે સોરટી કહાડીને આપણામાંના ઓછામાં ઓછા ચોથા ભાગના માણસોને સમુદ્રમાં નાખવા જોઇએ; કે જેથી વધારે દિવસ ખોરાક પહોંચી બાકીના માણસો તેટલું વધુ જીવી શકે.

આ સલાહ સર્વને પસંદ પડી. હોડીમાં બધાં મળીને ઓગણીસ માણસો હતાં. તેમાં એક પાદરી અને એક સુતાર હતો. એ પાદરી મરતી વેળાએ ધર્મ સંબંધી ઉપદેશ આપશે અને સુતાર જરૂર પડશે તો હોડીને દુરસ્ત કરી શકશે; એમ ધારીને તે બે જણ અને નવા વૃદ્ધ કપ્તાનને સઘળાઓએ એ સોરટીમાંથી મુક્ત કર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે ત્રણ સિવાયના બાકી રહેલા સોળ માણસોમાં સોરટી કહાડતાં જે ચાર માણસને દરિયામાં ફેંકવાનું નક્કી થયું, તેમાંના ત્રણ તો તેજ સમયે મરવાને તૈયાર થયા. ચોથા માણસનો નાનો ભાઈ હોડીમાં હતો; તે પોતાના મોટા ભાઈને મરવા તૈયાર થએલો જોતાંજ સ્નેહપૂર્વક તેને ભેટી પડીને આંસુ ભરેલી આંખથી બોલ્યો: " હું તમને મરવા દઇશ નહિ. તમારે બદલે હું મરીશ. તમારે સ્ત્રી અને છોકરાં છે. વળી આપણે ત્રણ અનાથ બહેનો છે. તમે જીવતા હશો તો તેઓનું ભરણપોષણ કરી શકશો અને હું કુંવારો છું માટે હુંજ મરીશ. "

મોટોભાઇ નાનાભાંઇનું આવું અદ્‌ભુત કહેવું સાંભળીને આશ્ચર્ય પામ્યો તથા આંસુ વરસાવતો વરસાવતો ગદ્‌ગદ્ વચનથી કહેવા લાગ્યો: " ભાઈ! તું નાનો છે અને મને બહુજ વહાલો છે. જો તને મરવા દઉં તો આખરે મારે પણ શોકથી આપઘાત કરવો પડશે; માટે તું મનેજ મરવા દે. "

નાનાભાઈએ કહ્યું: " હું કોઇ પણ રીતે મારી નજરની સામે તમને મરવા દઇશ નહિ. " આમ કહીને મોટાભાઇને પગે બાઝી પડીને બહુજ રોવા લાગ્યો. ત્યારે મોટાભાઈએ તેને કહ્યું: " ભાઇ, મારી પેઠે તું પણ બહેનોનું, બાળકોનું અને મારી સ્ત્રીનું ભરણપોષણ કરી શકીશ. માટે મને છોડ અને દરિયામાં પડવા દે. "

આ પ્રમાણે મોટાભાઈએ નાનાભાઇને બહુ સમજાવ્યો; પરંતુ આખરે તેને નાનાભાઈનુંજ કહેવું માનવું પડયું. પછી બીજા ત્રણ અને તે નાનોભાઇ મળી ચારને હોડીમાંથી દરિયામાં ફેંકયા. પેલા ત્રણ તો તરતજ ડૂબી ગયા; પરંતુ પેલો નાનો ભાઈ જુવાન હોઈ તરવામાં કુશળ હોવાથી હોડીની નજીકમાં તરવા લાગ્યો.

ભાઈ ઉપરના સ્નેહનું આવું અસામાન્ય દૃષ્ટાંત જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વના અંતઃકરણમાં લાગણી થઇ આવી અને બધાજ આંખો-માંથી આંસુ પાડવા લાગ્યા. પછી થોડીવારે બધાએ એકમત થઇને કહ્યું: " અમારૂં ગમે તે થાય, પણ અમે જરૂર એને બચાવીશું. અમે અમારી આખી ઉમ્મરમાં પણ આવો સ્નેહ ક્યાંય નથી જોયો." આમ કહીને તેઓએ તરત તેને ઉંચકી લીધો.

પછી હોડીમાંનાં સર્વ માણસો આખી રાત મહેનત કરીને હલેસાં મારવા લાગ્યાં. સવાર થતાંજ તેઓએ કાંઠો પાસે આવેલો જોયો. હવે સર્વને હિમ્મત આવી અને સર્વ વધારે બળથી હલેસાં મારવા લાગ્યા. થોડીવારે હોડી આફ્રિકાના મોઝાંબીક પર્વત પાસે પહોંચી. સર્વ મનુષ્યો પ્રભુને ધન્યવાદ આપીને આંસુ ભરેલી આંખ સહિત કિનારે ઉતર્યા; અને થોડે છેટે પોર્ટુગીઝોની વસાહત હતી ત્યાં જઇને આશ્રય મેળવ્યો.

એ વસાયતના માણસો તેમના દુઃખની હકીકત જાણીને ઘણાજ દિલગીર થયા; પરંતુ પેલા નાનાભાઈનો મોટાભાઇ ઉપરનો સ્નેહ સાંભળીને અને આખરે કેવી રીતે નાનાભાઇનો બચાવ થયો તે વાત જાણીને તો તેઓ ઘણાજ રાજી થયા; અને નાનાભાઇને બચાવવા બદલ હોડીના માણસોનાં ઘણાંજ વખાણ કરવા લાગ્યા.

વાંચનાર ભાઇઓ અને બહેનો! આ વાતમાંથી જે બોધ લેવાનો છે તે ખુલ્લોજ છે. તમે પોતેજ તે સમજી લેશો.

૨૩–ભાઈને માટે દુઃખ વેઠનાર છોકરો.

યૂરોપના એક પહાડથી ભરેલા અને બરફ જામેલા દેશમાં શિયાળાની મોસમમાં એક વેળાએ બે ભાઈઓ–જેમાં એક નવ વર્ષનો અને બીજો છ વર્ષનો હતો, તેઓ બરફ ઉપર રમતા હતા. રમતાં રમતાં તેઓ પાસેના જંગલમાં જઈ ચડયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બહુ દૂર નીકળી ગયા; એટલામાં સાંજ પડી જવાથી તેઓ ઘેર જવાનો માર્ગ શોધવા લાગ્યા. જંગલ બરફથી ઢંકાયલું હોવાથી તેમને રસ્તો જડી શકયો નહિ, તેથી મોટાભાઈએ નાનાભાઈને કહ્યું કે:-"આપણે હવે આખી રાત અહીં ગાળવી પડશે; માટે આપણે સુવાને સારૂ બરફ વિનાની જગ્યા શોધી કહાડીએ." શોધવા માંડતાં ચંદ્રના પ્રકાશને લીધે પહાડની એક બાજુએ એક નાની ગુફા તેમની નજરે પડી. તે ગુફામાં જઈને તેમણે આસપાસ પડેલાં થોડાંક પાંદડાં એકઠાં કરીને તેનું એક પ્રકારનું બિછાનું કર્યું. પછી મોટાભાઇએ નાનાભાઈનો હાથ ઝાલીને કહ્યું:-"ભાઇ! હવે રડ નહિ; હવે તારે બીવાનું કારણ નથી. અહિં સૂઇ જા."

મોટાભાઇએ આમ કહીને નાનાભાઇને તે પાંદડાંના બિછાના ઉપર સૂવાડયો અને પોતે પણ તેની પાસે સૂતો. પણ નાનાભાઇથી ટાઢ વેઠાતી ન હતી તેથી તે ઘડિયે ઘડિયે કહેવા લાગ્યો કે, "ભાઇ! ટાઢ બહુ લાગે છે." મોટા છોકરાને નાનોભાઇ બહુજ વહાલો હતો; તેથી હવે કેવી રીતે નાનાભાઇની ટાઢ ઓછી થઇ શકે, તે વિષેનો તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. આખરે બીજો ઉપાય નહિ હોવાથી તેણે પોતાના શરીર ઉપરનાં સઘળાં લુગડાં કહાડીને તેના શરીર ઉપર નાખ્યાં અને તેથી પણ તેની ટાઢ ઓછી થઈ નહિ ત્યારે તે પોતે પણ તેના શરીર ઉપર સૂતો.

આ પ્રમાણે કરવાથી નાના છોકરાની ટાઢ ઓછી થઈ. તેને સુખી થયેલો જોઇને મોટા છોકરાને બહુજ આનંદ થયો. પોતાનું શરીર ઉઘાડું હોવાથી સખ્ત ટાઢને લીધે તે ઘણો દુઃખી થતો હતો; પરંતુ તે દુઃખ તેણે ગણકાર્યું નહિ. આવી અવસ્થામાં જો તેઓ વધારે વાર સુધી રહેત તો મોટા છોકરાનું જરૂર મરણ નિપજત; પરંતુ સારા નસીબે તેમ થયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. કારણ કે સાંજ પડયા પછી બાળકો ઘેર નહિ આવવાથી તેમનો બાપ તેમને શોધવા નીકળ્યો. તેણે કેટલેક ઠેકાણે શોધ કરી પણ પત્તો મળ્યો નહિ; ત્યારે પછી તે મોટેથી બૂમો પાડતો પાડતો તે ગુફાની પાસે આવી પહોંચ્યો. ગુફામાં જોયું તો બંને ભાઈને લપાઇને સૂતેલા તેણે દીઠા. બાપે તેમની આશા છોડી હતી; તેથી તેમને જોઈને તેની આંખમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યાં. પછી મોટા છોકરાએ સર્વ હકીકત બાપને કહી સંભળાવી; અને બાપે પણ મોટાભાઈનો નાનાભાઇ ઉપરનો એવો સ્નેહ જોઇને તેના ઉપર ઘણું વહાલ દેખાડયું. પછી તે બંને ભાઇઓને લઇ ઘેર ગયો.

૨૪—નાનાં ભાઈ બહેનને માટે જીવ આપનારી બાળકી.

એક વેળાએ એક શહેરમાં રાતને વખતે એક લાકડાંના બનાવેલા ઘરમાં આગ લાગી. માણસોનો ઘોંઘાટ થયાથી ઘરનાં માણસો જાગી ઉઠયાં અને ગભરાઇને નીચે ઉતરી ગયાં. તે ઘરમાંના માળીયામાં એક બાર વર્ષની બાળકી પોતાનાં નાનાં ભાઈ બહેનની સાથે સૂતી હતી, તે પણ પોતાના ત્રણ વર્ષના નાના ભાઇને લઇને નીચેના માળપર આવી અને ધૂમાડો ઘણોજ હોવા છતાં તે માળના આગલા કઠેરા પાસે ગઇ. ત્યાં નીચે ઉભેલાં માણસોએ તેને કહ્યું કેઃ—“ છોકરી કૂદી પડ, અમે તને ઝીલી લઇશું.” પણ છોકરીએ તેમ ન કરતાં પોતાના ભાઇને નાખ્યો અને તરત પાછી ઉપર જઇને પોતાની નાની બહેનને લઇ આવી અને તેને પણ નીચે લોકોએ ધરેલી ઝોળીમાં નાખી. પછી તે ૧૨ વર્ષની ભલી છોકરી પોતે પડવા જતી હતી; પણ એટલામાંજ ઘરનું છાપરૂં તૂટી પડયું. આથી તે છોકરીની આંખો તેમજ કપડાં બળી ગયાં. તરતજ આગ હોલવનારા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓએ તેને બળતામાંથી કહાડી. તે બહુજ દાઝી ગઇ હતી. એટલામાં ડૉકટર પણ આવ્યો. તે ડૉકટરે પેલી છોકરીને પૂછ્યું: "મેરી! મને ઓળખે છે?" છોકરીએ કહ્યું: "હા." ડૉકટરે કહ્યું: "મારી વહાલી! હું તને કોઈ રીતે બચાવી શકીશ નહિ." આ સાંભળીને પેલી ભલી છોકરીએ કહ્યું: "**ફિકર નહિ. મેં બહેનનો અને ભાઇનો બચાવ કર્યો છે, તેથી મને પૂરેપૂરો સંતોષ છે અને જરૂર ઈશ્વર મને તારશે.**" આ પછી કેટલીક વારે તે બાળકી મરણ પામી.

જો મેરી પોતેજ પ્રથમથી કૂદી પડી હોત તો તે પોતે જીવી શકત, પણ પોતાનાં નાનાં ભાઇ બહેનની સલામતીનો વિચાર તેના મનમાં આવ્યાથી તેમજ તેમના ઉપર પ્રેમ હોવાને લીધે તેણે તેમ કર્યું નહિ.

૨૫–બહેનને હડકાયા કૂતરાથી બચાવનાર છોકરો.

એક નાનો છોકરો પોતાની નાની બહેન જોડે રસ્તામાં રમતો હતો. થોડી વારમાં તેઓએ બૂમ સાંભળી કે, "છોકરાં નાસો! હડકાએલો કૂતરો આવે છે." પેલા છોકરાએ તરત પોતાનો કોટ કાઢીને જમણા હાથ ઉપર વીંટાળ્યો અને પોતાની બહેનને પોતાની પછવાડે રાખીને તેનો હાથ પોતાના બીજા હાથમાં પકડીને ઉભો. પેલો હડકાએલો કૂતરો તરતજ બે પગથી ઉભો થઈ જઇને તેના હાથના વીંટાયલા કોટ ઉપર બચકાં ભરવા લાગ્યો. જ્યાં સુધી માણસો આવ્યાં નહિ ત્યાં સુધી કૂતરે તેમ કર્યા કર્યું. પછી માણસોએ આવીને તેને લાકડીથી મારી નાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક માણસોએ પૂછ્યું કે:–"શા માટે તું નાશી ગયો નહિ?" તેણે કહ્યું:–" હું એકલોજ દોડીને બચી શકત; પણ મારી બહેન તેટલી દોડી શકત નહિ અને તેને કૂતરો કરડત !" કૂતરાના દાંત જાડા કોટની આરપાર ગયા નહોતા, તેથી છોકરાના હાથને કાંઇ પણ ઈજા થઇ નહોતી. તેણે આવી રીતે પોતાની બહેનને કૂતરાના પંઝામાંથી છોડાવી એ તેની મોટી બહાદૂરી હતી. જો તે છોકરાએ સમયસૂચકતા ન વાપરી હોત તો તેની બહેન મરી જાત. **પોતાનો બચાવ તો સૌ કોઇ કરે છે! પણ બીજાનો બચાવ કરવો એજ મોટામાં મોટી બહાદૂરી છે.**

૨૬–બે મિત્રો વચ્ચેનો ઉત્તમ પ્રેમ.

એક દેશમાં બે માણસો નશીબ યોગે ગુલામ બન્યા હતા. એકનું નામ "એન્ટોનિ" હતું અને બીજાનું "રોજર" હતું. બન્ને એકજ ઠેકાણે કામ કરતા, ખાતાપિતા તથા સૂતા બેસતા હતા. ધીરે ધીરે તેઓને એક બીજા સાથે ઘણોજ પ્રેમ થયો. અવકાશની વેળાએ સુખદુ:ખની વાતો કરવાથી તેઓને ગુલામગીરીનું અસહ્ય દુ:ખ કંઇક ઓછું જણાતું.

સમુદ્રના કિનારા ઉપરના એક પર્વત ઉપર રસ્તો ખોદવાનું કામ તે બન્ને જણા દરરોજ કરતા હતા. એક દિવસ એન્ટોનિએ એકદમ કામ પડતું મૂકી સમુદ્ર તરફ નજર કરીને એક લાંબો નિસાસો નાખ્યો. તે પોતાના મિત્રને કહેવા લાગ્યો કે:–" આ કિનારાને પેલે પાર મારી બધી વહાલી વસ્તુઓ છે. દરેક પળે મને એમ લાગે છે કે જાણે મારી સ્ત્રી તથા બાળકો સમુદ્રના કિનારા ઉપર આવીને એકી નજરે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ જોઇ રહ્યાં છે; અને મારૂં મરણ થયું છે એમ ધારીને રડી રહ્યાં છે. ઇચ્છા થાય છે કે જાણે તરીને તેઓની પાસે જાઉં." એન્ટોનિ જ્યારે પણ તે જગ્યા ઉપર કામ કરવા જતો ત્યારે સમુદ્ર તરફ દૃષ્ટિ કરતાંજ તેના મનમાં આવા ભાવો ઉત્પન્ન થતા. પછી એક દિવસે એક વહાણને જતું જોઇને તેણે રોજરને કહ્યું: "મિત્ર! આટલે દિવસે આપણા દુઃખનો અંત આવ્યો છે. જો પેલું એક વહાણ લંગર કરીને ઉભું છે. અહીંથી બે ત્રણ કોશથી વધારે છેટે નથી. આપણે સમુદ્રમાં કૂદી પડીએ તો તરતા તરતા એ વહાણ ઉપર પહોંચી જઈ શકીએ. કદાચ નહિ પહોંચીએ તો પણ આવું દાસત્વ કરવા કરતાં તો મરણ પણ સેંકડો દરજ્જે સારૂં છે."

આ સાંભળીને રોજરે કહ્યું: "તું આવી રીતે તારો બચાવ કરી શકે તો તેમાં હું ખુશી છું. તું દેશમાં પહોંચી જઇશ તો મારે પણ વધારે દિવસ દુઃખ ભોગવવું પડશે નહિ. જો તું વગર હરકતે આ દુઃખમાંથી છુટે તો મારા દેશમાં જઇને મારાં માબાપની ખોળ કરજે. વૃદ્ધાવસ્થાને લીધે તેમજ મારા શોકથી તેઓ કદાચ મરી ગયાં હશે; પણ જો તે હજી જીવતાં હોય તો તેઓને કહેજે કે;–" આટલું કહેતાંજ એન્ટોનિએ તેને અટકાવીને કહ્યું: "તું શું એમ ધારે છે કે હું તને આવી અવસ્થામાં અહીં મૂકીને એકલોજ જઇશ? તેમ કદિ પણ બનશે નહિ. તું અને હું જુદા નથી. કાંતો બન્ને છુટીશું અથવા તો બન્ને મરીશું." એન્ટોનિની વાત સાંભળીને રોજરે કહ્યું: "તું જે કહે છે તે ખરૂં છે; પરંતુ હું તરી જાણતો નથી, એટલે કેવી રીતે તારી જોડે આવી શકું?" એન્ટોનિએ કહ્યું: "તેને માટે ગભરાતો નહિ. તું મારી કમ્મર પકડજે. હું તરવામાં કુશળ છું; તેથી વગર હરકતે તને લઇને વહાણ સુધી પહોંચી શકીશ." રોજરે કહ્યું: "એન્ટોનિ! આમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઇ પણ વળશે નહિ. કદાચ હું ભયને લીધે તારી કમ્મર છોડી દઇશ અથવા તો ખેંચાખેંચ કરી તને પણ ડૂબાવી દઇશ; માટે આવું કામ કરવાની જરૂર નથી. મારા નસીબમાં જે થનાર હશે તે થશે. તું તારીજ રક્ષાનો ઉપાય કર અને વૃથા કાળ ન ગુમાવ. આવ આપણે છેલ્લા ભેટી લઇએ."

આમ કહીને રોજરે આંસુ ભરી આંખે એન્ટોનિને આલિંગન કર્યું. ત્યારે એન્ટોનિએ કહ્યું: "દોસ્ત! આ રોવાનો સમય નથી. ફરી ફરીને આવો લાગ મળશે નહિ."

એન્ટોનિએ આટલું કહીને પોતાના મિત્રનો ઉત્તર સાંભળવાની વાટ ન જોતાં તેને ધક્કો મારીને સમુદ્રમાં નાખ્યો; અને પોતે પણ તરત તેની પછવાડે કૂદી પડયો. રોજરે સમુદ્રમાં પડતાંજ ગાભરો થઇને જીવવાની આશા છોડી; પરંતુ એન્ટોનિએ તેને હિંમત આપીને ઘણી મહેનતે પોતાની કમ્મર પકડાવી અને તરતો તરતો વહાણ તરફ જવા લાગ્યો.

પેલા વહાણના માણસોએ આ બે જણને પહાડ ઉપરથી સમુદ્રમાં પડતા જોયા હતા; પરંતુ એટલામાં તો ગુલામોની સંભાળ રાખવાનું કામ કરનાર માણસો તેઓને પકડવા માટે હોડી લઇને આવતા ધસી જણાયા. રોજર તેથી ગભરાઇને બોલ્યો: "મિત્ર એન્ટોનિ! તું મને છોડી દઇને એકલો ચાલ્યો જા. એ હોડીવાળા મને પકડવા રહેશે એટલામાં તું વગર હરકતે વહાણ ઉપર પહોંચી જઇશ. માટે હવે તું મારી આશા છોડીને તારો પોતાનોજ બચાવ કર; નહિ તો બન્નેને પકડીને પાછા લઈ જશે."

આવું કહીને રોજરે એન્ટોનિની કમ્મર છોડી દીધી; પણ ઉત્તમ પ્રેમનો કેવો પ્રભાવ છે! એન્ટોનિએ તેને પોતાની કમ્મર છોડી દઈને પાણીમાં ડૂબેલો જોતાંજ તેને બહાર કાઢવા માટે પાણીમાં ડૂબકી મારી. થોડી વાર સુધી તેઓ બન્ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીની સપાટી પર જણાયા નહિ, એથી પેલી હોડીમાંના માણસો પણ કઈ તરફ જવું એ નક્કી નહિ કરી શકાયાથી રોકાઈ રહ્યા. વહાણમાંના માણસો એકીટસે આ અદ્‌ભુત બનાવ જોતા હતા. તેમાંના કેટલાક ખારવા પણ એક હોડી સમુદ્રમાં નાખીને તેઓની શોધ કરવા લાગ્યા. તેમણે થોડી વાર સુધી ચારે બાજુએ ફાંફાં માર્યા પછી જોયું કે, એન્ટોનિએ એક હાથમાં રોજરને મજબૂત પકડયો છે અને બીજા હાથથી હોડીની તરફ આવવા માટે તે અતિશય મહેનત કરી રહ્યો છે. ખારવાઓ આ જોઈ દયાથી ગળગળા થઇને પોતામાં જેટલું બળ હતું તેટલું કામે લગાડીને હલેસાં મારતા તેઓની પાસે જઈ પહોંચ્યા; અને તરત તેઓને હોડીમાં ઉપાડી લીધા.

આ વેળાએ એન્ટોનિ એવો તો થાકી ગયો હતો કે એક મિનિટ વધારે વાર લાગત તો બન્ને પાણીમાં ડૂબી મરત. તમે મારા મિત્રને બચાવો, આટલું બોલતાંમાંજ તે અચેત થઈ ગયો. રોજર પણ તે વેળાએ અચેત હતો; પરંતુ તણે કેટલીક ક્ષણે આંખ ઉઘાડી અને એન્ટોનિને અચેત અવસ્થામાં પડેલો જોઇને ઘણોજ વ્યાકુળ બની ગયો. એન્ટોનિના અચેતન શરીરને આલિંગન દઇને તે આંસુઓ વરસાવવા લાગ્યો. તે કહેવા લાગ્યો કે "સખા! મેંજ તારો વધ કર્યો છે! તેં મારી ગુલામગીરી દૂર કરવા માટે અને મારો જીવ ઉગારવા માટે આટલી બધી મહેનત કરી; પણ મારા તરફથી તો તેનો આવોજ બદલો મળ્યો! હું ઘણોજ નીચ છું; નહિ તો તને મરેલો જોઇને શું મારે જીવવું જોઇએ? તને ગુમાવીને હવે મારે જીવવાનું શું પ્રયોજન છે?"

આવી રીતે શોકાતુર થઇને તે એકદમ ઉભો થયો અને જો ખારવાઓ તેને બળજોરીથી નહિ રોકત તો તે સમુદ્રમાંજ કૂદી પડયો હોત. પાછો તે ઘણોજ વિલાપ અને પરિતાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને કહેવા લાગ્યો: "શા માટે તમે મને રોકો છો? મારે માટેજ એનો પ્રાણ ગયો છે." આવું કહીને તે એન્ટોનિના શરીર ઉપર પડીને કહેવા લાગ્યો: "એન્ટોનિ! હું જરૂર તારો સાથી થઈશ. હે ખારવાઓ! તમને જગદીશ્વરની આણ છે. તમે મને હવે રોકશો નહિ. મને મારા મિત્રનો સાથી થવા દો." પણ એટલામાંજ એન્ટોનિએ એક લાંબો શ્વાસ લીધો. રોજર તે જોઇને આનંદથી અધીરો બનીને ઉચ્ચ સ્વરથી બોલ્યો: "મારો મિત્ર જીવતો છે! મારો મિત્ર જીવતો છે! જગદીશ્વરની કૃપાથી હજુ તેનો પ્રાણ ગયો નથી." ખારવાઓ તેને શુદ્ધિમાં લાવવા માટે ઘણો પ્રયત્ન કરવા લાગ્યા. થોડી વારે આંખ ઉઘાડીને એન્ટોનિએ પોતાના મિત્ર તરફ નજર કરીને કહ્યું: "રોજર! તારી પ્રાણરક્ષા થઇ તેને માટે જગદીશ્વરને ધન્યવાદ આપ." તેનાં અમૃત જેવાં વાક્ય સાંભળીને રોજર એવો ખુશાલીમાં આવી ગયો કે તેની આંખમાંથી ચોધારાં આંસુઓ પડવા લાગ્યાં.

થોડીકવારે તે હોડી વહાણપર પહોંચી. વહાણમાંનાં બધાં માણસો ખલાસીઓને મોઢેથી બધી વાત સાંભળીને તેઓ ઉપર ઘણો સ્નેહ દેખાડવા લાગ્યાં. ઉપલું વહાણ માલ્ટા તરફ જતું હતું. ત્યાં પહોંચ્યા એટલે બંને મિત્રોને કિનારે ઉતારવામાં આવ્યા અને પછી ત્યાંથી તેઓ પોતપોતાને ઘેર ચાલ્યા જઇ સુખી થયા. ભાઈબંધી અથવા મિત્રતા કોનું નામ? આ વાત આ દાખલા ઉપરથી વાંચકોને બહુજ સારી રીતે સમજાશે.

૨૭—મહેતાજી ઉપર એક છોકરાનો પ્રેમ.

એક મોટા દેશની રાણીને છોકરાં ઉપર ઘણોજ પ્રેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. અનેક અનાથ છોકરાંઓનું ભરણપોષણ તે પોતાના ખર્ચથી કરતી હતી. તેણે નોકરોને હુકમ આપ્યો હતો કે "જે પણ અનાથ બાળકને જુઓ તેને મારી પાસે લાવજો."

એક દહાડો પોલીસના માણસો રસ્તામાં પડેલા એક નાના બાળકને રાણી પાસે લાવ્યા. રાણી સ્નેહથી તેનું ભરણ-પોષણ કરવા લાગી.

એ બાળક પાંચ વર્ષનો થયો એટલે તેને નિશાળે ભણવા મૂક્યો. છોકરો પણ સદ્ગુણી અને બુદ્ધિમાન હોવાથી રાણીની મમતા તેના ઉપર દિવસે દિવસે વધવા લાગી અને તેને તે પોતાના પેટના છોકરા જેવો ગણવા લાગી. તે બાળક પણ તેને પોતાની માતા તરીકેજ જાણતો હતો.

એક દિવસ તે નિશાળેથી આવ્યા પછી બહુજ દીલગીર જણાયો. રાણીએ તેને ખોળામાં બેસાડીને કારણ પૂછતાં તે બાળક રોવા લાગ્યો. રાણીએ તેનાં આંસુ લુછયાં અને બોકી દઇને સ્નેહથી કહ્યું: "બેટા! તું શા માટે રડે છે?"

તેણે કહ્યું: "મા! આજે નિશાળમાં પણ હું રડયાજ કર્યો છું. મારા મહેતાજી મરી જવાથી મેં તેની સ્ત્રી અને બાળકોને ત્યાં રોતાં જોયાં. તેઓ કહે છે કે અમે ઘણાં ગરીબ છીએ, અમારી પાસે ગુજરાનનું સાધન નથી અને મદદ કરે એવાં કોઇ સગાંવહાલાં પણ નથી. એ સર્વ જોઈને તથા સાંભળીને મને બહુજ દુઃખ થયું છે. મા! તમારે તેઓને માટે કંઇ બંદોબસ્ત કરી આપવો પડશે."

બાળક પાસેથી આ સર્વ વાત સાંભળીને રાણીના મનમાં બહુજ દયા ઉપજી. તેણે તરતજ એક નોકરને તપાસ કરવાને મોકલ્યો અને તે બાળકને બોકી દઇને કહ્યું: "બેટા! નાની ઉમ્મરમાં તારી આવી બુદ્ધિ અને વિચાર શકિત જોઇને હું ઘણીજ ખુશી થઈ છું. તારા મહેતાજીનાં સ્ત્રી બાળકોને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું જરૂર બંદોબસ્ત કરીશ. માટે તું હવે ખેદ કરીશ નહિ."

મોકલેલા માણસે આવીને બધી બીના છોકરાએ કહી હતી તેવીજ કહી. રાણીએ તે છોકરાને રૂ. ૫૦૦ આપીને મહેતાજીની સ્ત્રી પાસે મોકલ્યો અને પછી થોડાજ દિવસમાં તેના કુટુંબનો સારી રીતે ગુજારો થાય અને તેનાં છોકરાંઓ સારી કેળવણી લે એવો બંદોબસ્ત કરી આપ્યો.

૨૮–ભુંડું કરનારનું ભલું કરનાર છોકરો.

એક શહેરની નિશાળમાં એવો ધારો હતો કે કોઈ છોકરો કંઇ અપરાધ કરે તો મહેતાજી તેના વર્ગના છોકરાઓનું પંચ નીમીને તે છોકરાઓને હાથે તેનો ન્યાય કરાવતો; અને જો ગુન્હો સાબિત થતો તો તેને ફક્ત રોટલી અને પાણી આપીને એક અંધારી કોટડીમાં પૂરી રાખતો. વળી એવો પણ નિયમ રાખ્યો હતો કે જો કોઇ છોકરો તે ગુન્હેગારની વતી પોતે કેદખાનામાં રહેવાનું કબૂલ કરે તો પેલા અપરાધી છોકરાને છોડી દેવામાં આવતો.

તે નિશાળમાં એક મસ્તીખોર છોકરો વારંવાર મસ્તી કર્યા કરતો અને વારંવાર કેદ ભોગવતો. મહેતાજી પણ તેનાથી કંટાળી ગયો હતો. મહેતાજીએ હવે તો એમજ કહ્યું હતું કે; "જો હવે તોફાન કરશે તો તેને સમૂળો નિશાળમાંથીજ કહાડી મૂકવામાં આવશે."

આમ છતાં પણ એક દહાડો પેલા મસ્તીખોર છોકરાએ પાછો એક છોકરાને માર્યો. પંચે તેનો ન્યાય કરી અપરાધી ઠરાવ્યો. પછી કલાસમાં પૂછવામાં આવ્યું કે "તેને સાટે કોઈ કેદમાં પૂરાઇ દયા કરવાને તૈયાર છે ?" ત્યારે બધા નિશાળીઆઓએ કહ્યું કે;–"તે ઘણોજ ખરાબ છે. તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર અમે દયા કરતા નથી." તે વેળાએ જે છોકરાને પેલા કેદ પડેલા છોકરાએ માર્યો હતો, તેના મનમાં દયા આવી અને તેણે કહ્યું કે;–"સાહેબ ! હું તેને બદલે કેદખાનામાં જવાને રાજી છું." આ સાંભળીને બધા આશ્ચર્ય પામ્યા. પછી તેને કેદખાનામાં નાખ્યો અને પેલા મસ્તીખોરને છોડી મૂકયો. તે મસ્તીખોર છોકરો આથી વિચાર કરવા લાગ્યો કે, "મેં જેને માર્યો હતો તેણેજ મને છોડાવ્યો ! આહા ! તે કેવો ભલો છોકરો છે !" તેના મનમાં આ વિષે તરેહવાર વિચારો ઉત્પન્ન થયા અને તે અફસોસ કરવા લાગ્યો. પછી તેણે મહેતાજીને પોતાના અપરાધની માફી આપવાની અને પેલા છોકરાને છોડવાની અરજ કરી; અને હવે હું કદિ પણ ખરાબ ચાલ ચલાવીશ નહિ એવું વચન આપ્યું. ત્યાર પછીથી તેણે કોઇ પણ વેળાએ ખરાબ ચાલ ચલાવી નહોતી.

આ ઉપરથી શિખામણ લેવાની કે દુશ્મનને સારાં કામ કરીને શરમાવવો જોઇએ; નહિ કે ખરાબ વચનો કહીને કે મારીને. ખરી ક્ષમા ત્યારેજ કહેવાય કે દુશ્મનનું પણ હિત કરાય. ઉપલો છોકરો એવોજ ખરેખરો ક્ષમાશીલ હતો.

૨૯–એક સાચા બોલો છોકરો.

એક શહેરમાં ચારલી નામનો એક છોકરો દડો ઉછાળતો ઉછાળતો જતો હતો, તેટલામાં એક દવા વેચનારની દુકાનના મોટા કાચપર તે દડો લાગ્યો અને તેથી તે કાચ ભાગી ગયો. ચારલી ત્યાંથી નાસી ગયો નહિ; કારણ કે તે બહાદુર અને ખરૂં બોલનારો છોકરો હતો. તેણે તરત તે દુકાનમાં જઇ દુકાનના ધણીને કહ્યું કે;–"મારી ગફલતથી તમારી દુકાનનો કાચ ભાગી ગયો છે." દુકાનદારે ભાગેલો કાચ જોઇને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસાડી આપવાનું તે છોકરાને કહ્યું. છોકરો ગરીબ હોવાથી તેણે કહ્યું કે;–“ મારી પાસે પૈસા નથી; પણ હું તમારી મજુરી કરીને ખરચ ભરી આપીશ. ” પછી તેણે કેટલાક દિવસ સુધી તે દુકાનદારને ત્યાં કામ કર્યું. કાચના પૈસા વસુલ થઈ રહેતાં પેલા દુકાનદારે કહ્યું કે;–“ તું પ્રમાણિક છોકરો છે. હું તને કારકુન તરીકે રાખવા ચાહું છું. ” પેલા છોકરાએ તેની નોકરી કબૂલ કરી અને સુખેથી પોતાનો ગુજારો કરવા લાગ્યો.

પ્રમાણિકપણું શરૂઆતમાં જરા અઘરા જેવું લાગે છે; પણ જેઓ તેને પકડી રાખે છે તેમને છેવટે તેનું સારૂં ફળ મળ્યા વગર નથીજ રહેતું.

૩૦–પ્રમાણિકપણાથી પ્રખ્યાતિ મેળવનાર છોકરો.

એક પૈસાદાર માણસ રસ્તા ઉપરથી જતો હતો. એક ચીંથરેહાલ ગરીબ છોકરાએ તેની પાસે જઇને કંઇક આપવાની માગણી કરી. તેણે પોતાના ગજવામાંથી પાવલી કાઢીને તેના હાથમાં મૂકી અને કહ્યું: “ આમાંથી એક આનો તને આપવાનો છે તે તું લે અને ત્રણ આના મને પાછા આપ. ” તે છોકરા પાસે છુટા પૈસા ન હોવાથી તેણે કહ્યું કે;–“ હું હમણાં વટાવી લાવું છું. ” એમ કહીને તે દોડતો ગયો. તેને જરા વાર થવાથી પેલો ગૃહસ્થ થોડી વાર વાટ જોઇને પછી ત્યાંથી ચાલ્યો ગયો. પેલો છોકરો વટાવીને પાછો આવ્યો ત્યારે પેલો ગૃહસ્થ ત્યાં ન જણાયાથી તેણે નિશ્ચય કર્યો કે; અહીંથી કોઇ વખત પણ તે જશે ત્યારે તે ત્રણ આના પાછા આપીશ. તે છોકરો દરરોજ ભીખથી ગુજારો કરતો હતો; પણ પેલા ત્રણ આનાને હાથ લગાડતો નહોતો. પછી આઠેક દિવસે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહસ્થ તેના જોવામાં આવ્યો. છોકરાએ તરતજ તેની પાસે જઇ તેના હાથમાં ત્રણ આના મૂક્યા. પેલા ગૃહસ્થને તો તે વાતની યાદ પણ નહોતી. છોકરાની આવી પ્રમાણિકતા જોઇને તે ઘણોજ ખુશી થયો અને તેની ગરીબ હાલત ઉપર દયા આવવાથી તેને પોતાને ત્યાં લઇ જઇ નિશાળે ભણવા મૂક્યો. પછી રહેતે રહેતે તે છોકરો ઘણું ભણ્યો અને પ્રખ્યાત તથા સુખી થયો. જુઓ, સત્યનો કેવો પ્રભાવ છે !

૩૧–એક વીશીવાળા છોકરાની ઇમાનદારી.

થોડાં વર્ષની વાત ઉપર એક વેપારી પરગામ જતો હતો. રસ્તામાં તે એક વીશીમાં રાત રહ્યો અને સવારે ત્યાંથી ચાલ્યો ગયો. ધારેલા ઠેકાણે ગયા પછી જુએ છે તો તેની પૈસાની કોથળી ખીસ્સામાં મળે નહિ. તે કોથળીમાં ત્રણસોની રકમ હતી. વેપારીએ તે કોથળી મળવાની આશા છોડી દીધી અને તે વાત મનમાંથી કાઢી નાંખી.

પેલો મુસાફર ગયા પછી વીશીવાળા છોકરાને વીશીના આંગણામાં પૈસાની કોથળી નજરે પડી; પણ તેણે તેને હાથ ન અડાડતાં પોતાના બાપની પાસે આવીને તે વાત કરી. પિતાએ છોકરાની વાત સાંભળીને કહ્યું: “બેટા, તું તે કોથળી ઉપર થોડાં પાદડાં અને ઝાડની ડાળીઓ પાથરી આવ.” તે પ્રમાણે પેલા છોકરાએ તે કોથળી ઉપર પાંદડાં અને ડાળીઓ નાંખીને તેને ઢાંકી દીધી.

કેટલેક દિવસે પેલો મુસાફર પાછો ફરીને તે વીશીમાં આવી રાત રહ્યો. વાતો કરતાં કરતાં પોતે રૂપીઆ ખોયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા તે વાત કહી. પેલા વીશીવાળાએ તેની વાત પૂરી થતાંજ કહ્યું: "આ મારો છોકરો જે જગાપર તમારી કોથળી પડી છે તે જગા દેખાડશે. તેણે તેને પોતાનો હાથ અડાડયો નથી. ફકત ઉપરથી ઢાંકયું છે." પેલા ગૃહસ્થે છોકરા સાથે જઇને પાંદડાં અને ડાળીઓ ખસેડીને તે કોથળી કાઢી. પછી વીશીમાં આવીને તે ગૃહસ્થે તે છોકરાનાં ઘણાં વખાણ કર્યાં. આ પ્રમાણે જેને પારકા માલને અડવાની ઇચ્છા થઈ નહિ એ છોકરો કેટલો પ્રમાણિક કહેવાય ?

૩૨–ગરીબ છોકરાનું પ્રમાણિકપણું.

એક ગરીબ છોકરાની બ્હેન માંદી હતી, તેથી તેની દવા કરવાનું પોતાના કાકાને કહેવા સારૂ તે જતો હતો. રસ્તામાં આવતાં આવતાં તેને એક નાની ચોપડી જડી. એ ચોપડીમાં ૧૨૦ રૂપીઆની નોટો હતી.

તે છોકરો પ્રમાણિક હતો, તેથી તેણે તે જેની ખોવાઈ હોય તેને પાછી આપવાનો દૃઢ નિશ્ચય કર્યો. પછી તેણે ઘેર આવીને પોતાની માને કહ્યું કે;–"મા ! જેના રૂપિઆ ખોવાયા છે, તે બિચારો કેટલો બધો દિલગીર થતો હશે ? આપણે એ રૂપીઆ વાપરીએ તો પ્રભુ આપણાપર નારાજ થાય; માટે તે ધણી મળશે ત્યારે આપણે તેના રૂપીઆ તેને પાછા આપી દઈશું." તેની માતા ઘણીજ ગરીબ હતી અને ઘરમાં માંદી છોકરીની દવાને માટે કંઇ પણ નહોતું; તે છતાં છોકરાનું બોલવું તેને ઘણુંજ સારૂં લાગ્યું. તેણે તેજ દિવસે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કે, "અમને એક ચોપડી મળી છે તેમાં ૧૨૦ ની નોટો છે; માટે તે જેની હોય તેણે ફલાણે ઠેકાણે આવી સાબીતી આપીને લઈ જવી." આ ખબર વાંચી તર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તજ તેનો માલિક ત્યાં આવ્યો. કુટુંબ ઘણુંજ ગરીબ છતાં એવી નોટીસ છપાવી એ જાણીને પેલો ગૃહસ્થ ઘણોજ ખુશી થયો. પછી તેણે તે નોટો તે છોકરીની દવા વગેરેના ઉપયોગમાં ખર્ચવા માટે ભેટ આપી અને તે છોકરાની ઈમાનદારીને લીધે તેને પોતાની નોકરીમાં રાખ્યો. આગળ જતાં તે એક મોટો નામાંકિત વેપારી થયો. પ્રમાણિકપણું પાળવા માટે મનને લાલચોથી રોકવું પડે છે. પણ છેવટે તો તે ઘણાં સારાંજ ફળ આપે છે. જુઓ, આ છોકરાનું પ્રમાણિકપણુંજ તેની ચઢતીનું કારણ થયું ને !

૩૩–વિશ્વાસ રાખવા લાયક છોકરો.

એક ગરીબ ભરવાડનો છોકરો એક દિવસે પહાડની ખીણમાં બકરાં ચરાવતો હતો. તે વેળાએ જંગલમાંથી એક શિકારીએ આવીને તેને પૂછયું: " અહીંથી પાસેમાં પાસેનું ગામ કેટલું દૂર છે ? " પેલા છોકરાએ જવાબ આપ્યો: " સાહેબ ! છ માઇલ દૂર છે; પણ રસ્તો બરાબર ઠીક ન હોવાથી ભૂલા પડાય તેવો છે. "

શિકારી ધ્યાનથી રસ્તો જોવા લાગ્યો. પછી તે બોલ્યો: " ભાઇ ! હું ભૂખ્યો, થાકેલો અને પાણીનો તરસ્યો છું. હું મારા સોબતીથી જૂદો પડયો છું અને મારો રસ્તો ભૂલ્યો છું. તું તારાં બકરાંને ચરતાં મૂકીને મને રસ્તો દેખાડે તો હું તને પૈસા આપીશ. "

છોકરાએ જવાબ આપ્યો: " સાહેબ ! હું આવી શકતો નથી. મને મારો શેઠ પગાર આપે છે અને મારા ઉપર વિશ્વાસ રાખીને તેણે પોતાનાં બકરાં મને સોંપ્યાં છે. જો હું તેમને ચરતાં મૂકીને આપની સાથે આવું તો તે કયાંનાં કયાં ચાલ્યાં જાય અને કોઇ ચોરી જાય. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિકારીએ કહ્યું: " ઠીક, તારાં બકરાં મને સોંપીને મારા માટે તું ખાવાનું અને પાણી લઇ આવ. તું જ્યાં સુધી આવીશ નહિ ત્યાં સુધી હું તારાં બકરાં સાચવીશ. "

પેલા ભરવાડના છોકરાએ કહ્યું: " સાહેબ! બકરાં હું તમને સોંપી શકતો નથી; કારણ કે તે જંગલમાં દૂર ચરવા જતાં રહે અને ત્યાં રીંછ તથા લોંકડી તેમને ઉંચકી જઇને મારી નાખે તેમજ ચોર ચોરી જાય. "

શિકારીએ કહ્યું: " બકરાં જશે નહિ અને જશે તો તારા શેઠનાં જશે. તને શી આપદા છે? હું તને એટલા રૂપીઆ આપીશ કે જેમાંથી તું એક વર્ષ સુધી સુખથી ખાઇ શકીશ. "

છોકરાએ માથું હલાવીને કહ્યું: " બકરાં તમારો અવાજ ઓળખતાં નથી અને—"

" અને શું? તું મારા ઉપર વિશ્વાસ રાખતો નથી? શું તું મને ચોર બોર જાણે છે? " શિકારી ગુસ્સે થઇને બોલ્યો.

છોકરો આસ્તેથી બોલ્યો: " સાહેબ! તમે મને મારા શેઠના વિશ્વાસથી છોડાવવા માગો છો; પણ શેઠે મારા ઉપર વિશ્વાસ રાખીને પોતાનાં બકરાં મને સોંપ્યાં છે. હું બેવિશ્વાસુ થઇશ નહિ. "

આ સાંભળીને શિકારી હસ્યો અને ઘણોજ ખુશી થઇને બોલ્યો: " ખરેખર તું સારો અને વિશ્વાસલાયક છોકરો છે. હું તને વિસરી જઇશ નહિ. માત્ર તું મને રસ્તોજ દેખાડ. હું પોતે ગામ શોધી લઇશ. " પછી તે તેનું નામ અને ઠેકાણું પૂછી લઈ ચાલ્યો ગયો. તે શિકારી એક જમીનદાર હતો. તેણે બીજે દિવસે પેલા છોકરાને બોલાવીને પોતાને ઘેર રાખ્યો અને ભણાવી ગણાવીને વેપારમાં લગાડયો. પછી આગળ જતાં તે મોટો પૈસાદાર અને પ્રખ્યાત પુરૂષ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪—સાચા બોલો વ્યાપારી છોકરો.

એક બજારમાં એક છોકરો શાકભાજીની દુકાન માંડીને બેઠો હતો અને તેની પડોશમાં બીજો છોકરો પણ શાકભાજી વેચતો હતો. એક દિવસે બપોરે એક ગૃહસ્થ પહેલા છોકરાની દુકાન ઉપર આવીને એક મોટું તરબૂચ હાથમાં લઈને બોલ્યા: "આ તરબૂચ સારૂં છે?" છોકરાએ તેના જવાબમાં કહ્યું: "સાહેબ, જોવામાં તે સારૂં જણાય છે, પણ તે સડેલું અને ફીકું છે." તેથી પેલા ગૃહસ્થે બીજી પડોશની દુકાન ઉપર જતા પહેલાં તે છોકરાને કહ્યું કે;–"તું પ્રમાણિક છે તેથી તારો વકરો થશે નહિ." પેલા છોકરાએ જવાબ દીધો: "હું ખરેખરૂં કહીને વેચીશ. લેનારની ઈચ્છા હશે તો લેશે. હું ખોટું બોલીશ નહિ." પેલા ગૃહસ્થે પછી પડોશની દુકાન ઉપર જઇને પૂછ્યું: "છોકરા! આ કાકડી તાજી છે?" તેના જવાબમાં પેલા છોકરાએ કહ્યું: "હા સાહેબ! તે તાજી છે." પેલા ગૃહસ્થે તે લીધી અને ઘેર ગયો. ત્યાર પછી કાકડીવાળા છોકરાએ પેલા તરબૂચ વેચનાર છોકરાને કહ્યું: "તું મૂર્ખ છે. પોતાના માલને માટે એમ કહેવું ન જોઈએ. જો, મેં મારી કાકડી તાજી કહીને વેચી, તો તે ત્રણ દિવસની હતી તોપણ વેચાઈ ગઈ. હવે તારે તારૂં તરબૂચ નાખીજ દેવું પડશે." આ સાંભળીને પહેલા છોકરાએ કહ્યું: "હું કદિ જુઠું બોલીશ નહિ. ન વેચાય તેની મને ફિકર નથી, પણ હું ખરૂં બોલું છું તેથી મને બહુ શાન્તિ રહે છે અને પરમેશ્વર તેનો આખરે પાછળથી બદલો આપે છેજ." પેલા ગૃહસ્થને કાકડી ખાધાથી જણાયું કે પેલા છોકરાએ મને ઠગ્યો છે; તેથી બીજે દહાડેથી તે પેલા ફળવાળા છોકરાની દુકાનમાંથીજ બધો સામાન લેવા લાગ્યો; અને પેલા કાકડી વેચનારની દુકાનેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કંઇ પણ લેતો નહોતો. ધીરે ધીરે પેલા શાકભાજીવાળા છોકરાની પ્રમાણિકપણાની વાત શહેરમાં ફેલાઇ અને તેને ત્યાં ઘણાં ગ્રાહકો આવવા લાગ્યાં. આખરે તે મોટો વ્યાપારી થયો અને પડોશના છોકરાની હાલત આગળના જેવીજ કંગાલ રહી. પ્રમાણિકપણાનો બદલો આખરે મળે છેજ. તેના ઘણા દાખલા છે. પ્રથમ તેમાં ખોટ પણ જાય; પણ આખરે તો તેમાં લાભજ મળે છે.

૩૫–લાલચથી દૂર રહેનાર છોકરો.

એક ગરીબ છોકરો એક શેઠને ત્યાં ધૂમાડીયું સાફ કરવા ગયો હતો. સાફ કરતો કરતો તે દિવાનખાનામાં આવ્યો અને ત્યાં ગોઠવેલી ઉત્તમ વસ્તુઓ જોઇને ખુશી થવા લાગ્યો. ત્યાં તે વખતે બીજું કોઇ પણ હતું નહિ; તેથી તે દરેક વસ્તુ હાથમાં લઇ થોડીવાર જોઇને પાછી લીધી હોય ત્યાં મૂકી દેતો હતો. એમ કરતાં કરતાં શેઠાણીની એક ઘણીજ શોભીતી ઘડિયાળ કે જે હીરામોતીથી મઢેલી હતી તે તેની નજરે પડી.

છોકરો તે ઘડિયાળ હાથમાં લઇને જોવા લાગ્યો અને તેની ભારે ખૂબસૂરતી તથા ચળકાટ જોઇને તે મોહી પડયો. તે કહેવા લાગ્યો કે: “ જો મારી પાસે આવી ઘડિયાળ હોય તો કેવું સારૂં ? ” પછી તે ઘડિયાળ ચોરી લેવાની તેને ઇચ્છા થઇ.

પરંતુ બીજીજ ક્ષણે ચકિત થઇને તે કહેવા લાગ્યો: “જો હું આ લાલચને રોકીશ નહિ અને ચોરી કરીશ તો કોઇ જાણશે નહિ; પરંતુ જો પકડાંયો તો દુર્દશા થવામાં બાકી રહેશે નહિ. ચોરને સરકાર સજા કરે છે અને સખ્ત મજુરી કરાવે છે. વળી કદાચ હું ચોરી કરીને માણસના હાથથી છુટી શકીશ; પણ ઇશ્વરની પાસેથી તો કદિ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છુટવા પામીશ નહિ. મારી માની પાસેથી ઘણીવાર મેં સાંભળ્યું છે કે **આપણે ઇશ્વરને જોતા નથી; પણ તે તો સર્વદા આપણને જુએ છે, અને આપણે જે કંઈ અંધારામાં કરીએ તે પણ તે જાણે છે.** ”

આમ બોલતાં તેનું મોઢું ફીકું પડયું અને આખું શરીર ધ્રૂજવા લાગ્યું. પછી તે તરત પેલી ઘડિયાળ જ્યાં હતી, ત્યાંજ પાછી મૂકીને કહેવા લાગ્યો: “માણસો લાલચને ના રોકે તો તે ચોર બને છે. હું હવે કદિ પણ લાલચને વશ થઇને ચોર બનીશ નહિ. **ચોર બનીને ધનવાન થવાના કરતાં ધર્મથી ચાલીને ગરીબ રહેવું ઘણુંજ સારૂં છે.** કેમકે તેથી હંમેશાં નિર્ભયપણે અને શાન્ત મનથી રહી શકાય છે.” ફક્ત ચોરીના વિચારથીજ મારા મનમાં આટલું દુઃખ થાય છે, તો મેં ચોરી કરી હોત તો કેટલું દુઃખ થાત ? આમ કહીને તે સદ્‌ગુણી ગરીબ છોકરો પાછો ઘર સાફ કરવા મંડયો.

ઘરધણિયાણીએ પાસેના ઓરડામાં ઉભે ઉભે તે છોકરાની બધી વાત સાંભળી હતી; તેથી તેણે તરતજ તે છોકરાને પાસે બોલાવીને પૂછયું: “છોકરા, તેં શા વાસ્તે મારી ઘડિયાળ લીધી નહિ ?” છોકરો કંઇ પણ જવાબ નહિ આપતાં ઘુંટણ ઉપર બેસી હાથ જોડીને દિલગીરી ભરેલા ચહેરાથી બાઇનું મ્હોં જોવા લાગ્યો. તેનું શરીર ભયથી થરથર ધ્રૂજવા લાગ્યું.

તેની આવી દશા જોઇને શેઠાણીએ પ્રેમથી કહ્યું કે;—

“બેટા ! શા માટે આટલો ગભરાય છે ? મેં તારી બધી વાત સાંભળી છે અને તેથી હું બહુજ ખુશી થઇ છું. તું ગરીબ છું; પણ ભલો અને ધર્મ ઉપર વિશ્વાસવાળો છું. પરમેશ્વરે તને લાલચમાંથી બચવાની શક્તિ આપી છે, તેને માટે તું તેનો ઉપકાર માન. ભવિષ્યમાં પણ આવીજ રીતે સાવચેત રહી લોભના ફાંસામાં પડતો નહિ. તેં જે લાલચમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનને વશ રાખ્યું, તેને માટે તને ઇનામ આપવું જોઇએ." એમ કહીને તેણે કેટલાક રૂપિયા તે છોકરાના હાથમાં મૂકીને કહ્યું: "હવે તું વિદ્યાભ્યાસ કરીશ તો આથી પણ વધારે ભલો થઈશ; માટે કાલથી તું ભણવા જજે. હું તારા ખાવા, પહેરવા અને ચોપડીઓનું સર્વ ખર્ચ આપીશ." ત્યાર પછી તેને હાથ ઝાલીને ઉભો કર્યો અને તેની આંખમાંનાં આંસુ લોહ્યાં. શેઠાણીનું આવું સ્નેહ ભરેલું બોલવું સાંભળીને અને તેણે જે ઉદારતા દર્શાવી તે જોઇને પેલા ગરીબ છોકરાની ખુશીનો પાર રહ્યો નહિ. તેની આંખમાંથી આનંદનાં આંસુ પડવા લાગ્યાં. પછી બીજાજ દિવસથી તે નિશાળે ગયો અને મહેનત કરીને શિખવા લાગ્યો. આથી થોડાંજ વર્ષમાં તે લોકોમાં વિદ્વાન અને ધર્મપરાયણ તરીકે પ્રખ્યાત થયો અને સુખથી પોતાના દિવસ ગાળવા લાગ્યો.

૩૬–પોતાનો ગુન્હો કબૂલ કરનાર છોકરો.

એક નિશાળમાં પાઠ લેવાની વખતે નિશાળીઆ સીસોટી વગાડતા હતા, તેથી મહેતાજીએ કહ્યું કે;–"હવેથી જે કોઇ પાઠ વેળાએ સીસોટી વગાડશે તેને સજા કરવામાં આવશે." આથી તે દિવસ તો કોઇએ સીસોટી વગાડી નહિ; પણ બીજે દિવસે પાઠ વેળાએ પાછી સીસોટી સંભળાઇ. કલાસમાં ઘણો મસ્તીખોર અને ઘડિયે ઘડિયે સીસોટી વગાડનારો એક છોકરો હતો. તેણેજ સીસોટી વગાડી હશે, એવું ધારીને મહેતાજીએ તે છોકરાને પાસે બોલાવ્યો. છોકરાએ કહ્યું કે;–"મેં વગાડી નથી." પણ તેના બોલવા ઉપર ભરોસો નહિ મૂકતાં મહેતાજી તેને મારવા માટે સોટી ઉગામે છે, તેવામાંજ એક છોકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને બોલ્યો: " સાહેબ ! એણે સીસોટી વગાડી નથી, પણ મેંજ ભૂલથી વગાડી છે માટે મને સજા કરો. "

મહેતાજીએ આ સાંભળીને તેને કહ્યું કે;–" હું તને સજા કરતો નથી; કારણ કે તેં પોતાની મેળેજ ગુન્હો કબૂલ કરી લીધો છે અને બીજાને અન્યાયથી સજા થતી બચાવી છે. હું તારો આ સદ્ગુણ જોઇને ઘણોજ ખુશી થયો છું. બધા છોકરાઓએ તારા જેવા સાચા બોલા થવું જોઇએ.

૩૭–નુકસાન ભરી આપનાર છોકરો.

એક છોકરો ઘણોજ સાચા બોલો હતો; પણ તેનામાં એક ખોડ હતી કે તે ઘણોજ રમતીઆળ હતો. રસ્તે જતાં પણ તે પત્થર લઇને કોઇ વસ્તુને તાકીને મારતો. એક દિવસે નજર ચુકથી એક કાચની બારી ઉપર તેનો પત્થર વાગીને કાચ ભાગી ગયો. આથી તેણે નાસી નહિ જતાં તે ઘરવાળાને જઇને કહ્યું કે;–" મારી ગફલતથી તમારી બારીનો કાચ ભાગી ગયો છે. " ઘરધણીએ કાચ જોઇને તે છોકરાને કહ્યું કે;– " હમણાંને હમણાંજ કાચવાળાને બોલાવી મારો કાચ બેસડાવી આપ. " આ સાંભળીને છોકરાએ નમ્રતાથી કહ્યું કે;–" ઠીક, હું હમણાં કાચવાળાને બોલાવી લાવું છું. " આમ કહીને તે છોકરો જતો હતો, તેટલામાં ઘરવાળાએ તેને પૂછયું કે;— " તારી પાસે પૈસા છે ? " તેણે કહ્યું: " હા જી, મારી પાસે ૭ રૂપીઆ છે. તે મેં મારી હાથખરચીમાંથી બચાવેલા છે; અને મારી માને વર્ષગાંઠને દિવસે કંઇક ભેટ મોકલવાની ઇચ્છાથી જાળવી રાખ્યા છે. " પછી પેલો છોકરો કાચવાળાને બોલાવી લાવી કાચ બેસડાવીને પોતાને ઘેર જવા નીકળ્યો. પેલા ગૃહસ્થે વાતે વાત તેનું નામ અને ઠેકાણું પૂછી લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજેજ દિવસે સવારે પેલા છોકરાના નામપર એક પાર્સલ આવ્યું; અને પાર્સલ ઉખેડીને જુએ છે તો એક ઘણીજ કિંમતી વસ્તુ તેમાંથી મળી અને તેની સાથે એક પત્રમાં લખ્યું હતું કે;–" હું તારા પ્રમાણિકપણાથી બહુજ રાજી થયો છું અને તેથી આ એક નજીવી ભેટ મોકલી છે. પરમેશ્વર તારા ઉપર હંમેશાં કૃપા કરે એવું ખરા દિલથી ઇચ્છું છું. ઈશ્વર ખરાનો હંમેશાં મદદગાર છે તેની આ સાબિતી સમજજે."

પછી છોકરાએ તે વસ્તુ પોતાની માને મોકલી અને જે બન્યું હતું તે લખી જણાવ્યું; તેમજ તેની સાથે પેલા ગૃહસ્થનો પત્ર પણ મોકલ્યો. માતા તે ભેટ તેમજ પોતાના છોકરાની ધર્મપરાયણતાનો પત્ર વાંચીને ઘણીજ ખુશી થઇ.

૩૮–જૂઠું બોલવા કરતાં મરવાનું કબૂલ કરનાર છોકરો.

મોટી આગબોટો તથા વહાણોમાં ઘુસી જઇને જૂદા જૂદા શહેરથી નાસી જનારાં કેટલાંક છોકરાં કંઈ પણ ભાડાના પૈસા આપતાં નથી. એવી રીતે કેટલાંક વર્ષની વાત ઉપર એક વહાણમાંથી એક ફાટેલાં કપડાં પહેરેલો છોકરો પકડાઈ આવ્યો. તે વહાણ ન્યુયૉર્ક તરફ જતું હતું. તે છોકરાને વહાણના ઉપરીની આગળ લાવવામાં આવ્યો. તે ઉપરીએ પૂછ્યું કે;–" તને કોણ અહીં લાવ્યું છે અને કોણ ખાવાનું આપે છે?" તેણે કહ્યું કે;–" મારા સાવકા બાપે મને કાઢી મૂક્યો છે. તે મને ખાવાએ આપતો નથી અને ઘરમાં પણ રાખતો નથી; માટે હું ન્યુયૉર્ક જવા ઇચ્છું છું. ત્યાં મારી કાકી રહે છે, તે પૈસાદાર છે." ઉપરીએ તેનું આ કહેવું ખોટું માન્યું અને ધારી લીધું કે;–" કોઇ ખારવો તેને લાંચ લઇને બેસાડી લાવ્યો હોવો જોઇએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું ધારીને ઉપરી દરરોજ તેને પૂછતો કે;–" તને અહીં કોણ લાવ્યું છે તે કહે." છોકરો સદા એકનો એકજ જવાબ દેતો હતો; તેથી ઉપરી એક દિવસે ગુસ્સે થઇને બોલ્યો: " હવે હું તને દશ મિનિટનો વખત આપું છું. તને અહીં કોણ લાવ્યું છે તે ખરેખરૂં કહે, નહિ તો તને ફાંસીએ ચડાવીશ." એવું કહીને ઉપરીએ ગજવામાંથી ઘડિયાળ કાઢયું અને જોવા લાગ્યો. આથી છોકરો રોવા લાગ્યો. વહાણમાંનાં બધાં માણસો તેની આસપાસ વીંટાઇ ગયાં. તે છોકરો આઠ મિનિટ સુધી રોયો. પછી પેલા ઉપરીએ છોકરાને કહ્યું કે;– "હવે ફક્ત બે મિનિટ બાકી છે. સાચું કહે તો હમણાંજ છોડી મૂકું; નહિ તો આ દોરડાની સાથે ટિંગાડીને તને ફાંસી દેવામાં આવશે." એવું કહીને દોરડું તેના ગળામાં નાંખ્યું. આથી છોકરાએ કહ્યું કે;–" હું હવે પ્રાર્થના કરી લઉં." એવું કહીને તેણે ઇશ્વરની પ્રાર્થના કરી. આથી ત્યાં ઉભેલા માણસોનું હૈયું ભરાઇ આવ્યું. છોકરાની સત્ય વાર્તાને માટે માણસોના મનમાં એક નવાઇ જેવી અસર થઇ. તરત પેલા ઉપરીએ તે ભલા છોકરાને પોતાની છાતી સરસો ચાંપ્યો અને કહ્યું: " હું તારા કામથી ઘણો ખુશી થયો છું; કેમકે તું મરવાનો પણ ભય ન કરતાં જુઠું બોલ્યો નહિ." પછી તેણે તેને ન્યુયૉર્કમાં પહોંચાડયો.

આ ઉપરથી એ શિખામણ લેવી જોઇએ કે **જુઠું બોલીને જીવવા કરતાં સાચાને માટે મરવું એ ઘણુંજ સારૂં છે.** જો પેલો છોકરો જુઠું બોલીને કોઈનું નામ દેત તો તેને આટલો ભય રાખવાનું કારણ રહેત નહિ; પણ તેમ કરવું એ ખોટું સમજ્યો તેથી તેણે તેમ કર્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯–નેપોલિયનની સાચવટ.

કોર્સિકાની રાજધાનીમાં આવેલા એક મોટા બગીચામાં એક બાળક અને બાળકી રમતાં હતાં. બાળકનું નામ નેપોલિયન અને બાળકીનું નામ ઇલાઇજા હતું. રમતાં રમતાં બેઉ જણ બગીચો વટાવીને ઘણે છેટે આવી પહોંચ્યાં. ત્યાં ઇલાઇજાની બેદરકારીથી એક ખેડૂતની છોકરીની પાકાં જામફળની ટોપલી પડી ગઇ અને જામફળ ભાગી ગયાં. તે છોકરીને રડતી જોઇ ઇલાઇજાએ કહ્યું: "ભાઇ! ચાલ આપણે નાસી જઈએ; એટલે મા કંઈ જાણશે નહિ."

"હું આવીશ નહિ. જો આ છોકરી ઘણી રૂવે છે. **આપણે જ્યારે તેનું નુકસાન કર્યું છે, ત્યારે એ ભરી આપવું એ આપણી ફરજ છે.**" એમ કહીને નેપોલિયન છોકરીની પાસે ગયો. ઇલાઇજા પણ ભાઇની મતલબ સમજીને તે છોકરીનાં કેટલાંક ફળ આખાં હતાં તે વીણવા લાગી. "ઘેર જઇને મારી માને શું કહીશ? સઘળાં ફળ બગાડયાં. એમાંથી અમારો ત્રણ દિવસનો ખોરાક મળત." આમ કહીને તે છોકરી ખૂબ રોવા લાગી. "રડ નહિ" એવું કહીને નેપોલિયને ત્રણ નાના રૂપાના સિક્કા તેના હાથમાં મૂકયા. પછી તે બોલ્યો: "મારે ઘેર ચાલ, બાકીના પૈસા તને આપીશ." ઇલાઇજાએ ભાઈના કાનમાં કહ્યું: "ભાઈ, તમે આ શું કરો છો? માતાને ખબર પડશે તો આપણને તે સજા કરીને કેવળ રોટલી અને પાણીજ આપશે."

"તો તેમાં શું? પણ ફળ બગાડયાં છે તેનાં દામ તો આપવાંજ પડશે." જવાબમાં ભાઇનું આજ કહેવું હતું.

એવામાં દાસીએ બોલાવવાથી ભાઇ બહેન દોડવા લાગ્યાં. તેઓની પછવાડે વગર ઓળખાણની એક છોકરીને આવતી જોઇને દાસીએ પૂછયું: "આ વળી કોણ છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકે જવાબ આપ્યો: " અમારાથી એનાં કેટલાંક જામફળ બગડયાં છે. મા તેની કિંમત આપશે એવું જાણીને એને સાથે લાવીએ છીએ. "

ઘરના દિવાનખાનામાં નેપોલિયનની મા મૅડમ લિટિસિયા બેઠેલી હતી. નેપોલિયન, ઇલાઇઝા, દાસી અને ખેડૂતની છોકરી ત્યાં આવ્યાં. છોકરાંની તરફ મુખ ફેરવીને તે બોલી: "તમને રમવા જતી વખતે કહ્યું નહોતું કે બગીચાની બહાર જશો નહિ ? હવે તો બસ તમે રમવાજ જશો નહિ. "

" મા ! ઇલાઇઝાને સજા કરશો ના. હુંજ ગયો હતો. તે તો માત્ર મારી સાથેજ આવી હતી." એમ કહીને બાળકે પોતાનો દોષ કબૂલ કર્યો. ઇલાઇઝા ચૂપ થઇને ભાઇની તરફ જોઈ રહી. મૅડમ લિટિસિયાનો ભાઈ પણ ત્યાં બેઠો હતો; તે છોકરાની આવી સાચવટથી ખુશી થઈને તેનો દોષ માફ કરવાની વિનંતિ કરવા લાગ્યો. ભય પામેલી ઇલાઇઝાને પોતાના ભાઇની વર્તણુંકથી હિંમત આવી અને તે મામાનો હાથ ઝાલીને બોલી: " મારા દોષથીજ નુકસાન થયું છે. ભાઈને કંઇ કહેશો નહિ. " તેના મામાએ પૂછયું કે;-" તેં શું કર્યું છે ઈલાઇઝા ? " છોકરીએ સર્વ હકીકત કહી અને પોતાની ગફલતથીજ નુકસાન થયેલું કબૂલ કર્યું. તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં; પરંતુ દોષ કબૂલ કર્યાથી તેને તેની માએ માફી આપી.

પછી નેપોલિયને કહ્યું કે;-" મા ! હું એક વસ્તુ માગું છું. તમે મહિને મહિને મને ખર્ચવાને માટે જે ત્રણ સિક્કા આપો છો, તે હમણાં આપશો ? " માએ તુરતજ પુત્રની પ્રાર્થના કબૂલ કરી અને કહ્યું કે;-" હવે દોઢ મહિના સુધી કંઇ પણ મળશે નહિ. " નેપોલિયને તે સિક્કા લઇને પેલી ફળવાળી છોડીને આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડૂતની છોકરીને પૂરેપૂરૂં મૂલ્ય મળ્યાથી તે ખુશી થઇ અને પહેલાં આપેલા ત્રણ રૂપાના નાના સિક્કા પાછા આપવા લાગી; પરંતુ નેપોલિયને તે લીધા નહિ. છોકરીનો આવો સારો વ્યવહાર જોઇને મૅડમ લિટિસિયા ઘણી ખુશી થઇ અને તારી મા કયાં છે ? કેટલાં ભાઈ બ્હેન છો ? તારૂં ઘર કયાં છે ? વગેરે પૂછવા લાગી. ત્યાર પછી તેઓ બધાં તેને ઘેર ગયાં અને તેની માંદી માને સારૂ દવાનો તથા ખાવાનો બંદોબસ્ત કરી આપ્યો.

૪૦–ચોરી ન કરતાં માગીને લેનાર છોકરો.

એક દિવસે બે નાના છોકરાઓ ગામડાના એક રસ્તા ઉપરથી જતા હતા. રસ્તામાં એક નાના બગીચામાં ઘણાંજ ફૂલો ખીલ્યાં હતાં અને તેનો સુવાસ ચોતરફ પ્રસરેલો હતો. આ જોઇને તેમાંના એક છોકરાએ કહ્યું;–"આમાંનાં થોડાં ફૂલ મને મળે તો મારી માંદી બ્હેન કેટલી બધી ખુશી થાય ? તેને ફૂલો બહુજ ગમે છે." એ સાંભળીને બીજા છોકરાએ કહ્યું: "ત્યારે શા માટે તોડી લેતો નથી ? તારો હાથ નહિ પહોંચે તો હું મદદ કરીશ. હું તારા કરતાં ઉંચો હોવાથી હું પણ કેટલાંક તોડી આપીશ." આવું સાંભળીને પેલા નાના છોકરાએ તેનો હાથ પકડીને કહ્યું: "નહિ નહિ, હું કદિ પણ ફૂલો ચોરીશ નહિ. વાડીના માલિકની પાસેથી માગી લઇશ." આ સાંભળી મોટે છોકરે કહ્યું;–"માગવાથી કોઇ આપનાર નથી. લે, હુંજ તને થોડાંક તોડી આપું." નાના છોકરાએ કહ્યું: "હું તે લઈશ નહિ. એમ કરવું એ તો બહુજ ખરાબ." આમ કહેવા છતાં પણ મોટા છોકરાએ તો વાડ ઉપર ચડીને એક ગુલાબનું ઝુમખું તોડયું. બગીચાના માળીએ તેને તોડતો જોતાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોડતા આવીને પકડયો અને થોડોક માર્યો પણ ખરો. તેને પછી ઘરમાં લઇ જઇને બંદિવાન કર્યો.

બીજી તરફ નાના છોકરાએ દરવાજા પાસે જઈને ઘંટ વગાડયો; તેથી દરવાજો ઉઘાડવા માટે એક દયાળુ ચહેરાની બાયડી આવી. તેને જોઇને તે બોલ્યો: "ડોશી મા ! મહેરબાની કરીને એક બે ગુલાબનાં ફૂલ મારી માંદી બહેનને માટે આપશો ?" આ સાંભળીને પેલી વૃદ્ધ સ્ત્રીએ કહ્યું: "હા, મારા નાના છોકરા ! મેં તમારા બન્ને વચ્ચેની વાતચીત બારીની આગળ બેસીને સાંભળી છે. તું ઘણોજ સારો છોકરો છે. હું તારાં આચરણ જોઇને ઘણીજ ખુશી થઇ છું. ચાલ, હું તને ગુલાબનું સુંદર ઝુમખું કાપી આપું છું." ત્યાર પછી તેણે તેની મા અને બહેનને વિષે પૂછયું અને પછી કહ્યું: "જ્યારે જ્યારે તારી બહેનને ફૂલ જોઇએ, ત્યારે ખુશીથી આવીને લઇ જજે." પછી તે બાઇ તેની માંદી બહેનને અને માને જોવા ગઇ અને તેઓને ઘણી રીતે મદદ કરવા લાગી. તે છોકરાને નિશાળે ભણવાનું ખર્ચ પણ તે આપવા લાગી અને ભણી રહ્યા પછી તેને પોતાની નોકરીમાં રાખ્યો.

જુઓ, પ્રમાણિક રહેવામાં કેટલો બધો લાભ છે ?

૪૧–જ્યોર્જ વૉશિંગ્ટનની બચપણમાં સાચવટ.

જ્યોર્જ વૉશિંગ્ટન અમેરિકાના એક ખેડતનો છોકરો હતો. તેને બચપણમાં એક દિવસ તેના બાપે એક કુહાડી આપી. તે લઇને જયોર્જ ખુશી થતો થતો ઘરના બગીચામાં રમવા ગયો. બાગમાં જે પણ ઝાડ આવે તેની ઉપર તે કુહાડી મારતો અને ખુશી થતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળનું એક ઝાડ તેના પિતાએ ઘણી મુશ્કેલીથી મેળવીને ઉછેર્યું હતું; તેના ઉપર પણ જ્યોર્જે કેટલાક ઘા કર્યા. આ પ્રમાણે બાગમાં કેટલીક રમત કરીને ખુશી થતો થતો તે પોતાને ઘેર ગયો. એવામાં તેનો પિતા ફરતો ફરતો પેલા ઝાડ આગળ આવી ચડયો અને તેની દુર્દશા થએલી જોઇ ઘણો દિલગીર થયો.

આ નુકસાન વિષે માણસોને પૂછતાં તેમણે સર્વ કોઈએ ના પાડી. છેવટે જ્યોર્જને પૂછતાં તેણે કહ્યું: "એ મેં કાપ્યું છે. કુહાડીને બાગમાં હું અજમાવતો હતો ત્યારે એ ઝાડ પણ કપાઈ ગયું છે."

તેના પિતાએ કહ્યું કે;–"તને આવા કામને માટે કુહાડી આપી નહોતી; પણ તું ખરૂં બોલ્યો તેથી તારો વાંક માફ કરૂં છું અને તારી સાચવટ માટે ઘણોજ ખુશી થાઉં છું."

એજ જ્યોર્જે આગળ જતાં પોતાના દેશ માટે લડાઇ કરી હતી; અને એક મહાન દેશભક્ત તરીકે પ્રખ્યાત થઇને તે અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે પણ નીમાયો હતો.

૪૨–જડેલી વસ્તુ ધણીને પાછી સોંપનાર છોકરો.

એક ખારવાનું ઘર હતું. ધણી, ધણીયાણી અને છોકરો મળીને ત્રણ માણસ તેમાં રહેતાં હતાં. ખારવો ગુજરી જવાથી છોકરો અને સ્ત્રી નિરાધાર થયાં. છોકરાએ નિશ્ચય કર્યો કે હવે તો મારેજ મારૂં અને મારી માનું ભરણપોષણ કરવું જોઈએ. પછી તે પોતાની માતાની રજા લઇને નોકરીની શોધમાં ગયો. સારા નશીબે તુરત એક નોકરી મળી જવાથી તેણે માની પાસે આવી કહ્યું કે;–"મને નોકરી મળી છે. અમુક દહાડે અમારૂં વહાણ ઉપડશે અને જ્યારે એ વહાણ પાછું આવશે ત્યારે હું તને આવી મળીશ." આમ કહીને તે વહાણ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. જૂદી જૂદી જગાએ મુકામ કરતું વહાણુ એક મોટા બંદર ઉપર જઇ થોભ્યું. છોકરાએ કપ્તાનની ઘણીજ માયા મેળવી હતી અને તેનો ઘણોજ માનીતો થઇ પડયો હતો. કારણુ કે તે સદાય ખરૂંજ બોલતો, રોજ ઈશ્વરની પ્રાર્થના કરતો અને બીજા પણુ સારા ગુણુ તેનામાં હતા. વહાણુના ખલાસીઓ પણુ તેને ચહાતા હતા. એક દિવસે કેટલાક ખલાસીઓની જોડે પેલો છોકરો શહેર જોતો જોતો જતો હતો; તેટલામાં એક ગાડીમાંથી કોઇ હોદ્દેદાર અને તેની સ્ત્રી ઉતર્યાં. ઉતરતી વખતે તે સ્ત્રીનો હીરાનો હાર નીચે પડી ગયો. તે હાર બીજા કોઈએ દીઠો નહિ; પણુ પેલા છોકરાએ જોયો અને જોતાં તરતજ તેણે તે ઉંચકી લીધો. આ વાતની તેના સોબતીઓને ખબર પડતાં તેમણે કહ્યું કે;–" આ કિંમતી હાર વેચીએ તો ઘણીજ કિમત ઉપજે અને નોકરી ચાકરી કરવાની જરૂર રહે નહિ. " આ સાંભળીને પેલા છોકરાએ કહ્યું: " આ હાર પારકો છે. આપણે જો તે લઇશું તો ચોર બનીશું. "

ચોરી કરવી એ મહા પાપનું કામ છે. મારી મા કહેતી કે માણસની આંખને છેતરી શકાય પણ ઇશ્વરની આંખને કોઈ પણ છેતરી શકે તેમ નથી. કેમકે ઇશ્વર સર્વ જગાએ છે; માટે હું તો જેનો હાર છે તેનેજ પાછો આપીશ. "

સોબતીઓએ તેને ઘણોક સમજાવ્યો; પણુ તેણે તેમનું નહિ માનતાં હાર જે બાઇનો હતો તેને પાછો આપ્યો. બાઇને પોતાનો હાર મળવાથી ઘણોજ આનંદ થયો અને તે છોકરાને ઘટતું ઇનામ તેણે આપ્યું. કપ્તાનને આ વાતની ખબર પડવાથી તે પણુ તે છોકરાપર વધારે પ્રેમ રાખવા લાગ્યો; કેમકે **સત્યને સહુ કોઇ ચહાય છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩–લાલચમાં ન પડવાથી ધનવાન થયેલો છોકરો.

—:✿:—

એક ગામડામાં લાખો કરીને એક છોકરો તથા તેનાં માબાપ એ ત્રણે જણ બહુજ ગરીબ હાલતમાં રહેતાં હતાં. કમનશીબે છોકરાની બાર વર્ષની ઉમ્મરમાંજ તેનો બાપ ગુજરી ગયો; અને તેની માતાના શરીરમાં પણ એટલી શક્તિ નહોતી કે જેથી તે પોતાના છોકરાનું અને પોતાનું ગુજરાન ચલાવી શકે. લાખાએ નક્કી કર્યું કે, " **હું કોઇને માથે પડીશ નહિ: તેમજ ભીખ માગીને કે બીજી ખરાબ રીતે પેટ નહિ ભરતાં** ગમે તે રીતે મહેનત કરીનેજ મારૂં અને મારી માનું ગુજરાન કરીશ. "

આવો નિશ્ચય કરીને માની રજા લઇને તે એક શહેરમાં ગયો. એ શહેરમાં તેના બાપનો મિત્ર રહેતો હતો. તેનું નામ બાપુ હતું. તેની પાસે લાખાએ જઈને પોતાની હાલત જણાવી અને ઘણાજ નમ્રભાવથી વિનંતિ કરી કે;–" મહેરબાની કરીને મને આપના આશ્રયમાં રાખો અને મારાથી આપની જે નોકરી થઇ શકે તેમ હોય તે સોંપો. હું મારાથી બનશે એટલી મહેનત કરીને આપની નોકરી કરીશ."

એ વખતે બાપુલાલને પણ એક માણસની જરૂરજ હતી. કોઇ અજાણ્યા કરતાં પોતાના મિત્રના છોકરાને કામ આપવું યોગ્ય સમજીને તેણે ખુશીની સાથે તેને રાખી લીધો. લાખો ઘણોજ ખુશી થયો અને સારી રીતે નોકરી બજાવવા લાગ્યો. **જો કોઈ જરૂરનું કામ કરવાનું તે ભૂલી જતો અથવા કોઈ કામ જોઇએ તેવું નહિ કરી શકતો, તો પોતાનો દોષ કે ભૂલ કબૂલ કરી દેતો અને ફરીથી તરતજ તે તેવું ન થાય તેને માટે ખૂબ કાળજી રાખતો.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાખાની લાયકી અને મહેનત જોઇને બાપુ શેઠ તેના ઉપર ઘણોજ રાજી થવા લાગ્યો; અને તેના ઉપર વિશ્વાસ મૂકીને તમામ કામકાજનો બંદોબસ્ત કરવાનું તેનેજ સોંપ્યું. લાખો ટુંક મુદતમાં સર્વ બાબતમાં હુંશિયાર થયો અને પોતાના શેઠની પ્રીતિ તથા વિશ્વાસ સારી પેઠે મેળવી શકયો.

બાપુ શેઠને બાયડી છોકરાં નહોતાં; તેથી તેણે એક ઘરડી ચાકરડીના હાથમાં ઘરનો સઘળો વહીવટ સોંપ્યો હતો. પોતે તે બાબતમાં કાંઇ પણ દેખરેખ રાખતો નહોતો. આ ચાકરડી સારી નહોતી અને લાગ મળતાં ઘરમાંથી ચોરી કરવામાં આઘું પાછું જોતી નહોતી. લાખા ઉપર શેઠનો ઘણો વિશ્વાસ જોઇને તથા તમામ બાબત તેને સોંપેલી જોઇને તેણે વિચાર કર્યો કે;—"આ છોકરો અહીં રહેશે તો કોઇવાર મને નોકરીમાંથી કાઢી મૂકશે તથા ફજેત થવાનો વખત આવશે; માટે હવે કંઇક તદબીર કરીને એને અહીંથી કાઢવો જોઇએ."

આવું મનમાં નક્કી કરીને તે ચાકરડી એક દિવસ લાગ જોઇને બાપુ શેઠ આગળ કહેવા લાગી: 'શેઠ! આપ ઘણાજ દયાળુ છો અને સર્વને સારા સમજો છે; પણ લાખા વિષે જેટલું હું જાણવા પામી છું તે ઉપરથી કહી શકું છું કે, તેના ઉપર પૂર્ણ ભરોંસો રાખવો એ બહુ ભૂલ ભરેલું છે. હું ઘણાં વર્ષોથી આપના ઘરમાં છું અને આપને નુકશાન થવાનો સંભવ જાણવા છતાં જો આપને સાવચેત ન કરૂં તો લુણહરામી થાઉં; માટે ઘણો ઘણો વિચાર કર્યા પછીજ આપને આ વાત કરી છે. પછી તો આપ મુખ્તીઆર છો."

ચાકરડી ઉપર બાપુ શેઠને ભરોંસો હતો; પરંતુ લાખાની બાબતમાં તેને કંઇપણ સંદેહ નહોતો. તેથી તેણે ચાકરડીના બોલવા ઉપર ભરોંસો નહિ રાખતાં વિચાર કર્યો કે;—" આ છોકરો અધર્મના માર્ગમાં પગ મૂકે એવો જરા પણ લાગતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી; પરંતુ ઘણાક **અધર્મીઓ** પણ સહેલાઈથી પોતાની **ઈચ્છા પૂર્ણ કરવા માટે ધાર્મિક વેશ ધારણ કરે છે.** હું હવે છુપી રીતે એ છોકરાની પરીક્ષા કરીશ. ”

આવું નક્કી કરીને બાપુલાલે એક દિવસે લાખાને કહ્યું: “ મને અમુક વસ્તુની ઘણીજ જરૂર છે; માટે ગમે એટલી કિંમત બેસે તોપણ તે જલદીથી લઈ આવ. ” આમ કહીને જોઇએ તે કરતાં વધારે રૂપીઆ તેના હાથમાં આપીને તેને તે વસ્તુ લેવા મોકલ્યો. લાખાએ તે વસ્તુ વેચાતી લાવી શેઠની સામે મૂકી અને વધેલા રૂપિયા પણ તેના હાથમાં મૂકયા. લાખાએ તેમાંથી એક પાઇ પણ ચોરી નથી એ વાતની તેને હવે સારી રીતે ખાત્રી થઇ અને ચાકરડીએ કેવળ અદેખાઇથીજ તેની નિંદા કરી હશે એમ તેને સમજાયું.

એક દિવસ બાપુ શેઠ ભૂલથી કામ કરવાની જગા ઉપર કેટલીક મ્હોરો ભૂલી ગયા હતા. લાખાના જોવામાં એ મ્હોરો આવી; તેજ વેળાએ પેલી ચાકરડી પણ તે જગા ઉપર પહોંચી. તેણે લાખાને કહ્યું:–“ આવ આપણે બન્ને આ મ્હોરોના ભાગ પાડી લઇએ. ” એ સાંભળતાંજ લાખો ધિક્કાર દેખાડીને બોલ્યો: “ હું તો આ મ્હોરો શેઠનાજ હાથમાં સોંપીશ. **ચોરી કરવી એ ઘણુંજ ખરાબ કામ છે.** ” લાખાએ બાપુ શેઠ ઘેર આવ્યા ત્યારે મ્હોરો હવાલે કરી અને કહ્યું:– “ આ મ્હોરો અમુક જગાએ પડી હતી. ” લાખાનું આટલું બધું પ્રમાણિકપણું જોઈને શેઠ ઘણોજ ખુશી થયો અને તરતજ તેને ઘણું સારૂં ઇનામ આપ્યું. પછી ધીરેધીરે તે છોકરા ઉપર તેનો એવો સ્નેહ થયો કે અંતે તેનેજ પોતાના છોકરા પ્રમાણે ગણીને પોતાનો વારસ બનાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪-પોતાનું વચન પાળનારો ભરવાડનો છોકરો.

કેટલાંક વર્ષપર એક ગામડામાં એક ભરવાડનો છોકરો એક ઝાડ નીચે બેસી આસપાસની જગામાં બકરાં ચરાવતો હતો. થોડી વાર પછી તેણે પોતાની પાછળ એક ખુબસુરત અને સારાં કપડાં પહેરેલા બાર વર્ષના છોકરાને ઉભેલો જોયો. છોકરાએ ધાર્યું કે આ છોકરો જંગલના રખવાળનો હશે; તેથી તેણે સલામ કરીને કહ્યું: "સાહેબ! ફરમાવો." પેલા છોકરાએ કહ્યું કે;– "આ જંગલમાં પક્ષીના માળા છે?" પેલો ભરવાડનો છોકરો અજાયબ થઇને બોલ્યો: "હા સાહેબ! જંગલમાં એવા ઘણા માળા હોય છે. આપ જંગલના ઉપરીના છોકરા છો, તે છતાં શું જાણતા નથી?"

પેલા ખુબસુરત છોકરાએ તે માળા દેખાડવાનું કહેવાથી ભરવાડના છોકરાએ કહ્યું કે;–"મેં આજેજ એક સરસ માળો દીઠો છે; પણ હું તે તમને દેખાડી શકીશ નહિ." એટલામાં તે નવા છોકરાનો શિક્ષક આવી પહોંચ્યો અને પેલા ભરવાડના છોકરાનું બોલવું સાંભળીને ગુસ્સાથી બોલ્યો: "તું બડો મૂર્ખ છે. કુંવરે કોઈ વેળા માળો દીઠો નથી, તેથીજ તે ફક્ત જોવાજ ઇચ્છે છે. તે તેને અડકશે નહિ; માટે એમને તે માળો દેખાડી ખુશી કર." ભરવાડના છોકરાએ નમ્રતાથી કહ્યું કે;–"દિલગીર છું કે હું તે દેખાડી શકતો નથી." આવો જવાબ સાંભળીને પેલા છોકરાના શિક્ષકે કહ્યું: "છોકરા! તું ઘણાય લોકોને ખુશી રાખતો હઇશ, તો પછી શા માટે આપણા રાજકુંવરને ખુશી કરતો નથી?" આ સાંભળીને છોકરો આશ્ચર્ય પામી ટોપી ઉતારીને નમ્યો અને પછી ધીરેથી બોલ્યો: "શું આ રાજકુંવર છે? હું તેમને જોઇને ઘણોજ ખુશી થાઉં છું અને મને પોતાને ભાગ્યશાળી સમજું છું; પરંતુ ખુદ રાજા સાહેબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પધારે તોપણ હું પક્ષીનો માળો તો નહિ જ દેખાડી શકું. કારણ કે મારો ભાઇબંધ મથુરો પેલા પર્વત ઉપર બકરાં ચરાવે છે. તેણે આજ સવારેજ મને એક બહુ સરસ માળો દેખાડયો હતો. પણ એ માળાનું તેને કામ હોવાથી તેણે કહ્યું હતું કે બીજા કોઇને તે દેખાડવો નહિ. મેં તે વાત કબૂલ કરેલી છે, તેથી હું મારૂં વચન તોડીશ નહિ." આ સાંભળીને શિક્ષકે પરીક્ષા લેવા માટે ગીનીઓથી ભરેલી એક કોથળી ગજવામાંથી કાઢીને કહ્યું: "જો તું તે સુંદર માળો દેખાડીશ તો આ બધી ગીનીઓ તને મળશે. મથુરાને તો એ વાતની ખબર પણ પડવાની નથી." આ સાંભળીને ભરવાડના છોકરાએ કહ્યું કે;– "મથુરો જાણે કે ન જાણે; પણ એ તો વિશ્વાસઘાતનુંજ કામ છે. એવું કામ હું કરીશ નહિ. **મેં તેને જે વચન આપ્યું છે તે કદિ પણ તોડીશ નહિ.**" આ સાંભળીને શિક્ષકે કહ્યું: "આ ગીનીઓની કિંમત તું જાણે છે ? એનાથી તો પુષ્કળ વસ્તુઓ લઈ શકાશે." ભરવાડના છોકરાએ કહ્યું: "સાહેબ ! હું જાણું છું કે આટલી ગીનીઓથી તો મારાં માબાપની ગરીબાઇજ જતી રહે; પણ તે છતાં હું તેમ કરીશ નહિ. મહેરબાની કરીને આપ ચાલ્યા જાઓ, મને લોભમાં ન નાખો." આવું સાંભળીને શિક્ષકે કહ્યું: "ભલે તું તારૂં વચન પાળ; પણ હું આટલુંજ કહું છું કે તારા મિત્રની પાસેથી માળો દેખાડવાની રજા જો તું લઇ આવીશ તો આ બધીજ મ્હોરો તને આપીશ; અને તારી મરજી હશે તો બીજી થોડી તારા મિત્રને પણ આપીશ." ભરવાડના છોકરાએ કહ્યું: "હા, બપોરે રજા લાવી પછી દેખાડીશ." પછી રાજકુંવર અને શિક્ષક પોતાને ઉતારે ગયા. ત્યાં તેઓને ખબર કાઢતાં જણાયું કે તે ભરવાડના છોકરાનું નામ જીવો છે અને તેનો બાપ ઘણોજ ભલો માણસ છે. બપોરે તેઓ પાછા આવતાં ભરવાડના છોકરાએ તેમને કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે;—" આ રહ્યો મારો મિત્ર. તેણે દેખાડવાની રજા આપી છે. હવે ચાલો, અમે તમને માળો દેખાડીએ." પછી તેણે રાજકુંવરને માળા પાસે તેડી જઇને કહ્યું:—"જુઓ, પેલી માદા ઈંડાં ઉપર બેઠેલી છે. તેજ એ માળો છે." આમ કહે છે એટલામાં માદા ઉડી ગઇ અને પછી બધાએ પક્ષીનો ઉમદા ગુંથણીથી બાંધેલો માળો તેમજ તેમાંનાં બહુ સુંદર ઈંડાં આનંદપૂર્વક જોયાં. રાજકુંવર પણ જોઇને ઘણોજ ખુશી થયો. પછી શિક્ષકે પોતે કબૂલ કરેલી ગીનીઓમાંથી થોડીક મથુરાને આપી અને બીજી બધી જીવાને આપી. તે લઇને બેઉ છોકરા ઘેર ગયા.

તે દિવસે રાજા પણ સાંજે ફરતો ફરતો તે છોકરાને મળવા સારૂ જંગલમાંના એજ ઉતારાપર આવી ચઢયો. પછી સર્વ નાસ્તો લેવા બેઠા ત્યારે રાજકુંવરે પક્ષીના માળાવાળી સર્વ વાત રાજાને કહી અને પેલા ભરવાડના છોકરાનું પ્રમાણિકપણું કહ્યું. રાજા આ બધી વાત સાંભળીને બહુજ ખુશી થયો અને પછી તે છોકરાને તેડાવ્યો. છોકરો આવી પહોંચતાં રાજાએ તેને ઘણાજ પ્રેમથી કહ્યું: " છોકરા! તું ભણવા ચાહે છે?" છોકરાએ કહ્યું: " હા સાહેબ! પણ મારો બાપ ઘણોજ ગરીબ છે." પછી રાજાએ તરતજ તેના બાપને તેડાવીને કહ્યું: " છોકરાને ભણવાનું ખર્ચ રાજ તરફથી મળશે; માટે તેને ભણવા માટે રાજધાનીમાં મોકલો." પછી ભરવાડે છોકરાને રાજધાનીમાં મોકલ્યો. છોકરો મન દઇને અભ્યાસ કરવાથી થોડી મુદતમાં ઘણું શિખ્યો. પછી રાજાએ તેને નોકરીમાં રાખ્યો અને તે ઘણોજ સુખી તથા નામાંકિત થયો.

જુઓ, પ્રમાણિકપણાનું ફળ મળ્યા વિના રહેતું નથી. પ્રમાણિકપણાને સઉ કોઈ ચાહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫-ત્રણ માણસોને આગમાંથી ઉગારનાર છોકરો.

એક વાર એક મોટા શહેરમાં આવેલા એક મકાનમાં આગ સળગી અને જોત જોતામાં આસપાસનાં ઘરોમાં આગ ફેલાઇ ગઈ. ઘરોમાંનાં માણસો ઘણી મુશ્કેલીથી બહાર નિકળી આવ્યાં અને પોત પોતાનો માલ બચાવવાની મહેનત કરવા લાગ્યાં. થોડીવારે આગ હોલવવાના બંબા પણ આવી પહોંચ્યા.

એક ઘરમાં દાદર સળગેલો હોવાથી તેમાંનાં ત્રણ માણસોએ નિકળવાની ઘણી તજવીજ કરી; પણ કોઇ રસ્તો સુઝ્યો નહિ. આખરે તેઓ રસ્તા ઉપરની બારીએ આવ્યા. પણ જો તેઓ એ બારીમાંથી કૂદી પડે તો તરતજ પ્રાણ જાય એવું હતું. રસ્તામાં ઉભેલાં માણસોએ તેઓને જોયાં ખરાં; પણ એટલી મોટી નિસરણી નહિ હોવાથી તેઓ નિરૂપાય બન્યાં.

એ જોનારાં માણસોમાં એક ૧૨-૧૩ વર્ષની ઉમ્મરનો બૂટ સાફ કરનારો છોકરો વિઠ્ઠલ કરીને હતો. એ છોકરાએ આ દયાભરેલો દેખાવ જોઇને આસપાસ નજર કરી તો તેણે એક તારનો થાંભલો રસ્તામાં ઉભો કરેલો જોયો. બળતા ઘરના છાપરામાં એક હુક મારીને તારના દોરડાનો એક છેડો તેમાં બાંધેલો હતો અને બીજો છેડો રસ્તા ઉપરના પેલા થાંભલાને બાંધેલો હતો; તેથી જો કોઇ તે થાંભલાવાળો છેડો કાપી નાંખે, તો ઉપરથી તારનું દોરડું નીચે બરાબર બારીની વચ્ચોવચ્ચ લટકે એમ હતું. આથી તરત તેણે આસપાસ જોઈને આગ હોલવનારાઓની એક કુહાડી રસ્તામાં પડેલી જોવામાં આવતાં તરતજ તે ઉંચકી લીધી; અને પછી તે કુહાડી સાથે તેણે પેલા થાંભલા ઉપર ચઢીને થોડીજ વારમાં તારનું દોરડું કાપી નાખ્યું; અને કપાઇ જતાં તરતજ તે દોરડું ઉપલા ઘરની બારીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચોવચ્ચ લટકી પડતાં તેને પકડીને એક પછી એક ત્રણે જણ નીચે ઉતર્યા. વિઠ્ઠલનું આ સમયસૂચકપણું અને દયાભરેલું કામ જોઈને ઘણાજ હર્ષનાદ કરવા લાગ્યા અને તેને શાબાશી આપવા લાગ્યા. પછી પેલા ઉતરેલા ત્રણ માણસોએ તેને કેટલુંક ઈનામ આપી ત છોકરાનો ઉપકાર માન્યો. તુરત વર્તમાનપત્રમાં તેની છબી છપાઈ અને તેના કામની સર્વ કોઇએ પ્રશંસા કરી. આ વાત તે શહેરમાંની દયાનાં કામો કરનારી સભાના જાણવામાં આવતાં તેણે પણ તે છોકરાને સોનાનો ચાંદ આપ્યો.

જુઓ ૧૨-૧૩ વર્ષના બહુજ ગરીબ છોકરાએ પણ કેવી રીતે ત્રણ જીવ ઉગાર્યા! **માણસ ગમે એટલો ગરીબ હોય, તો પણ જો તે ધારે તો પરોપકારનાં સરસ કામો અવશ્ય કરી શકે છે;** એ વાત આ દાખલાથી બહુ સારી રીતે સમજી શકાય છે.

૪૬–આગગાડીને બચાવતાં જીવ આપનાર છોકરો.

એક માણસ રેલ્વે ખાતામાં એક નદી ઉપરના પુલના ચોકીદારનું કામ કરતો હતો. તેનો ૧૪ વર્ષનો છોકરો પણ તેની સાથેજ રહેતો હતો. એક દિવસે મોટા તોફાન સાથે વરસાદ પડવાથી રાતની ગાડી આવે તે પહેલાં બાપ પુલ જોવા માટે ગયો અને છોકરો ઘરમાં રહ્યો. પછી થોડીવારે નદીમાં રેલ આવી અને તેથી કેટલાંક ગામ તણાઈ ગયાં. પછી છોકરો પણ બહાર નીકળીને પુલ જોવા ગયો તો પુલ તૂટી ગયેલો જણાયો. તેણે પોતાના બાપને હાંકો મારી, પણ કાંઈજ જવાબ મળ્યો નહિ. તેણે ધાર્યું કે રાત્રિની છેલ્લી ગાડી આવવાનો વખત થયો છે, તેથી જો ગાડીને રોકવામાં ન આવે તો તે નદીમાં જઈ પડવાની અને સર્વ માણસો મરવાનાં. આ વિચારથી તેના મનમાં દયાનો સંચાર થયો અને તેણે દૃઢ નિશ્ચય કર્યો કે કોઇ પણ રીતે ગાડીને રોકવી તો ખરીજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડીને જવાનો રસ્તો પહાડની એક સાંકડી નાળમાં હતો અને ત્યાં ઉભા રહેવા જેટલી પણ જગા નહોતી. હવે શું કરવું? તેજ વેળાએ તેને સુઝી આવ્યું કે એક હાથગાડી ત્યાં હતી તેને ઉભી કરીને તેના ઉપર ચઢીને લાલ ફાનસ દેખાડવામાં આવે તો જરૂર ગાડી ઉભી રહે. તેણે હાથગાડીને નાકાપર લઇ જઇ ઉભી કરી અને પછી તેના ઉપર હાથમાં લાલ ફાનસ લઇને ઉભો; એટલામાંજ આગગાડી આવી. ગાડી ચલાવનાર છોકરાને હાથગાડી ઉપર ચઢી લાલ ફાનસ દેખાડતો જોઇને તરતજ ગાડીને ઉભી રાખવા મથ્યો; પણ ગાડી બહુ જોસમાં હોવાથી અટકી શકી નહિ. છોકરો મોટી બૂમો પાડીને કહેવા લાગ્યો કે; " પુલ ભાગ્યો છે, પુલ ભાગ્યો છે " એટલામાંજ ઇન્જીનનો ધક્કો તે છોકરાની ગાડીને લાગ્યો અને ગાડી તથા છોકરો બંને ઉછળીને કેટલાક ફુટ ઉંચે જઇને નીચે પછડાતાંજ તેમના ચૂરેચૂરા થઇ ગયા. પછી આગગાડી ઉભી રહી અને તે છોકરાની શોધ કરી તો તે મુવેલો જણાયો. પછી બીજે દહાડે મોટા માનની સાથે પાસેના ગામમાં તેની કબર કરી. તે કબર ઉપર લખવામાં આવ્યું છે કે;—

કારલ સ્પ્રીનગેલ

ઉમ્મર ૧૪ વર્ષની. તે બહાદુરીથી અને પરોપકાર કરતાં મરણ પામ્યો છે. તેણે ૨૦૦ માણસોના જીવ ઉગાર્યા છે.

૪૭—દુઃખ વેઠીને રેલગાડી બચાવનારી છોકરી.

એક ગામ પાસેના નાળા ઉપર રેલગાડીનો પુલ હતો. એ પુલની પાસેના ઝુંપડામાં એક છોડી પોતાનાં માબાપ સાથે રહેતી હતી. ચોમાસામાં એક સાંજે તે છોડી બારીમાંથી પોતાના બાપને આવવાની વાટ જોતી હતી, તેવામાં તેણે દૂરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટા ઉપર આગગાડીને આવતી જોઈ. તે આગગાડી નાળાની પાસે આવતી હતી; છતાં પણ તે ત્યાં આવેલી જણાઈ નહિ, જેથી તે છોડી તરતજ ફાનસ સળગાવીને દોડી. પુલની પાસે પહોંચી ત્યારે તેણે જોયું કે પુલ ભાગ્યો છે અને ઈન્જીન તથા ડબાઓ નાળામાં પડીને તણાઈ ગયા છે. તેણે ધાર્યું કે હમણાં બીજી બાજુની ગાડી આવશે, તેની પણ આવીજ હાલત થશે; માટે તેને બચાવવાની તો મારે જરૂર કોશીષ કરવી જોઇએ. આવો નિશ્ચય કરીને તે બહાદુર છોકરી તરતજ પાસેના સ્ટેશને જવા નીકળી. તે સ્ટેશન પુલથી એક માઇલને છેટે હતું અને ત્યાં જતાં રસ્તામાં એક ઘણોજ સાંકડો લાકડાનો પુલ હતો. આવી અંધારી રાત્રે અને તોફાનની વેળાએ તેના ઉપરથી જવું એ બહુજ ભયંકર હતું. છતાં તે છોકરીએ સ્ટેશન ઉપર જવાનો મજબૂત વિચાર કર્યો હતો; તેથી મુશ્કેલીની દરકાર નહિ કરતાં તે પુલ ઉપરથી ઘુંટણપર બેસીને વાંદરાની માફક ધીરે ધીરે પસાર થઇ અને પછી ઘણી દોડવા લાગી. તેનાં લુગડાં કાંટામાં ભરાતાં અને ફાટતાં હતાં તથા પાણીથી તરબોળ થઈ ગયાં હતાં; છતાં તે જેમ તેમ કરીને જલદી સ્ટેશને પહોંચી ગઇ. એ વખતે તેને બહુજ શ્વાસ ચડી ગયો હતો તેથી તે વધુ બોલી શકી નહિ. ફક્ત "ટ્રેન રોકો, ટ્રેન રોકો," આટલુંજ કહીને તે જમિન ઉપર પડી ગઇ. ગાડી ઉપડેલી હોવાથી સ્ટેશન માસ્તરે તરતજ માણસો દોડાવીને ગાડીને થોભાવી. જો તેમ ન થાત તો તેમાંનાં બધાંજ માણસો મરી જાત.

તેણે બહાદુરી કરી ખબર આપીને સેંકડો માણસોના જીવ બચાવ્યા; તે બદલ સર્વેએ તેનો ઘણોજ ઉપકાર માન્યો. આ બચી જનારા લોકો તે વખતે કેટલા બધા ખુશી થયા હશે ? વળી તે છોકરી પોતે પણ કેટલી બધી રાજી થઇ હશે ? વાંચનાર ! પરોપકાર કરવાનો આવેશ મનમાં ભરાયા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બાળકી પણ કેટલું બધું દુઃખ વેઠવાને શક્તિમાન થાય છે; અને તેનામાં કેટલી બધી બહાદુરી આવી જાય છે, તેનો આ કેવો સરસ દાખલો છે ! અંધારી રાત્રિએ એક છોકરી આવી રીતે પુલ ઉતરીને દોડતી એક માઇલ સુધી જાય, એ સર્વ પરોપકારના આવેશનુંજ પરિણામ સમજવાનું છે. વાંચનાર ! જો પરોપકારી થવા ઇચ્છશો તો તમે પણ આવાં ઘણાં કામો કરી શકશો. બીજાઓના હિતનાં કામો કરવાથી પ્રભુ રાજી થાય છે અને માણસો પણ રાજી થાય છે; એટલુંજ નહિ પણ તેવું કામ કરનારને પોતાને પણ તેથી જે ખુશાલી ઉપજે છે તેની ખુબી તો તેવાં કામ કરનારાજ સમજી શકે છે.

૪૮–સંકટમાં ફસેલાઓને બચાવનાર દયાળુ છોકરો.

કેટલાંક વર્ષ ઉપર શિયાળાની ઋતુમાં એક દરિયાકાંઠાના ગામમાં બૂમ પડી કે; "એક વહાણ થોડે છેટે કીચડમાં લાધી ગયું છે અને તેમાં બેઠેલાં ઉતારૂઓ ઘણા સંકટમાં છે." આ વાત સાંભળતાંજ લોકો ચોતરફથી ભેગા થયા અને અફસોસ કરવા લાગ્યા. તે વેળાએ ત્યાં એક પણ હોડી નહોતી કે જેથી તેઓને કોઈ ઉતારી લાવે. ત્રણ દિવસ સુધી એ પ્રમાણે સર્વ ઉતારૂઓ ખાધાપીધા વગર દરિયામાં ફસાઈ રહ્યા. પાણી ઘણાં ઊંડાં હોવાથી કોઇથી તરીને પણ અવાય તેમ નહોતું. બધાં માણસો દયા બતાવવા લાગ્યાં, પણ કોઇની હિમ્મત થઈ નહિ કે તેઓને બચાવે. એટલામાં એક વિદ્યાર્થી ત્યાં આવી ચઢયો. વહાણનાં માણસોની હાલત માટે તેને બહુજ દયા આવી. તે બહુ બળવાન નહોતો, પણ તેની હિમ્મત જબરી હતી; એટલે તરતજ બોલી ઉઠયો કે; "હું તેઓને છોડાવવા માટે જાઉં છું." આમ કહીને એક માણસની પાસે દોરડું હતું તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેડો પોતાની કમ્મરે બાંધીને પોતે સમુદ્રમાં કૂદી પડયો. બધા માણસો તેની આ હિમ્મત જોઇને બહુજ આશ્ચર્ય પામ્યાં; અને તેને ફતેહ મળે તે માટે ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યાં.

પેલો વિદ્યાર્થી ઘણી મુશ્કેલીએ સમુદ્રમાં તરવા લાગ્યો. તેના મનમાં એમજ હતું કે હું **જઇને દુઃખમાં પડેલાંને બચાવીશ.** ઊંડા પાણીમાં લાંબી મજલ સુધી તરવું એ ઘણું કઠિન કામ છે. બીજા લોકો જેઓ આ બધું જોઈ રહ્યા હતા, તેઓ શરીરે તેના કરતાં પણ વધારે મજબૂત હોવા છતાં તરવામાં બીતા હતા; ત્યારે આ વિદ્યાર્થીના મનમાં દયા હોવાથી મુશ્કેલી વેઠીને પણ તે વહાણમાં જઈ પહોંચ્યો. તેણે દાંતમાં ચાકુ પકડયું હતું તે વડે કમ્મરનું દોરડું કાપી નાખ્યું. કિનારે ઉભેલા તેના એક મિત્રે તે દોરડું પકડી રાખ્યું હતું; કેમકે કદાચ તે તરી ન શકે તો તેને પાછો ખેંચી લેવાય. પછી વહાણમાંથી એક માણસને સાથે લઇને તરતો તરતો તે પાછો કિનારે આવ્યો. પછી બીજી વાર ગયો ત્યારે પણ બીજા એક માણસને સાથે લાવ્યો. આવી રીતે છ વાર જઇને છ માણસોને તેણે બચાવ્યાં. હવે તે ખૂબ થાકી ગયો હતો, તે છતાં સાતમી વખત જઇને પણ એક દુર્બળ છોકરાને લાવવાના પ્રયત્નમાં તે પડયો. છોકરો દુર્બળ હોવાને લીધે બરાબર તરી નહિ શકવાથી ડૂબી ગયો. તેણે ડૂબકી મારીને તેને પાછો કાઢયો. એવી રીતે તેણે બે વાર ડૂબકી મારીને તેને પાછો કાઢયો હતો. આખરે ઘણી મુશ્કેલીથી તેને પણ તે કિનારે લાવ્યો. કિનારા પરનાં માણસોએ દરેક વખત તેને મોટા અવાજે કરીને શાબાશી આપી હતી અને છેલ્લી વારે તો ઘણીજ શાબાશી આપી.

ઉપલા વિદ્યાર્થીની વાત ઉપરથી એ શિખામણ લેવાની છે કે, બીજાઓ કરતાં **દુર્બળ હોવા છતાં પણ જો માણ-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાં હિમ્મત હોય તો તે પરોપકારનાં મોટાં મોટાં કામો કરી શકે છે; અને જો તે કામો ખરા દિલથી કરવામાં આવે તો જરૂર તેમાં ફતેહ મળે છે. પરોપકારની હિમ્મત એવી શ્રેષ્ઠ છે કે તેવી હિમ્મતવાળો માણસ પોતાને દુર્બળ સમજતોજ નથી.

૪૯—ગરીબ ખેડુતને માટે બંદીખાનામાં જનાર છોકરો.

કેટલાંક વર્ષની વાત ઉપર એક જુવાન છોકરાએ કંઈક ગુન્હો કર્યાથી સરકારે તેને કેદમાં પૂર્યો હતો. એક વેળાએ લાગ જોઇને કેદખાનામાંથી તે નાસી ગયો. ચાલતાં ચાલતાં ઘણી ભૂખ લાગવાથી નજીકના ગામમાં ગયો અને એક ઝુંપડામાં જઈ તેણે કંઇક ખાવાનું માગ્યું. તે ઝુંપડામાં એક ખેડુતનું ઘણુંજ ગરીબ કુટુંબ રહેતું હતું. તે ખેડુતે કહ્યું કે; "અમારી પાસે કંઈ પણ ખાવાનું નથી. આ સાલ તો મારી જમીનનું ગણોત પણ મેં આપ્યું નથી; એટલે આજકાલમાંજ હવે હું ઘરબાર વિનાનો થઇ જઇશ." ખેડુતની આવી હકીકત સાંભળીને પેલા જુવાન છોકરાને દયા આવવાથી તેણે કહ્યું: "હું હમણાંજ કેદખાનામાંથી નાસી આવ્યો છું. તું મને પાછો પોલીસને સ્વાધીન કર; એટલે તને તેના ઇનામ બદલ ૫૦ રૂપિયા મળશે. તારે જમીનનું કેટલું ગણોત આપવાનું છે?" ખેડુતે કહ્યું કે; "૪૦ રૂપિયા આપવાના છે."

કેદખાનામાંથી નાસી આવેલા છોકરાના કહેવા પ્રમાણે કરવાની ખેડુતે ઘણીએ ના કહી; પણ જુવાન છોકરાએ ઘણી હઠ કરવાથી ખેડુત તેના હાથ દોરડાથી બાંધીને તેને શહેરની પોલીસ પાસે લઇ ગયો. ખેડુતને ૫૦ રૂપિયા તેને પકડવા બદલ મળ્યા. પછી તે છોકરાનો નવો ગુન્હો સાબીત કરવા સારૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ગરીબ ખેડુતને ત્યાંના અમલદારે પુરાવો આપવા માટે બોલાવ્યો; અને બંદીવાનને કેવી રીતે પકડયો તે પૂછ્યું. ખેડુતે જે બન્યું હતું તે સાચે સાચું કહ્યું. તે સાંભળીને સર્વને મોટું આશ્ચર્ય થયું અને તે ખેડુતને બીજા પણ ૫૦ રૂપિયા લોકોએ આપ્યા. પછી તે અમલદારે આ બધી હકીકત જડજને લખી મોકલી. જડજ પેલા બંદીવાનનું દયાનું કામ જાણીને ઘણોજ ખુશી થયો. તે છોકરાએ શો અપરાધ કર્યો હતો તેની તેણે તપાસ કરી તો જણાયું કે; તેણે એક ઘણોજ નાનો ગુન્હો કર્યો હતો અને તે માટે તેને કેદખાનામાં પૂરવામાં આવ્યો હતો. પછી તે ભલા જડજે પરોપકારી છોકરાને કેદખાનામાંથી છોડવાનો હુકમ કર્યો.

આ ઉપરથી એ શિખવું જોઇએ કે દયાનાં કામો કરવામાં પોતાના દુઃખને ગણકારવું નહિ. પેલો કેદી ધારત તો નાસી જઇ શકત; પણ પેલા ગરીબનું દુઃખ જોઇને તે પાછો કેદખાનામાં ગયો એજ તેની ખરી દયા છે.

૫૦—રોગીઓની સેવા કરનાર મેલીડન સાઉન.

એક વકીલે મરવા પહેલાં પોતાની માલમિલકતનું વસીયતનામું કરીને કેટલાંક ફંડ નક્કી કર્યા હતાં. એમાં એક ફંડની મતલબ એવી હતી કે દર વર્ષે ૧૦૦૦૦ રૂપિયા જે ગરીબ માણસ એ વર્ષમાં સારાં ઉપયોગી કામ કરે તેને ઇનામમાં આપવા. તેમાંનું એક ઈનામ એક ગરીબ છોકરીને જે કામ કરવા માટે મળ્યું હતું તેનું વર્ણન નીચે પ્રમાણે છે.

આ છોકરી નાની હતી ત્યારે તે જનાવરોની રખેવાળી કરતી; અને દરરોજ પોતાનું ખાવાનું સાથે લઇ જતી તેમાંથી કેટલુંક ગરીબ માણસોને ખવરાવતી. તે કોઇ પણ ગરીબ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખી માણસને જોતી તો તેને બનતી મદદ કરવા ચુકતી નહિ. આ છોકરીની ઝુંપડીથી એક ગાઉ ઉપર એક આંધળી વિધવા એક નાની છોકરી સાથે રહેતી હતી. તેને તે છોકરી દરરોજ ખાવાનું આપી આવતી તથા તેનું ઘર સાફસુફ કરી આવતી. આ પ્રમાણે પંદર વર્ષ સુધી તે દરરોજ એક ગાઉ જતી અને આવતી. વળી બીજે એક ઠેકાણે તેટલેજ છેટે એક ગરીબ છોકરી રહેતી હતી. તેને રક્તપિત્તનો રોગ થવાથી તેના કુટુંબનાં માણસોએ ઘરમાંથી કાઢી મૂકી હતી; અને કોઇ પણ સગાં વહાલાં તેની ખબર રાખતાં નહોતાં. આ ખબર મેડલીનને પડવાથી દરરોજ તેને ત્યાં જઇને પણ તે ખાવાનું આપતી અને મલમપટો કરતી. એ છોકરી આઠ મહિના પછી મરી ગઇ તે વેળાએ પણ માત્ર આ પરોપકારી છોકરીજ તેની પાસે હતી.

કોઇ નાવારસ માણસ મરી જાય અને તેનું મુરદું ઠેકાણે પાડનાર ન હોય, તો તે કામ પણ આ બાઇ કોઇ પણ રીતે પાર પાડતી. આમ કરવામાં કેટલીકવાર તો તેને બહુજ મહેનત અને દુઃખ વેઠવું પડતું.

આવી રીતે તેણે ઘણા પ્રકારનાં કષ્ટો સહન કરીને બીજાનું ભલું કર્યું હતું. આ ખબર રાજદરબારમાં પડવાથી રાણીએ તેને મળવા સારૂ બોલાવી તથા ઘણુંક માન અને ઈનામ આપ્યું. પછી આ બાઇના કામોની ખબર પેલા વકીલના ફંડના ઉપરીને પડવાથી તેણે તે વર્ષનું સદ્વર્તન બદલનું ઈનામજ તે છોકરીને આપ્યું. **ગરીબાઇ હોવા છતાં પણ ઘણોય પરોપકાર કરી શકાય છે, તેનું આ કેવું ઉત્તમ ઉદાહરણ છે!**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૧–ગામને તણાતું બચાવનાર છોકરો.

યૂરોપખંડના હોલંડ દેશનો કેટલોક ભાગ પાણીની સપાટીથી નીચો હોવાથી કોઇ કોઈ વેળાએ સમુદ્રનું પાણી આવીને તે ભાગમાં વસેલાં ગામોને ઘસડી જતું હતું. આ દુઃખમાંથી બચવા માટે ત્યાંનાં માણસોએ સમુદ્રની બાજુએ એક મોટી ભીંત બાંધી હતી; તોપણ કોઇ વખત તે ભીંત તોડીને પણ પાણી આવતું અને ત્યાંના લોકોને નુકસાન કરતું. ભીંત તૂટી જવાથી આગલા વખતમાં શું શું નુકસાન થયું હતું તેની વારંવાર વાતો કરીને લોકો પોતપોતાનાં છોકરાંઓને ખુશી કરતા; અને કહેતા કે જો ભીંતમાંથી જરાપણ પાણી નીકળે તો તરતજ તેનો ઇલાજ કરવો જોઇએ. નહિ તો એકદમ તે પાણી ભીંતને તોડીને ઘણા જોરથી આવે છે અને જાનમાલની ભારે ખરાબી કરે છે.

એક દિવસે શિયાળામાં એક છોકરો ઉપર જણાવેલી ભીંતની પાસે થઇને આવતો હતો, તેવામાં તેની નજર એકાએક ભીંતમાંથી પાણી આવતું હતું તેના ઉપર પડી. તરત તેને પોતાના બાપે કહેલી વાત યાદ આવી. તેણે વિચાર કર્યો કે “ દોડતો જઇને આ વાત મારા બાપને કહું, જેથી અહીંથી નાસી જઇને કોઈ ઉંચી જગાપર બેસીએ. પણ વળી તેના મનમાં આવ્યું કે, **અમે એકલાં બચીશું તેમાં શું ?** બીજાં માણસો તો મરી જશે ! શું તેઓને પણ હું કોઇ રીતે બચાવી શકું નહિ ? હું દોડતો બધાને કહેવા જઇશ તો પણ તેટલામાં પાણી જોરથી આવશે અને બાકું મોટું થઇ જઇને આખું ગામ ઘસડાઇ જશે; માટે કોઇપણ રીતે જો ભીંતમાંથી પાણી આવતું અટકાવું તોજ મારો બાપ અને સર્વ લોકો બચે. ” પછી તેણે પોતાનો હાથ જ્યાંથી પાણી આવતું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં રાખ્યો અને પાણીને આવતું તેમજ બાકાને મોટું થતું અટકાવ્યું. આખી રાત તેણે એવી રીતે પોતાનો હાથ પાણી અટકાવવા માટે મૂકી રાખ્યો. એક તો ટાઢ સખ્ત હતી, બીજું તે ભીનામાં બેઠો હતો અને ત્રીજું હાથ પાણીમાં બોળેલા હતા; આ ત્રણે કારણોથી તેને ઘણી ટાઢ ચડી. આમ છતાં તેની જરા પણ દરકાર ન કરતાં તે તો ત્યાંજ બેસી રહ્યો. ઘેર તેનો બાપ તેની વાટ જોતો હતો. સવારમાં ત્યાં થઇને નીકળનાર એક માણસે તે છોકરાને ભીંત પાસે બેઠેલો અને તેનો હાથ ભીંતના બાકામાં ખોસેલો જોઇને પૂછ્યું કે; " તું અહીં શું કરે છે ? " છોકરાએ લથડતે અવાજે કહ્યું કે; " અહીંથી પાણી નીકળે છે તેને રોકું છું; નહિ તો ગામ ઘસડાઈ જાય." એથી વધારે તે બોલી શકયો નહિ; કારણ કે તે ભૂખ્યો હતો અને સખ્ત ટાઢને લીધે બેભાન જેવો બની ગયો હતો. પછી પેલા માણસે તેનો હાથ કઢાવીને પોતાનો હાથ ત્યાં મૂક્યો અને મદદ માટે બૂમો પાડી. થોડીજ વારમાં લોકો આવી પહોંચ્યા અને પાણી આવવાની જગા પૂરી નાખી. પછી પેલા છોકરાને લોકોએ ઘણું માન આપ્યું; કારણકે તેનાથી આજે આખું ગામ બચ્યું હતું.

આના ઉપરથી શિખામણ લેવાની કે આપણે ગમે એટલા નાના હોઈએ તોપણ પરોપકાર કરી શકાય છે. પૈસાથી, મહેનતથી અથવા જીભથી પણ લોકોનું ભલું કરી શકાય છે. માટે પોત પોતાની શક્તિ મુજબનો હોય તેવો પરોપકાર દરેકે જરૂર કરવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૨–અશક્ત છોકરાને બદલે કામ કરનાર છોકરો.

એક સમયે એક શહેરમાં એક ગૃહસ્થ કાદવથી ખરાબ થયેલા પોતાના બુટ સાફ કરવા માટે કોઈ છોકરાને બોલાવતો હતો; એટલામાં એક નાનો છોકરો ધીમે ધીમે આવતો જણાયો. તે જેવો તેની પાસે આવી પહોંચ્યો કે તુરતજ એક મોટો છોકરો પણ દોડતો ત્યાં આવ્યો. પેલા ગૃહસ્થે કહ્યું કે; "આ નાનો છોકરો મારા જોડા સાફ કરશે, તું ચાલ્યો જા." તે છોકરાએ કહ્યું કે; "સાહેબ, તે એક મહિનાથી માંદો છે તેથી તે હજી મહેનતનું કામ કરી શકતો નથી માટે તેને બદલે હું કામ કરૂં છું."

પેલા નાના છોકરાએ કહ્યું: "હા એમજ છે. આ છોકરો વખતો વખત આમ મને મદદ કરે છે." આ સાંભળીને પેલા ગૃહસ્થે કહ્યું: "જો બધા માણસો આવી રીતે એક બીજાને માટે લાગણી રાખીને મદદ કરે તો જગતમાંથી ઘણુંક દુઃખ ઓછું થાય." પછી પેલા ગૃહસ્થના બુટ મોટા છોકરાએ સાફ કર્યા. તે ગૃહસ્થે તેને આઠ આના આપીને કહ્યું: "આમાંથી છ પેન્સ તું લેજે અને છ પેન્સ નાના છોકરાને આપજે." પેલા મોટા છોકરાએ કહ્યું: "તેમ થાય નહિ. આ પૈસા તો જીવાની મહેનતના છે." પછી તરત તેણે તે પૈસા જીવાને આપી દીધા. આનું નામજ ખરી દયા છે.

૫૩–દુકાળમાં મદદ કરવાને ખાંડ છોડનાર છોકરો.

ઈ. સ. ૧૮૭૩ ની સાલમાં બંગાળા અને બિહારમાં પડેલા મોટા દુકાળમાં મદદ કરવા માટે લંડનમાં ફંડ એકઠું થયું હતું. તે સમયે જે બંગાળીઓ વિલાયતમાં ભણતા હતા તેઓમાંથી કેટલાકોને એક અંગ્રેજ ગૃહસ્થે પોતાને ત્યાં ચ્હા પીવા બોલાવ્યા હતા. જ્યારે સર્વ સ્ત્રી, પુરૂષો અને છોકરાંઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચ્હા પીવા ટેબલ આગળ ગયાં ત્યારે તેઓએ જોયું કે સર્વની ચ્હામાં ખાંડ નાખવામાં આવી છે, પણ છોકરાંની ચ્હામાં તે નાખવામાં આવી નહોતી. બંગાળીઓએ આશ્ચર્ય પામી એનું કારણ પૂછતાં તે છોકરાંની માએ કહ્યું: "બંગાળાના લોકો અનાજ વિના મરી જાય છે એવું સાંભળીને છોકરાંઓએ નિશ્ચય કર્યો છે કે, જ્યાં સુધી દુકાળ વીતે નહિ ત્યાં સુધી અમે ખાંડ ખાઇશું નહિ. એઓની ખાંડ બદલ જે પૈસા ખર્ચાતા હતા તે પૈસા એઓ દર અઠવાડિયે દુકાળમાં મદદ કરવાની પેટીમાં પોતાને હાથે નાખી આવે છે." આ સાંભળીને પેલા બંગાળીઓ અને બીજા ગૃહસ્થો તથા સ્ત્રીઓની આંખોમાં આનંદનાં આંસુ આવ્યાં. બાળકો આ પ્રમાણે પોતાના સુખની વસ્તુઓનો ઉપયોગ પારકાનાં દુ:ખ દૂર કરવા માટે કરે તે જોવામાં કેવો આનંદ થાય છે! વાંચનાર બાળકો! તમે પણ આવી રીતે નાનપણથીજ પારકાનું ભલું કરતાં શિખશો કે?

૫૪–એક ડોસાને મદદ કરનારી બાળકી.

એક ડોસો રસ્તામાં ઘણીજ મુશ્કેલીથી ચાલીને જતો હતો, તેવામાં પવન વધુ વાવાથી તેની ટોપી ઉડી ગઇ. તેની પાસે થઇને બે છોકરાઓ નિશાળે જતા હતા. તેમને ડોસાએ કહ્યું: "પેલી મારી ટોપી પકડો, નહિ તો હું ટોપી વિનાનો થઇશ." પેલા છોકરાઓ તેના બોલવા ઉપર ધ્યાન ન આપતાં ટોપી ઉડવાની મઝા જોતા ઉભા અને હસવા લાગ્યા. એટલામાં ત્યાંથી લીલા નામની એક છોકરી કે જે તેજ નિશાળે ભણવા જતી હતી તે નિકળી. તેણે તરતજ દોડીને તે ટોપી પકડી લીધી અને પોતાના કપડાવડે સાફ કરીને ડોસાને આપી. પછી પેલા બે છોકરાઓ અને છોકરી સર્વ નિશાળે ગયાં. મહેતાજીએ આ ટોપીવાળો બનાવ નિશાળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારીમાંથી જોયો હતો; તેથી ભણાવી રહ્યા પછી સર્વ વિદ્યાર્થીઓ આગળ પેલી ટોપીની વાત તેણે કહી અને લીલાબેનના કામની તારીફ કરી તથા પેલા બન્ને છોકરાઓના વર્તન ઉપર ધિક્કાર દેખાડયો. તે પછી મહેતાજીએ પોતાની પાસેથી એક સુંદર ચિત્રોની ચોપડી પેલી નાની છોકરીને નીચે પ્રમાણે લખીને ભેટ આપી.

"લીલાબેનને તેના રૂડા કામને માટે તેના મહેતાજી તરફથી આ ચોપડી ભેટ આપી છે."

જે છોકરાઓ ગરીબ ડોસાની ટોપી ઉડતી જોઇને હસતા હતા; તેઓ ઉપલો બનાવ જોઇને બહુજ શરમાયા અને દિલગીર થયા.

૫૫–અપરાધીને સુધારનાર બાળકી.

એક વખતે ભાઈ બહેન રસ્તામાં ચાલ્યાં જતાં હતાં. રસ્તામાં એક દારૂડીઓ માણસ તેમના જોવામાં આવવાથી ભાઇએ કહ્યું કે; "એવા ખરાબ માણસની નજીક થઇને ન જતાં આપણે જરા દૂર થઇને જઇએ તો ઠીક." એ સાંભળીને બહેને કહ્યું કે; "ભાઈ! ભય રાખવાનું કારણ નથી. **આપણને માયાના બે શબ્દો કહેવામાં શું હરકત છે?**" પછી તે છોકરી ભાઇને સાથે લઇને પેલો માણસ લમણે હાથ દઇને બેઠો હતો તેની પાસે ગઈ અને ધ્રૂજતી ધ્રૂજતી કહેવા લાગી: "હે ગરીબ માણસ! હું તમારે માટે દિલગીર છું. હું તમને કંઈ મદદ આપી શકીશ?"

આ શબ્દો સાંભળીને પેલા માણસે પોતાનું માથું ઉંચું કર્યું અને તે છોકરીનો ચહેરો તથા માયાળુ સ્વભાવ જોઇને આશ્ચર્ય પામ્યો અને તેની આંખમાંથી ચોધારાં આંસુ પડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યાં. પછી તે બોલ્યો: બહેન ! તારા માયાળુ શબ્દોએજ મને મોટી મદદ કરી છે. આ જગતમાં મારૂં મિત્ર કોઈ પણ નથી. તેં જે માયાના શબ્દો કહ્યા છે તેજ મારે માટે ઘણા છે." છોકરીએ કહ્યું: "**જો તમે પરમેશ્વરની પ્રાર્થના કરશો તો તે તમારો મિત્ર થશે.**" એમ કહીને તે પેલા ગરીબ માણસની પડોશમાં જઇને બેઠી અને તેને પૂછયું: "શું તમે તેની રોજ પ્રાર્થના કરો છો ?" છોકરીના આ શબ્દ સાંભળીને પેલા માણસે અફસોસ સાથે કહ્યું: "ના, ઉલટા મેં પરમેશ્વરના ઘણા અપરાધ કર્યા છે. હું પાપી છું." છોકરીએ કહ્યું: "હે ભલા માણસ ! તોપણ પરમેશ્વર તમારો મિત્ર થશે. **તે બધાનો મિત્ર છે. તમે ગમે તેવા હશો તોપણ તે તમારો મિત્ર થશે.** હું તેની રોજ પ્રાર્થના કરૂં છું. પ્રભુની આજ્ઞા સર્વને મદદ કરવાની હોવાથી હું તમને માયાના શબ્દ કહીશ અને તમારે પણ બીજાઓને માયાના શબ્દો કહેવા."

આ સાંભળીને પેલાએ કહ્યું: "વહાલી બહેન ! તારા માયાળુ શબ્દેજ મારો ઉદ્ધાર કર્યો છે." આટલું કહીને તે ચાલતો થયો.

કેટલાંક વર્ષો પછી એક દિવસે રવિવારની નિશાળમાં એક વૃદ્ધ મનુષ્યે માયાળુ થવા ઉપર ભાષણ કર્યું. તે વેળાએ તેણે કહ્યું કે; "માયાના શબ્દોથીજ મારો ઉદ્ધાર થયો છે. એક વેળાએ એક છોકરીએ મને માયાના શબ્દ કહ્યા હતા; તેથીજ હું ખરાબ માર્ગમાંથી છુટયો છું. તમને પણ વિનંતિ કરૂં છું કે **સર્વ સાથે ભલાઇ કરજો.**"

નિશાળના વિદ્યાર્થીઓ ઉઠયા તે વેળાએ એક સ્ત્રીએ ઉઠીને તે વૃદ્ધનો હાથ પકડયો અને આનંદનાં આંસુ સહિત પૂછયું: "સાહેબ ! તમે મને ઓળખો છો ?" તે વૃદ્ધે તેની તરફ તાકીને જોયા પછી તેનો હાથ પકડીને આસ્તેથી કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, વહાલી બહેન! તમારા માયાળુ શબ્દોથીજ મારો ઉદ્ધાર થયો છે!"

૫૬–એક ગરીબ લંગડા છોકરાનો પરોપકાર.

એક ગૃહસ્થ એક ગામડાની નજીકથી પોતાની ઘોડાગાડી ધીમે ધીમે હાંકતો રહીને આસપાસ જળાશયની શોધ કરતો હતો; કારણ કે તેનો ઘોડો ઘણોજ થાકેલો અને તરસ્યો હતો. એટલામાં એક નાનું ઝુંપડું દેખાયું. તે ઝુંપડાના આંગણામાં એક ૧૦–૧૨ વર્ષનો છોકરો બેઠો હતો. દૂરથી ઘોડાને થાકેલો અને તરસ્યો જોઇને તરતજ તે છોકરો ઝુંપડામાં જઇને એક પાણીથી ભરેલી ડોલ લાવ્યો અને ગાડી આવવાની પહેલાંજ સડક આગળ જઈને ઉભો રહ્યો. પેલા ગૃહસ્થે તેને જોઇને ઘોડો ઉભો રાખીને પૂછ્યું: "છોકરા તું શું માગે છે?" છોકરાએ કહ્યું: "હું કંઈ માગતો નથી, પણ તમારા ઘોડાને પાણી પાવા આવ્યો છું." એમ કહીને તેણે પોતાના હાથમાંની ડોલ ઘોડાની સામે મૂકી. ઘોડાએ પાણી પીધું. પછી પેલા ગૃહસ્થે ગજવામાંથી રૂપાનાણું કાઢીને તે છોકરાને આપવા માંડયું; પણ છોકરાએ કહ્યું કે; "હું કંઇ પૈસાની ખાતર પાણી લાવ્યો નથી. હું ગરીબ લંગડો છોકરો છું. મારી મા ખેતરનું કામ કરે છે, તેમાંથી અમે બન્ને જણાં ખાઈએ છીએ. મારી માએ મને કહ્યું છે કે ઈશ્વરે તને આવી સ્થિતિમાં મૂક્યો છે તો તેમાં પણ તેનો કંઇ સારો ઇરાદો હશે; કારણ કે **ઈશ્વર જે કરે છે તે સારા માટેજ કરે છે.** તું વધારે ચાલી શકતો નથી તો અહીં રહીને તરસ્યા માણસો તથા જનાવરોને પાણી પાઇશ, તેથી પણ ઈશ્વરનું કામ કરેલું ગણાશે. અહીંથી આઠ માઇલ સુધીમાં પાણીનો ઝરો અથવા ગામ નથી; માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આપણા કૂવામાંથી પાણી કહાડીને તેનો ઉપયોગ કરીશ તો ઠીક છે. મારી માનું આ કહેવું મને ઘણુંજ ઠીક લાગવાથી હું તે પ્રમાણે કરૂં છું અને તેને ઈશ્વરનું કામ તથા મારી ફરજ સમજું છું. હું પૈસા લેતો નથી."

ગૃહસ્થ માણસે તેના ચહેરા ઉપર તાકીને જોયું તો તેમાં પરોપકારનું અને ધાર્મિકપણાનું તેજ દેખાયું. છોકરાનો આવો સદાચાર જોઈને તે ઘણોજ ખુશી થયો અને મનમાં ઇશ્વરનો મહિમા ગાવા લાગ્યો. ત્યારપછી તે છોકરાને ઉત્તેજનના કેટલાક શબ્દો કહીને તથા તેનો ઉપકાર માનીને તે ત્યાંથી ચાલ્યો ગયો. એક અશક્ત છોકરો પણ તદ્દન નિઃસ્વાર્થપણે કેવો પરોપકાર કરી શકે છે, તે આજે બરાબર તેના સમજવામાં આવવાથી તેના મન ઉપર બહુજ ઉંડી અસર થઇ અને તે પણ સારાં સારાં પરોપકારનાં કામ કરવા લાગ્યો. પરોપકારનો કેવો મોટો મહિમા છે?

૫૭–ગાડાવાળાને મદદ કરનાર છોકરો.

એક નિશાળીઓ નજીકના ગામની નિશાળે ભણવા જતો હતો. તેને એક ગાડાવાળાએ કહ્યું કે; "તું આ ગાડાને પછવાડેથી ધકેલે તો હું ઉપર પહોંચી શકું." "પણ નિશાળનો વખત થઇ ગયો છે" આવું કહીને તે છોકરો ચાલ્યો ગયો અને નિશાળે પહોંચી ઓટલા ઉપર રમવા લાગ્યો.

બિચારો ગાડાવાળો કયારનો બેઠો બેઠો થાકી ગયો હતો અને તેને ભૂખ પણ લાગી હતી; પરન્તુ કોઇ માણસ એ રસ્તેથી જતું આવતું નહોતું. પેલો છોકરો નીકળ્યો તે પણ ચાલ્યો ગયો; તેથી "હવે શું કરૂં" એમ કહીને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે પડતું જોયું; તેથી તેણે ગાડાવાળાને કહ્યું: " ભાઇ ! ગાડું ઉભું રાખ. તારા કોથળામાંથી અનાજ જમીન ઉપર પડે છે તેને બંધ કર્યા પછી ચલાવજે. " ત્યારે ગાડાવાળાએ ગાડું ઉભું રાખ્યું અને છિદ્ર જોતાંજ બોલી ઉઠયો: " હું તારો ઘણોજ આભારી થયો. પરમેશ્વર તારૂં ભલું કરશે. જો તેં આ વાત મને ન કહી હોત તો મને ગરીબ માણસને બહુજ નુકસાન થાત." પછી પેલો નાનો છોકરો નિશાળ ભણી ગયો.

તે છોકરો નિશાળમાં પહોંચ્યો ત્યારે ઘંટ વાગ્યાને દશ મિનિટ થઇ ગઇ હતી. કોઇ પણ વેળાએ તે મોડો આવતો ન હતો. તેથી મહેતાજીએ પૂછયું કે આજે કેમ મોડો આવ્યો ? હું તને આજે માફ કરૂં છું. પછી બપોરની છૂટી થતાં સર્વ છોકરા રમવા લાગ્યા. રમતાં રમતાં ગાડાવાળાને જે છોકરાએ ના પાડી હતી તેણે પેલા નાના છોકરાને કહ્યું: " તું શાથી મોડો આવ્યો તે હું જાણું છું. રસ્તામાં બેઠેલા ગાડાવાળાને ગાડું ચડાવરાવતાં વાર લાગી હશે અને તેને માટે પૈસા પણ તને મળ્યાજ હશે; અને તેથીજ મહેતાજીને તેં કશો ખુલાસો કહ્યો નથી. "

છોકરાએ કહ્યું: " મેં કંઇ પૈસાને માટે ગાડાવાળાને મદદ કરી નથી. " આ સાંભળીને પેલા છોકરાએ કહ્યું: " હું તો પૈસા સિવાય કંઇ પણ કામજ કરતો નથી. મને પણ તેણે કહ્યું હતું, પણ બદલામાં કશું આપવાનું કહ્યું નહોતું; તેથી મેં તેને ના પાડી હતી. તુંજ મૂર્ખો છે કે તેં પૈસા ન લીધા !"

નાના છોકરાએ કહ્યું કે; બિચારો ગરીબ ગાડાવાળો પોતાનું ગાડું તાણી શકતો નહતો. એને મદદ કરવી એ તો મારી ફરજ હું સમજું છું. **આપણને માબાપે મદદ કરી છે તેથીજ આપણે જીવ્યા છીએ. માટે આપણે પણ બીજાને મદદ કરવી જોઇએ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાતનો સાર એ છે કે પરોપકારનો બદલો પૈસાથી લેવો એ તો વેપાર કર્યા જેવું છે; માટે બદલો લીધા વિનાજ પરોપકાર તો કરવો જોઇએ.

૫૮–ચોપડી ભેટ આપનારી પરોપકારી છોકરી.

એક માતા પોતાની બાળકીને વખતો વખત પરોપકારી મનુષ્યોનાં જીવનચરિત્ર કહી સંભળાવતી અને બોધ આપતી હતી કે; તારે પણ પરોપકારી થવું જોઇએ. આમ કરવાથી તે છોડીમાં પરોપકાર–બુદ્ધિ ઠીક આવી હતી; અને વખતોવખત તે દીન દુઃખીઓને પૈસા આપીને તેમજ બીજી રીતે પણ સારાં કામ કર્યા કરતી હતી. એક વખતે તેની વર્ષગાંઠ આવતાં તેનાં માબાપે તેને કેટલાક રૂપિઆ હાથ ખરચી માટે ભેટ આપ્યા. તે છોડીએ તે રૂપિઆવડે "ધર્મપ્રચારક પુસ્તકાલય" માંથી નાનાં નાનાં પચીસ પુસ્તકો વેચાતાં લઇને લોકોને મફત આપવા માંડયાં. આપતાં આપતાં તેમાંથી પાંચ પુસ્તકો બાકી રહ્યાં ત્યારે તેમાંથી એક પોતાની બહેનપણીને અને બાકીનાં રસ્તે ચાલનારાઓને આપવાનો તેણે ઠરાવ કર્યો. બીજે દિવસે પોતાની બહેનપણીને મળવા જતાં રસ્તામાં એક ગરીબ છોકરાને માથે ભાર લઇને જતો જોઇને તેણે કહ્યું: "ભાઈ, આ ચોપડી વાંચીશ?" છોકરાએ કહ્યુંઃ "હું વાંચી જાણતો નથી." ત્યારે છોડીએ કહ્યું: "તારા બાપને આપજે; એટલે તે વાંચશે અને તને સમજાવશે." પછી તે છોકરાએ તે ચોપડી લઈ ઘણી સાવચેતીથી પોતાના ગજવામાં મૂકી અને તે છોડીનો ઉપકાર માનીને ચાલતો થયો. તે પછી થોડે દૂર જતાં તે છોડીએ એક ગરીબ માણસને ભીખ માગતો બેઠેલો જોયો. તેણે વિચાર કર્યો કે, એનાં કપડાં બહુજ ફાટેલાં હોવાથી એને તો આત્માના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાકને બદલે શરીરનોજ ખોરાક આપવો જોઇએ. કેમકે તેણે પોતાની મા પાસેથી ઘણીવાર સાંભળ્યું હતું કે; "**જેની પાસે આત્માનો ખોરાક નથી તેને શરીરનો ખોરાક આપવો એ માણસ જાતની ફરજ છે.**" પછી તેણે પોતાના પાકીટમાંથી કેટલાક પૈસા કાઢીને પેલા ગરીબ માણસને આપ્યા. ગરીબે તેનો ઉપકાર માન્યો અને આશીર્વાદ આપ્યો. પછી તે છોડી ઘણીજ ખુશી થતી થતી પોતાની બહેનપણીને ત્યાં ગઇ અને તેને ચોપડી ભેટ આપી. એટલામાં પાસેના ઘરમાંથી બોલાવવા માણસ આવતાં બંને ત્યાં ગયાં. ત્યાં ઘરધણીઆણી સાથે કેટલીક વાતચીત થયા પછી પેલી છોડીએ તેમને પૂછ્યું કે; "તમે ચોપડીઓ વાંચો છો ?" તેણે કહ્યું કે; "હા, મને વાર્તાની ચોપડી ઘણી ગમે છે; પણ હાલ મારી આંખ ખરાબ થવાથી હું વાંચતી નથી. કોઇ વાંચી સંભળાવે છે તો સાંભળું છું." ત્યારે પેલી છોકરી ચોપડી કાઢીને વાંચવા બેઠી. ત્રણેક પાનાં બાકી રહ્યાં એટલામાં દૂધ પીવાનો ઘંટ વાગ્યો. પેલી સ્ત્રીએ કહ્યું કે; "હવે દૂધ પીશું. એ ચોપડી ઘણી સારી છે. હિંદુસ્તાનની વાતોનાં પુસ્તકો વાંચવાં મને ઘણાં ગમે છે; કેમ કે મારો ભાઇ હિંદુસ્તાનમાં છે." ત્યાર પછી તે દૂધ પીતી વખતે ઘણી વાતો થઈ. પછી અંધારૂં થવા આવવાથી રજા લઇને તે છોડીએ પેલી ચોપડી તે બાઇને ભેટ આપી. બાઈએ કહ્યું કે; "આ ચોપડી થોડી બાકી છે તે સાંભળી લીધા પછી મારા ભાઇને મોકલીશ." પછી પેલી છોકરી પોતાને ઘેર જવા નીકળી. રસ્તામાં તે વિચાર કરવા લાગી કે; "મારી નાની ચોપડી કેટલે બધે દૂર જશે ? તે બીજા મુલકમાં જશે અને ત્યાં વંચાશે." આથી છોકરીને ઘણો આનંદ થયો. ઘેર આવ્યા પછી તેની માએ તેને કહ્યું કે આપણે કાલે મારી એક ઓળખીતી ભલી બાઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જઇશું. તેનો વર પણ ઘણોજ સારો છે અને તે આપણા ઉપર ઘણીજ માયા રાખે છે. બીજે દિવસે બપોરે મા દીકરી તે બાઇને ત્યાં ગયાં. છોડીએ જે પુસ્તકો વહેંચેલાં તેમાંનું એક પુસ્તક ત્યાં નાના ટેબલ ઉપર પડેલું જોઇને છોડીની માએ પૂછ્યું: ", આ પુસ્તક ઘણુંજ સારૂં છે ?" તે બાઇએ કહ્યું કે; "હા, આ પુસ્તક મારા છોકરાને કોઇ એક ભલી છોકરીએ રસ્તામાં આપ્યું હતું. તે મારા પતિએ ઘણીવાર વાંચ્યું અને ત્યારથી તેમને ઘણો આરામ થયો છે."

આ વાક્ય સાંભળીને પેલી છોડીને ઘણીજ ખુશાલી ઉપજી. પોતે આપેલી વસ્તુનું ફળ આવું રૂડું થાય તે જાણીને હરકોઇને આનંદ થાય એ સ્વાભાવિકજ છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે "**નિઃસ્વાર્થપણે કરેલા ગમે એવા નાના શુભ કામનું ફળ પણ સારૂંજ થાય છે.**

૫૯—મફત ઇંટો પહોંચાડી દેવળ તૈયાર કરનાર છોકરો.

એક ગામના દેવમંદીરમાં કથા થઇ રહ્યા પછી કથા કહેનારે લોકોને વિનંતિ કરી કે; "આ મંદીર હવે લોકોને ઘણુંજ નાનું પડે છે; માટે તેને મોટું કરવું જોઇએ. એને મોટું કરવું એ તમારા હાથમાં છે. જો તમે બધા થોડી થોડી ઈંટો તથા ચૂનો વગેરે આપશો, તેમજ થોરો થોડો વખત મહેનત કરશો તો તે કામ જરૂર બની જશે અને લોકોને ઘણોજ લાભ થશે." ત્યાં આવેલા એક છોકરાને આ વાત ઘણીજ પસંદ પડી. તે પૈસાદારનો છોકરો નહોતો; પરંતુ ઉપદેશકે કહ્યું હતું કે "જો દરેક માણસ થોડી થોડી ઇંટો અને ચૂનો વગેરે આપે તો તે સહેલથી તૈયાર થશે." એ વાત ઉપર વિચાર કરીને તેણે ધાર્યું કે "હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આમાં મદદ કરી શકું એમ છું. મારે ત્યાં એક રમવાની ગાડી છે તે ગાડી ઇંટો બનાવનારને ત્યાં લઈ જઈને કહીશ કે મને ઇંટો આપો. પછી જે ઇંટો મળશે તે ખેંચી લાવીને ઉપદેશકને આપીશ." આવો નિશ્ચય કરીને બીજે દિવસે તે ઇંટોવાળાને ત્યાં ગયો અને તેને કહ્યું: "ભાઇ! કાલે ઉપદેશકે કહ્યું હતું કે આપણા ગામનું દેવળ ઘણુંજ નાનું છે; માટે તેને મોટું કરવું જોઇએ અને જો દરેક માણસ થોડી થોડી ઇંટો અને ચૂનો પૂરો પાડશે તો તે સહેજે થઇ શકે એમ છે. તેથી મને થોડીક ઇંટો આપો તો હું મારૂં કામ પૂરૂં કરેલું સમજીશ." આ વાત સાંભળીને કુંભાર ઘણોજ ખુશી થયો અને છોકરાની પરોપકાર બુદ્ધિ જોઇને આશ્ચર્ય પામ્યો. પછી તેણે સારી સારી ઇંટો વીણીને તે છોકરાની ગાડી ભરી આપી. છોકરાએ તેને માટે તેનો આભાર માન્યો. પછી તે ગાડી ખેંચતો ખેંચતો ઉપદેશકને ઘેર ગયો અને તેને કહ્યું: "મહારાજ! આ મારો ભાગ લ્યો. કાલે તમે કહ્યું હતું તેથી હું મારો ભાગ લાવ્યો છું." તે છોકરાના આવા બોલ સાંભળીને અને ઇંટો ગાડીમાં ભરી આણેલી જોઇને ઉપદેશક ઘણોજ ખુશી થયો. પછી બીજે દહાડે આ વાત સર્વને કહીને ઉપદેશકે કહ્યું કે; "જેમ એ છોકરે ઇંટો લાવીને પોતાના ફાળા પડતું કામ બજાવ્યું, તેમ તમો સર્વેએ પણ પોતપોતાનો ફાળો આપવો જોઇએ." આ વાત સાંભળી બધાએ મદદ કરી અને જલદીથી મોટું મંદીર તૈયાર થયું. જુઓ, એક નાના છોકરાના **દૃષ્ટાંતથી પણ કેવું મોટું દેવળ બન્યું!** માટે તમે પણ નાનપણમાંથીજ પરોપકારનાં કામ કરતાં શીખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૦–ગરીબ છોકરીના એક રૂપિયાએ લાખો રૂપિયા ખેંચી આણ્યા.

એક શહેરમાં ગરીબ છોકરીઓને ભણાવવા માટે એક બાઇએ નિશાળ કાઢી હતી. ત્યાં ભટકતી તથા ગરીબ છોકરીઓને એકઠી કરીને તે બાઈ તેઓને લખતાં-વાંચતાં તથા ગુંથતાં-ભરતાં શીખવતી હતી. એ છોકરીઓ સવારથી સાંજ સુધી એ બાઇની નિશાળમાં બેસતી અને પછી નિશાળ બંધ થએથી રસ્તામાં ભટકતી ફરતી હતી. કેમકે ઘણી ખરી છોકરીઓને રહેવાનું ઘર નહોતું. તેમાંની એક છોકરી સારૂં લખતી-વાંચતી અને ઉપદેશ પણ ધ્યાન દઇને સાંભળતી હતી. એક દિવસે તે છોકરીને વિચાર આવ્યો કે, "ગરીબ છોકરીઓ રસ્તામાં ગમે ત્યાં ફરે છે તેથી ખરાબ થઇ જાય છે." આવો વિચાર કરીને તેણે જે એક રૂપિયો કામ કરીને બચાવ્યો હતો, તે રૂપિયો કાગળમાં વીંટીને તેના ઉપર લખ્યું કે; '**આ રૂપિયો ગરીબ છોકરીઓને રહેવાનું ઘર બાંધવા માટે આપું છું.**' પછી તે પડીકું તેણે પેલી ભણાવનાર બાઇના હાથમાં મૂક્યું. એ પડીકું જોઇને તથા તેનાપર લખેલું વાંચીને તે બાઈ બહુજ આશ્ચર્ય પામી. પછી તેણે આ વાત લોકોમાં જાહેર કરી અને કહેવા લાગી કે; "આ છોકરીએ આવા પરોપકારી કામની પહેલ કરી છે, તો હવે બીજા ગૃહસ્થોએ મદદ આપીને ગરીબ છોકરીઓને માટે રહેવાનું એક મોટું ઘર બાંધવું જોઇએ." તે બાઇના એવા ઉપદેશથી થોડા દિવસમાં પૂરતા પૈસા ભેગા થયા; અને તે વડે એક મોટું ઘર ગરીબોને રહેવા, ખાવા અને ભણવા માટે બંધાયું. જુઓ, પેલી છોકરીએ ફક્ત એકજ રૂપિયો આપ્યો હતો તે છતાં કેટલું મોટું કામ થયું! **તેના એકજ રૂપિયાએ લાખો રૂપિયા મેળવ્યા. તમે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જો એ પ્રમાણે કરશો તો કોણ જાણે કેવાંએ મોટાં મોટાં કામો કરી શકશો.

૬૧–શેઠના કુટુંબનું પાલન કરનાર ચાકરડી.

એક શહેરમાં મનજી નામનો એક માણસ સાધારણ વેપાર કરીને પોતાનો ગુજારો કરતો હતો. એકવાર વેપારમાં ખોટ જવાથી તેનો વેપાર બંધ પડયો અને તે ઘણા દુઃખમાં આવી પડયો. લાલબાઈ નામની એક ચાકરડી તેના ઘરમાં રહેતી હતી, તેને પણ તેણે રજા આપી; પણ તે ગઈ નહિ અને પગાર લીધાવિનાજ તે નોકરી કરવા લાગી.

થોડાક મહિના એમ ચાલ્યું એટલામાં મનજી માંદો પડીને મરી ગયો. હવે તેની સ્ત્રી અને બે છોકરાંના ભરણપોષણનો કાંઈ પણ આધાર નહોતો. તેઓની હાલત જોઈને પેલી ચાકરડીને બહુજ દયા આવી. તેણે નોકરી કરીને હજારેક રૂપીઆ એકઠા કર્યા હતા તે સર્વે તેણે તેઓના ભરણપોષણને માટે ખર્ચ્યા. એ સિવાય તેના બાપદાદાની જમીનમાંથી તેને દર વર્ષે ૧૦૦ રૂપિયા મળતા હતા; તે પણ તેણે એ અનાથ કુટુંબનું પાલન કરવામાં ખર્ચ્યા. આ દયાવાન ચાકરડીને પોતાની નોકરીમાં રાખવાને ઘણા લોકો ચાહતા હતા; પણ તે એટલોજ જવાબ આપતી કે, "**હું એઓને છોડી જાઉં તો તેમનું ભરણપોષણ અને રક્ષણ કોણ કરે ?**"

થોડા મહિના પછી મનજી શેઠની સ્ત્રી પણ ઘણી માંદી પડી. લાલબાઇએ આગળથીજ આ નિરૂપાય કુટુંબના ભરણપોષણ પાછળ પોતાનું સઘળું ખર્ચી નાંખ્યું હતું. તેથી તેણે આ વખતે પોતાની પાસે જે કંઈ ઘરેણાં લુગડાં વગેરે હતાં તે વેચી નાંખ્યાં. લાલબાઇ દિવસે હવે શેઠાણીની સેવા ચાકરી કરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેનો ખર્ચ પૂરો પાડવા સારૂ રાત્રે ઇસ્પીતાલમાં જઇને રોગીની સેવા કરતી; પરંતુ છેવટે તે સ્ત્રી પણ મરણ પામી.

કેટલાકોએ લાલબાઇને સલાહ આપી કે 'હવે તું આ બન્ને છોકરાંને અનાથાશ્રમમાં મોકલ.' આ સાંભળીને તે ઘણી ગુસ્સે થઈ અને બોલી કે, "હું કદિ પણ **તેઓને મારી પાસેથી વેગળાં કરીશ નહિ.** હું તેઓને મારે ગામ તેડી જઇશ અને તેઓનું સારી રીતે ભરણપોષણ કરીશ." આવું કહીને તે છોકરાંને લઇને પોતાને ગામ ગઈ અને તેમને ઉછેરીને મોટાં કર્યાં.

૬૨–દુઃખી મુસાફરની સેવા કરનાર છોકરો.

એક ગામડાના રસ્તા ઉપર એક લંગડો ખારવો એક દિવસે બેઠો હતો. ગરમી સખ્ત પડતી હતી અને પોતાની ટેકવવાની લાકડી ભાંગી જવાથી તે બિચારાથી ચલાતું નહોતું. રસ્તામાં કોઈ ગાડી મળી જાય તો પોતાને ગામમાં પહોંચાડે એવી આશાથી તે ગાડીની વાટ જોતો બેઠો હતો. તેવામાં ત્યાં એક ગાડી આવી. તેમાં પોતાને બેસાડવા માટે તેણે અરજ કરી, પણ ગાડીવાળાએ ભાડું માગ્યું અને તેને લઈ ગયો નહિ. ઘણીવાર સુધી બીજી પણ કોઈ ગાડી નહિ આવવાથી તે આખરે એક ઝાડની નીચે જઇને સૂતો અને ઉંઘી ગયો. પછી થોડીવારે તે જાગીને જુએ છે તો વરસાદ વરસી રહ્યો છે; અને પોતાના ઉપર કપડાં ઓઢાડેલાં છે તથા એક છોકરો ભાંગેલી લાકડીને દોરી બાંધીને દુરસ્ત કરતો બેઠો છે. આ જોઇને પેલા લંગડાએ તે છોકરાને પૂછ્યું: "હે ભલા છોકરા! તું શા માટે ઉઘાડો બેઠો છે અને મારા ઉપર તારાં કપડાં શા માટે નાખ્યાં છે?" છોકરાએ જવાબ દીધો કે "હું અહીંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતો હતો તેટલામાં તમને વરસાદથી ભીંજાતા જોયા. તમે ભરઉંઘમાં સૂતેલા હતા અને વરસાદથી પલળો તો જાગી ઉઠો અને તમારી ઉંઘ જતી રહે એ મને ઠીક લાગ્યું નહિ; તેમજ તમે બુઢ્ઢા છો તેથી ટાઢ લાગે તો માંદા પડો; તેથી મેં મારો ડગલો ઉતારીને તમારી ઉપર નાખ્યો છે. હું છોકરો છું તેથી હું ઉઘાડો રહી શકું તેમ છું. તમારી લાકડી ભાંગેલી પડેલી જોઇને મારી પાસે દોરી હતી તેથી હું તેને દુરસ્ત કરવા બેઠો છું. તે બંધાઇને તૈયાર થશે એટલે તમે અહીંથી થોડે છેટે ગામ છે ત્યાં મારી જોડે આવશો તો મારા કાકાની પાસે નવી લાકડી છે તે તમને અપાવીશ. તે છોકરાનાં આવાં વચન સાંભળીને પેલા ખારવાને ઘણી અજાયબી ઉપજી અને તેની આંખમાંથી એકાએક આંસુ પડવા લાગ્યાં. તે જોઈને છોકરાએ તેને પૂછ્યું: “શા વાસ્તે તમે રૂવો છો?” આ સાંભળીને લંગડાએ કહ્યું: “મારો છોકરો પણ તારા જેવોજ ભલો હતો અને તારા જેવીજ તેની મધુર વાણી હતી. હું પાંચ વર્ષ થયાં વહાણમાં નોકરી કરવા ગયો હતો. હવે તે છોકરો ક્યાં હશે તે સંભારીને રડું છું.”

આ સાંભળીને પેલા છોકરાએ પૂછ્યું: “તે છોકરાનું નામ શું?” લંગડાએ કહ્યું: “તેનું નામ વિઠ્ઠલ છે અને મારૂં નામ જીવો છે.” નામ સાંભળીને એકદમ તે છોકરો પેલા લંગડાને ભેટી પડયો અને કહેવા લાગ્યો: “હુંજ તમારો વિઠ્ઠલ છું.” પછી તે છોકરો તેને ગામમાં લઈ ગયો અને પોતાના કાકાને સર્વ સમાચાર કહ્યા. બન્ને ભાઇઓ મળ્યા અને ખુશીથી રહેવા લાગ્યા. પછી તરત નવી લાકડી તૈયાર કરાવી અને તે લઇને ખારવો જ્યાં ત્યાં ગામમાં ફરવા લાગ્યો. તેણે પેલી જુની લાકડી જે પોતાના છોકરાએ દુરસ્ત કરી હતી તે જીવતાં સુધી સાચવી રાખી હતી; કારણકે તેજ લાકડીને લીધે છોકરાનો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઇનો ફરી મેળાપ થયો હતો. જુઓ, સારા કામનું કેવું શુભ ફળ મળે છે?

૬૩–માણસોને ડૂબતાં બચાવનાર છોકરો.

એક વખત દરિયામાં ઘણું તોફાન થવાથી તેના કાંઠાથી થોડે દૂર રહી ગએલું એક વહાણ ડૂબી જવાની તૈયારીમાં હતું. તેમાંનાં માણસોને બચાવવા માટે કિનારા ઉપરથી એક હોડી જઈ શકે તેમ હતી; પરંતુ તે ચલાવવાને એક વધુ માણસની જરૂર હતી. કિનારા ઉપર એક છોકરો ઉભો હતો, તેને આ વાત જાણીને દયા ઉપજવાથી તેણે તે હોડીમાં જવાનો વિચાર કર્યો. આ વખતે તેની મા પણ ત્યાંજ ઉભી હતી; તેથી તે છોકરાએ તેને કહ્યું: "**મા ! હું આ હોડીને મદદ આપું ? જો પેલા વહાણનાં માણસો હોડી જલદી જઈ શકે તોજ બચી શકે તેમ છે.**" છોકરાની આ વાત સાંભળીને માને ઘણું લાગી આવ્યું. કેમકે તે છોકરાનો બાપ છ જ મહિના ઉપર હોડીમાં બેસીને દરિયામાં ગયો હતો; અને ત્યાંથી ઘેર નહિ આવવાથી તે મરી ગયો હશે એમ સર્વેએ માન્યું હતું. આ છોકરા સિવાય આ બાઇને બીજો કાંઇ આધાર ન હોવાથી તેણે વિચાર કર્યો કે, "જો છોકરાને પણ કાંઈ થયું તો મારૂં ભરણપોષણ કરનાર કોઈ નહિ રહે." તે બાઇ આમ વિચાર કરે છે એટલામાં તેની નજર પણ પેલા વહાણ ઉપર ગઈ અને જુએ છે તો તેમાંનાં માણસો આતુરતાથી હોડીની વાટ જુએ છે; અને વહાણમાં પાણી વધારે ને વધારે ભરાતું જાય છે. તેથી તેણે વિચાર કર્યો કે; "આ બધાં માણસોનાં ઘર પણ ઘણે દૂર હશે; અને તેમનાં સર્વનાં કેટલાં બધાં સગાંવહાલાં, સ્ત્રીઓ, છોકરાં, માબાપ અને બહેનોને નુકસાન પહોંચશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો છોકરો હોડી ડૂબ્યાથી મરી જશે તો ફક્ત મનેજ નુકસાન થશે અને હું ગમે તે રીતે મારો ગુજારો કરી શકીશ; માટે આટલાં બધાં માણસોનાં સગાંવહાલાંને નુકસાન થાય તેના કરતાં મને એકલીનેજ થોડું નુકસાન થાય તો ભલે થાય. આમ વિચાર કરીને તેણે છોકરાને કહ્યું કે " મારા બેટા! ભલે તું જા. પરમેશ્વર તને સહીસલામત રાખો." પછી તે છોકરો હોડીમાં બેઠો અને થોડીવારમાં તે ડૂબતા વહાણ પાસે હોડી પહોંચી જવાથી તેમાંનાં સર્વ માણસો બચી ગયાં. દૈવજોગે આજ વહાણમાં પેલા છોકરાનો બાપ પણ હતો. પેલા છોકરાએ અને તેની સાથેના હોડીમાંના ખારવાએ તેને ઓળખ્યો અને તેને પૂછ્યું કે; "આટલા દિવસ સુધી તમે ક્યાં હતા? અમે સર્વેએ તો એમજ ધાર્યું હતું કે તમે મરી ગયા હશો." તેના ઉત્તરમાં છોકરાના બાપે કહ્યું કે "દરિયામાં મોટું તોફાન થવાથી મારી હોડી ઉંધી વળી ગઈ; પણ એટલામાંજ એક પાટીયું હાથ આવતાં તેનો આધાર પકડીને હું તરવા લાગ્યો. એ વેળાએ દૂર એક વહાણ જતું હતું, તેમાંનાં માણસોએ મને જોયો અને તેમણે મને લઇ લીધો. તે વહાણ આફ્રિકા પહોંચ્યું અને ત્યાંથી આ વહાણ નિકળ્યું તેમાં બેસીને હું તમારી તરફ આવતો હતો. એટલામાં વળી પાછું તોફાન થયું અને તમે આ હોડી લઇને આવ્યા." પછી તે પોતાના છોકરાની જોડે ઘેર ગયો. છોકરાએ માને કહ્યું: "જો મા, તેં મને હોડીમાં જવાની રજા આપી તો મારા બાપ પણ બચી ગયા." પેલી બાઇ તો પોતાના સ્વામીને જોઇને બહુજ આશ્ચર્ય પામી અને ઇશ્વરનો ઉપકાર માનવા લાગી. જુઓ, તે છોકરો બીજાં માણસોના જીવ બચાવવા માટે ગયો હતો, તેનું તેને પોતાને પણ કેવું ઉત્તમ ફળ મળ્યું? **સારૂં કરનારનું ઈશ્વર સારૂંજ કરે છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૪–પોતાનું વચન પાળી બીજાને સુધારનારો છોકરો.

એક ખલાસીનો છોકરો એક વહાણ ઉપર નોકરી કરતો હતો. તે વહાણના બધા ખલાસીઓ દારૂ પીતા; પણ તે છોકરો દારૂ પીતો નહોતો. એક દિવસ વહાણનો ઉપરી તેના ઉપર ખુશ થયો અને તેને એક સારી જાતનો દારૂ પીવા આપ્યો; પણ છોકરાએ તેની ચોકખી ના કહી. ઉપરીએ કહ્યું: “ તું મારો હુકમ કેમ માનતો નથી ? નહિ માને તો બંધીખાનામાં મોકલીશ. છોકરાએ કહ્યું કે; “ આપનો હુકમ તોડવા હું ચહાતો નથી, પણ દારૂને લીધેજ મારે તેમ કરવું પડે છે. ” પછી ઉપરીએ ડોળા કાઢીને કહ્યું: “ જો તું આ દારૂનો પ્યાલો નહિ પીએ તો હમણાંને હમણાં તને બેડી નંખાવીશ અને કિનારે જઇને ફરિયાદ કરીશ કે આ છોકરો મારો હુકમ માનતો નથી.” ઉપરીના આવા શબ્દો સાંભળીને પેલો છોકરો રોતો રોતો કહેવા લાગ્યો કે; “ હું **તમારો હુકમ તોડું છું તેનું કારણ એ છે કે મેં મારી માને દારૂ નહિ પીવાનું વચન આપ્યું છે.** મારો બાપ દારૂ પીવાની ટેવથી મરી ગયેલો હોવાથી મારી માએ મારી પાસે દારૂ નહિ પીવાનું પણ લેવડાવ્યું છે. ”

છોકરાનો આવો જવાબ સાંભળીને ઉપરી આશ્ચર્ય પામ્યો અને બોલ્યો: “છોકરા ! તું ખરો છે. હું તારો ટેક જોઇને ઘણોજ ખુશ થયો છું. સર્વ કોઇ તારા જેવા થાય એવું હું ચાહું છું. **દારૂ એ ઝેર છે તે બધા જાણે છે; પણ આદત છોડાતી નથી. તેં મને ઉપદેશ આપ્યો માટે હવે હું પણ આજથી દારૂ પીવો છોડું છું.** ” એમ કહીને પોતાની પાસે જેટલી દારૂની બાટલીઓ હતી તે બધી તે ઉપરીએ દરિયામાં ફેંકી દીધી. **જુઓ, તે છોકરાએ હિંમતથી પોતાનું વચન પાળ્યું તો આખરે તેનો**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જય થયો; એટલુંજ નહિ પણ ઉપરીએ પણ દારૂનું વ્યસન છોડ્યું. તમે પણ હિંમત રાખીને સારાં સારાં કામ કરશો તો તેથી તમારૂં તેમજ બીજાઓનું પણ ભલું થયા વિના રહેનાર નથી.

૬૫–અનેક વહાણોને બચાવનારી નાની છોકરી.

એક દીવાદાંડી ઉપર દીવો સળગાવવા તથા ફાનસ સાફ રાખવા માટે એક ખારવો રહેતો હતો; અને તેની સાથે તેની સ્ત્રી અને એક નાની છોકરી પણ રહેતાં હતાં. બાપે પોતાની દીકરીને એક વેળાએ સમજાવ્યું હતું કે, “ આ દીવાદાંડીના દીવાને લીધે ઘણાં માણસો બચ્યાં છે. અહીં ઘણા ખરાબા છે તેથી વહાણવાળા આઘેથી આપણા ફાનસનો દીવો જોઇને છેટેથીજ બીજી તરફ વહાણ હાંકે છે.

એક દિવસે ખારવો અને તેની સ્ત્રી હોડીમાં બેસીને કિનારાપરના ગામમાં કંઈ લેવા ગયાં હતાં; અને છોકરીજ એકલી દીવાદાંડીમાં રહી હતી. એ પછી દરિયામાં તોફાન થયું અને તોફાનમાં હોડી ચલાવે તો ડૂબી જાય એમ લાગવાથી તે છોડીનાં માબાપ પાછાં ન આવતાં કિનારેજ રહી ગયાં. રાત પડેલી જોઇને છોકરીએ વિચાર કર્યો કે; “ ઘણાંએ વહાણ દરિયામાં આ તરફ પણ આવવાનાં હશેજ; માટે જો દીવાદાંડી ઉપર દીવો નહિ થાય તો તેમાંનાં કેટલાંય વહાણો ખરાબા સાથે અથડાઇને ભાંગશે અને કેટલાંય માણસો મરણ પામશે. **માટે હું અહીં છુંજ, તો જરૂર મારે તેમને દુઃખમાંથી બચાવવાં જોઇએ** ” આમ વિચાર કરીને તે છોડી તરતજ દીવો સળગાવવા દીવાદાંડી ઉપર ગઇ; પણ ત્યાં તેનો હાથ પહોંચ્યો નહિ; તેથી ખુરશી લઇને તેના ઉપર ચઢી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પવન ઘણાજ જોરથી ફુંકાતો હોવાથી તેણે ધીરે રહીને ફાનસ સળગાવ્યું. આ નાની છોડીએ આ પ્રમાણે અક્કલ પહોંચાડવાથી અને કાળજી રાખવાથી આજે ઘણાં વહાણો ખરાબે અથડાતાં બચ્યાં. છોકરીનો બાપ કિનારા ઉપર રાત પડતાં વિચાર કરતો હતો કે; “ મેં મારી ફરજ બજાવી નથી; માટે આજે ઘણાંક વહાણો અથડાઇને ભાંગી જશે અને ઘણાં માણસો મરી જશે. પણ હવે શું કરવું ? ” એ પ્રમાણે તે વિચાર અને અફસોસ કરતો હતો; એવામાંજ એકાએક દીવાદાંડી ઉપર દીવો જોઇને તે બહુજ આશ્ચર્ય પામ્યો અને ઇશ્વરને ધન્યવાદ આપવા લાગ્યો. છોકરીએ આખી રાત દીવામાં તેલ નાખ્યા કર્યું. પછી બીજે દિવસે તેનાં માબાપ આવ્યાં અને તેના ઉપર ઘણાંજ ખુશી થયાં. જુઓ, છોકરીમાં કંઇ ભારે શકિત નહોતી, તે છતાં તેણે પોતાથી બન્યું તેટલું કરીને પણ દીવો સળગાવ્યો અને માણસોને મરતાં બચાવ્યાં. **વખતસરના નાના કામથી પણ બીજાઓનું કેટલું ભલું કરી શકાય છે !**

૬૬–અનેક માણસોને બચાવનાર પરોપકારી છોકરી.

એક દીવાદાંડીમાં એક વૃદ્ધ માણસ પોતાની સ્ત્રી અને એક જુવાન છોકરી સાથે રહેતો હતો. એક વેળાએ દરિયામાં મોટું તોફાન થયું. તે વખતે છોકરી દીવાદાંડી ઉપર ચઢીને દરિયાની મોજ જોતી હતી. દૂર એક વહાણ ડૂબવાની અણી ઉપર આવેલું અને તેમાંનાં માણસો ગભરાટમાં પડેલાં તે છોડીને દેખાયાં.

આવું જોઇને તે છોકરી ઘણો બળાપો કરવા લાગી અને તેઓને બચાવવાનો વિચાર કરવા લાગી. તે પોતાની જોવાની મોજ મૂકી દઇને તરતજ પોતાના બાપની પાસે ગઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેને કહ્યું કે; "થોડે છેટે એક વહાણ ભાંગવાની તૈયારીમાં છે. જો તેમાંનાં માણસોને બચાવો તો ઘણુંજ સારૂં." બાપે કહ્યું: બેટી! આજે તોફાન બહુ હોવાથી જો હું હોડી દરિયામાં મૂકું તો હું પણ ડૂબી જાઉં એવું છે. વળી હું હવે વૃદ્ધ થયો છું તેથી પણ મારાથી જવાય એમ નથી." આવું સાંભળીને છોકરીએ કહ્યું: "હું તમને મદદ કરીશ ચાલો આપણે બેઉ થઇને તેઓને બચાવીએ. હું હલેસાં પણ મારીશ અને બીજું પણ કામ કરીશ. ફક્ત તમે સુકાન જાળવજો એટલે થયું." આ સાંભળીને તેના બાપે કહ્યું: અંધારામાં જઈશું તો ઉલટાં આપણે પણ ડૂબી મરીશું." છોકરીએ કહ્યું: "નહિ બાપાજી! મારી ખાતરી છે કે આપણે તેઓને જરૂર બચાવીશું." છોકરીનાં આવાં વચન સાંભળીને પેલા ખારવાને પણ દયા આવી અને તેણે દરિયામાં હોડી ઉતારી. તે છોકરી તે હોડીમાં બેસીને હલેસાં મારતી મારતી વહાણ આગળ પહોંચી ગઈ અને વહાણમાંનાં બધાં માણસોને સહીસલામત દીવાદાંડીમાં લઇ આવી. એના બાપમાં વધારે શક્તિ ન હતી તેથી તેણે માત્ર સુકાન સંભાળવાનુંજ કામ બજાવ્યું હતું. જુઓ, આ છોકરીની કેવી પરોપકાર બુદ્ધિ!

૬૭–સાચા બોલો ડાહ્યો.

ડાહ્યો કરીને એક નાનો છોકરો હતો. તેને નિશાળના બધા છોકરા "પ્રમાણિક ડાહ્યો" કહીને બોલાવતા હતા; કારણકે તે હમેશાં સાચુંજ બોલતો હતો. એક દિવસે એ ડાહ્યો નિશાળના ચોગાનમાં એક નાની કોદાળી લઇને રમતો હતો અને તેને જ્યાં ત્યાં ફેંકતો હતો. ફેંકતાં ફેંકતાં એક બિલાડીના બચ્ચાને તે વાગી અને બચ્ચું મરવા જેવું થઇ ગયું. ડાહ્યો આવું જોઇને ઘણોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફસોસ કરવા લાગ્યો અને રોવા લાગ્યો; કારણ કે તે બિલાડીનું બચ્ચું મહેતાજીને ઘણુંજ વહાલું હતું અને નિશાળમાં મહેતાજીની પાસેજ તે બેસી રહેતું હતું. મહેતાજી જ્યારે પાઠ લેતા ત્યારે પણ તેને હાથવડે પંપાળતા અને છોકરાઓ પણ વખતોવખત તેને રમાડતા હતા. એ પ્રમાણે તે બિલાડીનું બચ્ચું બધાને વહાલું હતું. ડાહ્યાને રડતો જોઇને બીજા છોકરા તેને સમજાવવા લાગ્યા અને કાનમાં કહેવા લાગ્યા કે; "તું કહેજે કે પેલા ખાટકીએ મારી નાંખ્યું; એટલે તને કાંઈ પણ થશે નહિ." ડાહ્યાએ આ સલાહ માની નહિ અને તે બિલાડીના બચ્ચાને હાથમાં લઇને નિશાળમાં ગયો. મહેતાજીએ તેને જોઇને કહ્યું: "આ શું ? મારી વહાલી ટાપસીને કોણે મારી નાંખી." ત્યારે ડાહ્યાએ કહ્યું: "સાહેબ ! હું ઘણોજ દિલગીર છું કે તે મારાથી અજાણે મરી ગયું. મેં કુહાડી લાકડા ઉપર ફેંકી પણ ત્યાં નહિ જતાં બચ્ચાના માથા ઉપર પડી અને તેથી તે મરી ગયું. મેં આપનો ગુનો કર્યો છે" એ સાંભળીને મહેતાજીએ કહ્યું: "તું સાચો અને બહાદૂર છોકરો છે; તેથી હું એટલો બધો ખુશી થયો છું કે મારી સો બિલાડી મરી હોત તોપણ મને તે દાખવે નહિ. તેં જે ખરૂં કહ્યું છે તેની કિંમત સો બિલાડી કરતાં પણ વધારે છે. બીજા છોકરા તને જૂઠું બોલવાને સમજાવતા હતા તે મેં બારીમાંથી જોયું હતું. તેં ખરેખરૂં કહેવામાં જે બહાદૂરી બતાવી છે તેને માટે આ ચાકુ તને ઇનામમાં આપું છું." આમ કહીને એક સારૂં ચાકુ ટેબલના ખાનામાંથી કાઢીને તેને આપતી વેળાએ મહેતાજીએ કહ્યું: "બીજા છોકરાની સલાહ પ્રમાણે તું ચાલ્યો હોત તો હું ઘણોજ નાખુશ થાત; એટલુંજ નહિ પણ પરમેશ્વર પણ નાખુશ થાત. જો તું સાચું બોલ્યો તો તને આ ઈનામ મળ્યું. બધાએ તારી પેઠેજ વર્તવું જોઇએ." કહેવત છે કે "સાચને આંચ નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૮–એક પ્રમાણિક ગરીબ છોકરો.

વિલાયતમાં શિયાળામાં ઘણીજ ટાઢ પડે છે અને રસ્તામાં બરફ પડે છે. ત્યાં ગરીબોને રહેવાને તેમજ ગરીબ છોકરાઓને રહેવાને મકાન હોતાં નથી. કારણ કે તેનું ભાડું ઘણું પડે છે. લંડનમાં એવા ગરીબો ઠેકાણે ઠેકાણે દીવાસળીઓની પેટી વગેરે જુજ કિંમતની વસ્તુઓ વેચીને પોતાનું ગુજરાન કરે છે.

એક વેળાએ એક ગરીબનો છોકરો દીવાસળીની પેટી લઇને એક વીશી પાસે ઉભો હતો. તેનાં કપડાં ફાટી ગયેલાં હોવાથી તેમજ પગમાં બુટ ન હોવાથી તે ટાઢથી ધ્રુજતો હતો. એ વખતે બે માણસો તે રસ્તેથી જતા હતા. તેમને તેણે પૂછ્યું કે; “ સાહેબ ! દીવાસળી ખરીદશો ? ” તેમણે કહ્યું: ‘ નહિ. ’ પછી છોકરાએ કહ્યું: “ ફક્ત એક પેનીનીજ કિંમત છે. ” પેલા ગૃહસ્થમાંના એકે કહ્યું: “ મને જરૂર નથી. ” છોકરાએ કહ્યું: “ એક પેનીની બે આપીશ, લ્યો. ” તે વેળાએ એકે કહ્યું: ‘ લાવ ’ એમ કહીને એક પેની ખીસ્સામાંથી કાઢવા ગયો પણ પેની મળી નહિ; ત્યારે તેણે કહ્યું કે; “ મારી પાસે છુટું નથી, માટે કાલે લઇશ. ” છોકરાએ કહ્યું: “સાહેબ આજજ લ્યો; કારણ કે મને ખાવાને કંઇજ નથી. હું છુટા પૈસા લઇ આવું છું. ” આ સાંભળીને પેલા ગૃહસ્થે તેને એક શિલિંગ આપ્યો. તે છોકરો શિલિંગ વટાવવા ગયો; પણ ઘણીવાર સુધી પાછો આવ્યો નહિ. તેથી છોકરો શિલિંગ લઇને ચાલ્યો ગયો હશે એવું ધારીને એ ગૃહસ્થ પોતાને ઘેર ગયો. બીજે દિવસે તે લત્તા ઉપર ફરીથી આવ્યો અને પેલા છોકરાની શોધ કરવા લાગ્યો; એટલામાં તે છોકરાનો નાનો ભાઇ મળ્યો. તેણે કહ્યું કે; “ શું કાલે રાત્રે તમે મારા ભાઇ પાસેથી દીવાસળીની પેટી ખરીદી હતી ? ” તેણે કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" હા, તે ક્યાં છે ? " પેલા નાના છોકરાએ કહ્યું કે; " આપની પાસેથી એક શિલિંગ લઇને વટાવ્યા પછી તે પાછો આવતો હતો, એટલામાં ગાડીની અડફટમાં આવી જવાથી તેને બહુજ વાગ્યું છે અને દીવાસળીની પેટી તેમજ આપની સાત પેન્સ પણ જતી રહી છે. ચાર પેન્સ એમાંથી જડી છે તે આ રહી. તેને દવાખાનામાં લઇ ગયા છે. મને ખબર પડતાં હું ત્યાં ગયો ત્યારે તેણે આપના પૈસાની વાત કહી. મને તેણે આપને શોધીને આ પૈસા આપવાનું કહ્યું છે. " પછી પેલા ગૃહસ્થે પૂછ્યું કે; " તેં ખાધું છે ? " તેણે કહ્યું: " નહિ. " પછી પેલા છોકરાને ખવરાવીને તે દવાખાનામાં ગયો. ત્યાં પેલો છોકરો ખાટલા ઉપર સૂતો હતો. તેણે એ ગૃહસ્થને ઓળખીને કહ્યું કે; " કાલ રાત્રે હું શિલિંગ વટાવીને આવતો હતો તે વેળાએ ગાડીની અડફટમાં હું આવી ગયો અને આપના પૈસા પડી ગયા. જે કંઇ બચ્યા છે તે મારા ભાઇને આપને પહોંચાડવાને કહ્યું હતું, તે મળ્યા હશે. " આટલું કહીને તેણે પોતાના ભાઈને કહ્યું કે; " હું હવે જાઉં છું. હવે તારી કોણ ખબર લેશે ? આપણાં માબાપ મરી ગયા પછી મારાથી બનતી મહેનત કરીને તારી સંભાળ રાખી. હવે ઇશ્વર તારી સંભાળ રાખશે. " આ સાંભળીને પેલા ગૃહસ્થે તેના ભાઈનું પાલન પોષણ કરવાનું પોતાને માથે લીધું. બીમાર છોકરાએ એ વાતથી બહુ રાજી થઇ પ્રભુ પાસે દુઆ માગી શરીર છોડ્યું.

૬૯—એક છોકરીનો ઈશ્વર ઉપર વિશ્વાસ.

એક શહેરમાં એક મંદીર હતું. તે મંદીરથી થોડે છેટે એક માણસ પોતાના કુટુમ્બની સાથે રહેતો હતો. તેની એક નાની ઉમ્મરની દીકરી હતી. તે છોકરી આરતી વખતે દરરોજ તે મંદિરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતી અને ત્યાં જે કંઈ ઉપદેશ અપાતો તે ધ્યાન દઈને સાંભળતી. આવી રીતે ત્રણ ચાર વર્ષ નીકળી ગયાં. છોકરીને ઈશ્વરના પ્રેમમાં મગ્ન થઈને આવી રીતે નિયમસર મંદીરમાં જતી જોઇ તેનાં માબાપ બહુ ગુસ્સે થવા લાગ્યાં અને તેને મારવા લાગ્યાં. પરંતુ જેમ જેમ માબાપો તેના ઉપર જુલમ ગુજારવા લાગ્યાં તેમ તેમ ઉલટો તેનો વિશ્વાસ વધારે મજબૂત થવા લાગ્યો; તેના આત્માનું બળ વધતું ચાલ્યું અને તે એક દિવસ પણ મંદીરમાં જતી અટકી નહિ.

છોકરીને પોતાનું કહેવું નહિ ગણકારતી જોઇને એક દિવસ તેનો પિતા ગુસ્સાથી બોલ્યો કે; "હવેથી જો તું મંદીરમાં જઇશ તો તને ઘરમાંથીજ હાંકી કાઢીશ." પણ જે કોઇ ઈશ્વરને મદદગાર માને તે શું એમ ડરી જાય? છોકરીએ તરતજ જવાબ આપ્યો કે; "તમે મારો ત્યાગ કરશો, પણ જે ભગવાન પિતાનો પિતા અને માતાની માતા છે તે તો મને આશરો આપશેજ. જે સર્વનો આધાર અને દયાનો સાગર છે તેની ભક્તિનો તો કદિ પણ હું ત્યાગ કરીશ નહિ." કન્યાનાં આ વાક્યો સાંભળીને તેનો પિતા તેના કહેવાનો ખરો અર્થ સમજ્યો અને કન્યાને કહેવા લાગ્યો કે; "બેટા! હવેથી હું તારા રૂડા કામમાં આડો આવીશ નહિ. સુખેથી તું રોજ મંદીરમાં જઇને તારા આત્માનું કલ્યાણ કરજે." વળી ત્યારથી તે પોતે પણ મંદીરમાં જવા લાગ્યો અને તેનું જોઇને તેનું બધુંજ કુટુંબ ભક્તિમાન તથા સુખી થયું.

આ દાખલાનો સાર એ છે કે, છોકરાં પણ જો પોતાની સાચી બાબતને ન છોડે અને માબાપને પોતાની ખરી હકીકત સમજાવે, તો માબાપ છેવટે છોકરાંની વાત માને છે અને સુધરી જાય છે.

સમાપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલાયતી, ફ્રેંચ અને અમેરીકન તીજોરી તથા

ગોદરેજની ગામઠી તીજોરી.

શેઠ હરગોવનદાસ જમનાદાસ રામજીએ તીજોરીઓ ખરીદ કરવા પહેલાં તપાસ કરી તેનું પરિણામ

મેસર્સ ગોદરેજ અને બોઇસ, મુંબઈ.

જત મારા તથા મારા સ્નેહી માટે ચારથી પાંચ ત્રીજોરી ખરીદ કરવાની હતી તેથી તમોને મારા ઘર આગળ બોલાવ્યા હતા. તમો મને મલવા આવેલા પણ તમારો મારી સાથે મેળાપ થએલો નહી. તે દરમ્યાન મુળજી જેઠા મારકીટમાં આગ લાગી અને તે આગથી તમારી ત્રીજોરીમાંનો કેટલોક માલ બળી ગયેલો માલમ પડયો તેથી તમારી ત્રીજોરી લેવા વીચાર માંડી વાળ્યો. જેથી હમોએ વીચાર કરી અમારા સ્નેહીની ઓફીસ મારફત અમેરીકા, ફ્રાન્સ અને ઈંગ્લાંડના ત્રીજોરીવાળાના કેટલોગો તથા ફાયરપ્રુફ તથા બર્ગલરપ્રુફ ત્રીજોરીની હકીકતો મંગાવી અને તે વાંચ્યા બાદ હું તથા મારા સ્નેહી મિત્ર એવા નિર્ણય ઉપર આવ્યા કે તમારી ત્રીજોરી ખરીદ કરવી એ વધારે સારૂં છે. તે ઉપરથી મારે માટે બે તથા મારા સ્નેહી માટે બે મળી ચાર ત્રીજોરી બનાવવાનો તમને ઓર્ડર આપેલો છે. જે તૈયાર થયે મારા બીજા સ્નેહીનો વધુ ઓર્ડર આપવા વિચાર છે.

લી૦ હરગોવનદાસ જમનાદાસ રામજી.

ગોદરેજનું કારખાનું

પરેલ મુંબઈ. ૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારાં બાળકોનાં મનપર ઉમદા વિચારોની છાપ પાડીને તેમને
સદ્ગુણી, બુદ્ધિમાન અને આજ્ઞાંકિત બનાવવા માટે

બાલ ગ્રંથાવલિનાં ઉત્તમ પુસ્તકો.

સદ્ગુણી બાળકો.

બાળકોએ પ્રાણુ જાતે પણ માતૃભક્તિ, પિતૃભક્તિ, ભ્રાતૃભક્તિ, પરોપકાર, સત્ય, વગેરે સદ્ગુણ દર્શાવી આપ્યાના અનેક ખરા બનેલા અસરકારક દાખલાઓનો સંગ્રહ.

બાલકોની વાતો.

સ્વદેશ પ્રેમ, દેશની દશા, ફરજ, ધર્મ, પરોપકાર વગેરે બાબતોના રસિક વાતચિત રૂપે અનેક અસરકારક પાઠ આમાં છે.

બાલ સદ્બોધ.

મહાભારત, રામાયણ, ભાગવત ઇ. માંથી બોધદાયક અનેક પ્રસંગો, વાર્તાઓ અને દ્રષ્ટાંતો સહિત ઉત્તમ ધાર્મિક શિક્ષણ.

સુબોધક નીતિકથા.

જુદા જુદા પ્રાણી-પદાર્થોને લાગુ પાડીને મોટાં બાળકો માટે રચેલી પુષ્કળ નાની નાની, રમુજી અને બોધદાયક વાર્તાઓ.

વધુ હકીકત માટે તથા આ ખાતાનાં બીજાં પુષ્કળ ઉત્તમ પુસ્તકો માટે ૦) ના ની ટીકીટ બીડી સુચીપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ.

મુંબઇનું ઠેકાણું: કાલબાદેવી રોડ,
હાથી બિલ્ડીંગમાં ત્રીજે દાદરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar